એડવાન્સમાં હેપ્પી દશેરા

# ગુજરાત વંદન

RNI No. GUJGUJ/2016/68288 | સાપ્તાહિક | Follow us | gujaratvandan.com

રવિવાર, 22 ઓક્ટોબર 2023 | આસો સુદ-8, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 24 | કુલ પાનાં : 12

## અનેક અવરોધો-પડકારોને પાર કરીને ક્રૂ મોડ્યુલનું બંગાળની ખાડીમાં સફળ લેન્ડિંગ

## ગગનયાનની ક્રૂ એસ્કેપ સિસ્ટમનું સફળ ટેસ્ટિંગ

# ભારતે અંતરિક્ષ ક્ષેત્રે વધુ એક ઈતિહાસ રચ્યો

■ હવે ભારતની પ્રથમ સમાનવ અંતરિક્ષ ઉડાન 2025માં થવાની સંભાવના

ગુજરાત | વંદન



દેશની અંતરિક્ષ સંસ્થા ઈસરોના મુગટમાં વધુ એક મોરપીંછનો ઉમેરો થયો છે. ચંદ્રયાન 3ની સફળતા બાદ હવે ભવિષ્યમાં ભારતીયને અંતરિક્ષમાં મોકલવા માટેના ગગનયાન પરિક્ષણમાં પણ સફળતા મેળવીને સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ અંગે ઈસરોની અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઈસરો દ્નારા જોકે, આજે સવારે એક તબક્કે ગગનયાનનું પરિક્ષણ મોકૂફ રખાયાની જાહેરાત બાદ થોડા કલાકો બાદ તરત જ ફરીથી પરિક્ષણ હાથ ધરાયું અને ક્રૂ મોડ્યુલ સડસડાટ આકાશભણી જવા રવાના થયું હતું અને ગણતરીની મિનિટો બાગ બંગાળની ખાડીમાં ખાસ પ્રકારના પેરાશૂટ દ્વારા સફળ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. TV-D1ના સફળ પરીક્ષણ પછી ISRO વધુ ત્રણ પરીક્ષણ ફ્લાઈટ્સ D2, D3 અને D4 મોકલશે. આવતા વર્ષની શરૂઆતમાં ગગનયાન પ્રથમ માનવરહિત મિશન પ્લાન એટલે કે હ્યુમનૉઈડ રોબોટ (વ્યોમિત્ર) મોકલશે. જ્યારે સફળ થાય ત્યારે ભારતની પ્રથમ માનવ અવકાશ ઉડાન 2025 માં થવાની સંભાવના છે.

તમામ અવરોધો અને પડકારોને પાર કરીને ઈસરોએ ગગનયાન મિશનની પ્રથમ ટેસ્ટ ફ્લાઈટ શરૂ કરીને ઈતિહાસ રચ્યો છે. ISROએ રવિવારે સવારે 10 વાગ્યે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી ગગનયાનના ક્રૂ મોડ્યુલને સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. તેને ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-1 અને ટેસ્ટ વ્હીકલ ડેવલપમેન્ટ ફ્લાયન્ટ (ટીવી-ડી1) પણ કહેવામાં આવે છે.

ISRO ચીફ એસ સોમનાથે કહ્યું કે મને એ જણાવતા આનંદ થાય છે કે TV-DV1 (ક્રુ મોડ્યુલ) મિશન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. તેમણે આ સફળતા માટે ઈસરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. પરીક્ષણ વાહન પોતાની સાથે અવકાશયાત્રી માટે બનાવવામાં આવેલ ક્રૂ મોડ્યુલ લઈ ગયું. રોકેટ ક્રૂ મોડ્યુલને લઈને સાડા સોળ કિલોમીટર સુધી જશે અને પછી બંગાળની ખાડીમાં ઉતરશે. અગાઉ શનિવારે પરીક્ષણ મિશન સવારે 8 વાગ્યે શરૂ થવાનું હતું. પરંતુ લોન્ચિંગ પહેલા એન્જિન યોગ્ય રીતે કામ કરી શક્યા ન હતા જેના કારણે લોન્ચિંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશ(ઈસરો)એ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સવારે 10 વાગ્યે ગગનયાન મિશનના ટેસ્ટ વ્હીકલને સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. તેને ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-1 (TV-D1) નામ આપવામાં આવ્યું હતું. સરળ ભાષામાં કહીએ તો, મિશન દરમિયાન રોકેટમાં કોઈ ખામી સર્જાય તો, તેમાં અંદર રહેલા અંતરિક્ષયાત્રીને સુરક્ષિત રીતે પૃથ્વી પર લાવવાની સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

### આ છે ગગનયાન મિશનનું લક્ષ્ય

ગગનયાન મિશનનો ઉદ્દેશ્ય 2025માં ત્રણ દિવસના મિશનમાં 400 કિલોમીટરની ઉંચાઈએ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં માનવોને મોકલવાનો અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવાનો છે. ભારતીય અવકાશયાત્રીઓ એટલે કે ગગનૌટ્સ ક્રૂ મોડ્યુલની અંદર બેસીને 400 કિલોમીટરની ઉંચાઈએ ઓછી ભ્રમણકક્ષામાં પૃથ્વીની આસપાસ ફરશે. ISRO તેના ટેસ્ટ વ્હીકલ - ડેમોન્સ્ટ્રેશન (TV-D1), સિંગલ સ્ટેજ લિક્વિડ પ્રોપલ્શન રોકેટના સફળ પ્રક્ષેપણનો પ્રયાસ કરશે. ક્રૂ મોડ્યુલ સાથેનું આ પરીક્ષણ વાહન મિશન એકંદર ગગનયાન કાર્યક્રમ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

**ગગનયાન મિશનનું બજેટ** | ગગનયાન મિશન માટે લગભગ 9023 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ગગનયાન મિશન ભારતનું પ્રથમ માનવ અવકાશ મિશન છે જે ત્રણ દિવસ સુધી ચાલશે. જેમાં 3 સભ્યોની ટીમને પૃથ્વીની કક્ષામાં મોકલવામાં આવશે. આ પછી ક્રૂ મોડ્યુલને દરિયામાં સુરક્ષિત રીતે ઉતારવામાં આવશે.

**મિશનની સફળતા બાદ ભારત વિશ્વનો ચોથો દેશ બનશે** | જો ભારતનું ગગનયાન મિશન સફળ થશે તો ભારતીય અવકાશયાત્રીઓને અવકાશના વાતાવરણને સમજવાની તક મળશે. આ મિશન દેશને અવકાશ સંશોધન ક્ષેત્રે તેના તકનીકી વિકાસમાં પણ સારી દિશા આપશે. મિશનની સફળતા બાદ ભારત અમેરિકા, ચીન અને રશિયા પછી આવું કરનાર ચોથો દેશ બની જશે.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રમ્પની સામે હવે ભારતીય મૂળનાં નિક્કી હેલી પ્રબળ દાવેદાર



અમેરિકામાં વિપક્ષ પાર્ટી રિપબ્લિકનમાં રાષ્ટ્રપતિપદની દાવેદારીમાં ભારતવંશી નિક્કી હેલી ઝડપથી આગળ વધી રહ્યા છે. હાલની બે ડિબેટ બાદ તેઓ રિપબ્લિકની પ્રાઈમરીમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સામે મુખ્ય હરીફ બનીને ઉભરી રહ્યા છે. ટ્રમ્પને ન્યૂ હેમ્પશાયર અને સાઉથ કેરોલિનાની બે શરૂઆતી દાવેદારીમાં લીડ મળેલી છે. અહીં હેલી બીજા સ્થાને છે. તેમને ફ્લોરિડાના ગવર્નર રોન ડેસેન્ટિસ કરતા પણ ખુબ આગળ દર્શાવવામાં આવ્યા છે. એક નવા સર્વેક્ષણમાં હેલી એકમાત્ર રિપબ્લિકન ઉમેદવાર છે જે ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ જો બાઈડેનની સાથે કાલ્પનિક સ્પર્ધામાં આગળ છે. હેલીને 49 ટકા મત મળ્યા છે. જ્યારે બાઈડેનને 43 ટકા મત મળ્યા છે. ટ્રમ્પ સહિત અન્ય તમામ મુખ્ય રિપબ્લિકન ઉમેદવાર પણ બાઈડેનની સામે ગળાકાપ સ્પર્ધામાં મેદાનમાં છે.

### હમાસે પહેલીવાર 2 અમેરિકન બંધકોને મુક્ત કર્યા

ઈઝરાયલ-હમાસ યુદ્ધનો શનિવારે 15મો દિવસ છે. કતારની મધ્યસ્થી બાદ હમાસે બે અમેરિકન નાગરિકોને છોડ્યા હતા. આ બંને માતા-પુત્રી જુડિથ અને નતાલી છે. યુદ્ધ શરૂ થયા પછી આવું પહેલીવાર બન્યું છે જ્યારે કોઈ બંધકને છોડવામાં આવ્યા છે. જો કે 200 લોકો હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. હમાસે બંને મહિલાઓને રેડ ક્રોસને સોંપી દીધી હતી, ત્યારબાદ રેડ ક્રોસે તેમને ઈઝરાયલને સોંપી દીધા હતા. આ દરમિયાન ઈઝરાયલે ગાઝા શહેરમાં આવેલી અલ-કુદ્સ હોસ્પિટલને ખાલી કરાવવાનો આદેશ આપ્યો છે. અલ જઝીરાના અહેવાલ મુજબ હોસ્પિટલ અને આસપાસના વિસ્તારોમાં એક હજારથી વધુ લોકો હાજર છે. હોસ્પિટલ પ્રશાસને તેને ખાલી કરવાની ના પાડી દીધી છે.

### ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના છૂટાછેડા



ઈટાલીનાં વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમના પાર્ટર એન્ડ્રિયા જીમ્બ્રુનોથી અલગ થવાની જાહેરાત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં આ અંગેની જાહેરાત કરતાં જ્યોર્જિયાએ લખ્યું હતું કે ૧૦ વર્ષનો સંબંધ હવે પૂરો થવા જઈ રહ્યો છે. છેલ્લાં ઘણાં સમયથી અમારા રસ્તા અલગ થઈ ગયા હતા. હવે એની જાણકારી આપવાનો સમય થઈ ગયો હતો.

### વાંકી નજરે... સૌજન્યથી...




## USએ કહ્યું- વિવાદોના ઉકેલ માટે ડિપ્લોમેટ્સ જરૂરી

# પીએમ ટ્રુડો : ભારતે નિયમો તોડીને લાખો લોકોનું જીવન મુશ્કેલીમાં મુક્યું

ગુજરાત | વંદન



કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે, ભારતના નિર્ણયથી બંને દેશોમાં રહેતા લાખો લોકોનું જીવન મુશ્કેલ બનશે. કેનેડાના વિદેશ પ્રધાન મેલાની જોલીએ પુષ્ટિ કરી હતી કે 41 કેનેડિયન રાજદ્વારીઓને(ડિપ્લોમેટ્સ) ભારતમાંથી હટાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે ભારતે આ માટે 20 ઓક્ટોબરની સમયમર્યાદા આપી હતી, ત્યારબાદ કેનેડાએ આ પગલું ભરવું પડ્યું.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પીએમ ટ્રુડોએ કહ્યું- ભારત કૂટનીતિના મૂળ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરીને લાખો લોકોના જીવનને મુશ્કેલીમાં મૂકી રહ્યું છે. હું એવા કેનેડિયનો વિશે સૌથી વધુ ચિંતિત છું જેમના મૂળ ભારતીય છે. ટ્રુડોએ કહ્યું કે ભારતમાંથી કેટલાક કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢવાથી મુસાફરી અને વેપાર જેવી બાબતોમાં સમસ્યા ઊભી થશે.

ટ્રુડોએ કહ્યું કે આનાથી કેનેડામાં અભ્યાસ કરી રહેલા ભારતીયોને પણ સમસ્યા થશે. આ પછી, યુએસ વિદેશ મંત્રાલયના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું- અમે ભારતમાંથી કેનેડિયન રાજદ્વારીઓની વિદાયને લઈને ચિંતિત છીએ. બે દેશો વચ્ચેના મુદ્દાઓને ઉકેલવા માટે રાજદ્વારીઓનું હોવું ખૂબ જ જરૂરી છે.

અમેરિકાએ કહ્યું- અમે ભારતને અપીલ કરી હતી કે કેનેડાના રાજદ્વારીઓને બહાર ન કાઢે. નિજ્જરની હત્યાની તપાસમાં કેનેડાને સહકાર આપવા પણ કહેવામાં આવ્યું હતું. અમે અપેક્ષા રાખીએ છીએ કે ભારત રાજદ્વારીઓના વિશેષાધિકારો અને પ્રતિરક્ષા પર 1961ના વિયેના કન્વેન્શનનું પાલન કરે.

## યમુના એક્સપ્રેસ-વે પર ભયાનક દુર્ઘટના

# અજાણ્યાં વાહને કારને ટક્કર મારતા 5ના મોત, ત્રણ ગંભીર



ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં યમુના એક્સપ્રેસ-વે પર એક મોટો માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત ગ્રેટર નોઈડાથી આગરા તરફ જતા સમયે ગઈકાલે મોડી રાત્રે 1:00 વાગ્યે સર્જાયો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે જ્યારે ત્રણ લોકોની હાલત ગંભીર છે. ત્રણેયને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

મળેલી માહિતી અનુસાર ગ્રેટર નોઈડાના રબૂપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસ-વે પર ગ્રેટર નોઈડાથી આગરા તરફ જતી વખતે ઝીરો પોઈન્ટથી 25

...અનુસંધાન પેજ નં. 6 પર

## MPમાં કોંગ્રેસે ઉમેદવારોની બીજી યાદીમાંથી 6 ધારાસભ્યોની ટિકિટ કાપી

ગુજરાત | વંદન

મધ્યપ્રદેશમાં કોંગ્રેસે 88 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. જેમાં પ્રથમ યાદીમાં જાહેર કરાયેલી 144 બેઠકોમાંથી 3 બેઠકો પર ઉમેદવારો બદલાયા છે. આ બેઠકો છે દતિયા, પિચોર અને ગોટેગાંવ છે. ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા દીપક જોશીને ખાટેગાંવથી ટિકિટ આપવામાં આવી છે. કોંગ્રેસે અત્યાર સુધીમાં 230માંથી 229 બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે. બેતુલ જિલ્લાની એક માત્ર આમલા સીટ હોલ્ડ પર છે.પ્રથમ યાદીમાં જાહેર કરાયેલી 144 બેઠકોમાંથી ત્રણ બેઠકો દાતિયા, ગોટેગાંવ અને પિછોર પરથી ઉમેદવારો

...અનુસંધાન પેજ નં. 6 પર

## ઝાલર પાટણ બેઠક પરથી લડશે ચૂંટણી

# આખરે ભાજપની યાદીમાં પૂર્વ સીએમ વસુંધરાનો સમાવેશ

ગુજરાત | વંદન



ભારતીય જનતા પાર્ટીએ રાજસ્થાન વિધાનસભા માટે 22 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં પાર્ટીએ અંબરથી વરિષ્ઠ નેતા સતીશ પુનિયાને ઉમેદવારી આપી છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાને ઝાલર પાટણથી ટિકિટ આપવામાં આવી છે.

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીની તારીખ બદલાવામાં આવી છે. હવે 23 નવેમ્બરની જગ્યાએ 25 નવેમ્બરનાં રોજ મતદાન થશે. કારણ કે લગ્નની સિઝન હોવાથી 23 તારીખના રોજ લગ્નના વધુ પડતાં મુર્હુત હતા જેથી મતદાનમાં કોઈ અસર ન પડે અને લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે રાજકીય પાર્ટીઓના સૂચન મુજબ ચૂંટણી પંચે તારીખમાં ફેરફાર કર્યો છે. ચૂંટણીનાં પરિણામો 3 ડિસેમ્બરનાં આવશે.


ભારતના ચૂંટણી પંચએ રાજસ્થાન સહિત પાંચ રાજ્યોમાં થનારી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી હતી. રાજસ્થાનનાં એક ચરણમાં વોટિંગ 23 નવેમ્બરનાં રાખવામાં આવી હતી પણ એ બાદ ભારતના ચૂંટણી પંચે વિવિધ રાજકીય દળ, સામાજિક સંગઠનો સહિત વિવિધ

...અનુસંધાન પેજ નં. 6 પર

## આતંકવાદ સામે સરકારની ઝીરો ટોલરન્સની નીતિ

# અમિત શાહ : નોર્થ-ઈસ્ટમાં આતંકવાદી ઘટનાઓ 65% ઘટી

ગુજરાત | વંદન



કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પોલીસ સ્મારક દિવસ નિમિત્તે રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અહીં પરેડને સંબોધતા શાહે કહ્યું- સરકાર માટે કામ કરતા તમામ લોકોમાં પોલીસ કર્મચારીઓની ડ્યુટી સૌથી મુશ્કેલ છે. કોઈપણ દેશની સરહદ અને આંતરિક સુરક્ષા પોલીસ વિના શક્ય નથી.

કાર્યક્રમ પછીની બેઠકમાં ગૃહમંત્રીએ કહ્યું- નોર્થ-ઈસ્ટના રાજ્યોમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ અને ઉગ્રવાદની ઘટનાઓમાં 65 ટકાનો ઘટાડો થયો છે. નરેન્દ્ર મોદી સરકારે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને કડક કાયદા બનાવ્યા છે.

કેન્દ્ર સરકારે પોલીસ દળના આધુનિકીકરણ માટે પોલીસ ટેકનોલોજી મિશનની સ્થાપના કરીને વિશ્વનું શ્રેષ્ઠ આતંકવાદ વિરોધી દળ બનાવવાની દિશામાં કામ કર્યું છે. આ શહીદ જવાનોના સન્માનમાં દર વર્ષે 21મી ઓક્ટોબરે પોલીસ સ્મારક દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ દિવસે કેન્દ્ર અને રાજ્ય સરકારો શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# ઝડપી ટ્રાયલ સામે સુપ્રિમ કોર્ટ ભડક્યું-આરોપીને તક આપો

■ ત્રણ મહિનાની બાળકી પર રેપના આરોપીને 15 દિવસમાં ફાંસીની સજાથી નારાજ

ગુજરાત | વંદન



સુપ્રીમ કોર્ટે બળાત્કાર અને હત્યાના આરોપીની ફાંસીની સજા રદ કરી છે. વાત જાણે એમ છે કે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આરોપીને ઉતાવળમાં દોષિત ઠેરવવામાં આવ્યો અને તેને પોતાનો બચાવ કરવાની પૂરતી તક પણ આપવામાં આવી નથી. હવે આ કેસ ફરીથી ટ્રાયલ કોર્ટમાં મોકલવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે પણ ટ્રાયલ કોર્ટની આકરી ટીકા કરી હતી.

**શું કહ્યું સુપ્રીમ કોર્ટે ?** | સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે આ કેસની ઉતાવળમાં સુનાવણી કરી. આરોપીને પોતાનો બચાવ કરવાની તક પણ આપવામાં આવી ન હતી. તેથી કેસ ફરીથી ટ્રાયલ કોર્ટમાં મોકલવામાં આવી રહ્યો છે, જેથી આરોપીને પોતાનો બચાવ કરવાની યોગ્ય તક મળી શકે. સુપ્રીમ કોર્ટે એ પણ આદેશ આપ્યો છે કે,. ટ્રાયલ કોર્ટમાં ફરી સુનાવણી દરમિયાન આરોપીને પોતાનો કેસ રજૂ કરવા માટે વરિષ્ઠ વકીલ પ્રદાન કરવામાં આવે. આ સમગ્ર ઘટના વર્ષ 2018ની છે. ટ્રાયલ કોર્ટે 3 મહિનાની બાળકી પર બળાત્કાર અને હત્યાના આરોપીને ફાંસીની સજા સંભળાવી હતી. આ પછી મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં હાઈકોર્ટે પણ ટ્રાયલ

...અનુસંધાન પેજ નં. 6 પર

# સામાન્ય મુસાફરો માટે આજથી રેપિડ રેલ સેવા શરૂ

■ વડાપ્રધાન મોદીએ કર્યું હતું ઉદ્ઘાટન, 17 કિમીનું છે અંતર

ગુજરાત | વંદન




વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોર પર ભારતની પ્રથમ 'રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS) નો 17 કિલોમીટર લાંબો ભાગ દેશને સમર્પિત કર્યો. શનિવાર (21 ઓક્ટોબર) થી દેશની પ્રથમ રેપિડ રેલની સુવિધા સામાન્ય લોકો માટે શરૂ થઈ ગઈ છે. 82.5 કિમી લાંબા દિલ્હી-મેરઠ RRTS કોરિડોરમાંથી, પ્રથમ 17 કિમી લાંબા સેક્શન પર સેવાઓ સવારે 6 વાગ્યે શરૂ થઈ હતી અને 11 વાગ્યા સુધી ચાલુ રહેશે.

રેપિડ રેલની શરૂઆતથી, મેરઠથી દિલ્હીની મુસાફરી ઘણી સરળ બની ગઈ છે. અત્યાર સુધી લોકોને દિલ્હી પહોંચવા માટે કલાકો સુધી મુસાફરી કરવી પડતી હતી, પરંતુ હવે આ સેવા શરૂ થયા બાદ તેઓ મિનિટોમાં દિલ્હી જઈ શકશે. જોકે, આખો કોરિડોર હજુ શરૂ થયો નથી. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે કોરિડોરના સેક્શનનો રૂટ જે અત્યાર સુધી કાર્યરત થયો છે અને લોકોએ કેટલું ભાડું ચૂકવવું પડશે.

દિલ્હી-મેરઠ RRTS કોરિડોર પર હાલમાં પાંચ સ્ટેશન છે, જેમાં સાહિબાબાદ, ગાઝિયાબાદ, ગુલધર, દુહાઈ અને દુહાઈ ડેપો સ્ટેશનનો સમાવેશ થાય છે. સાહિબાબાદથી દુહાઈ ડેપો સ્ટેશનનું અંતર 17 કિલોમીટર છે. હાલમાં આ રૂટ પર જ રેપિડ રેલ દોડશે. સાહિબાબાદથી દુહાઈ ડેપો જવા માટે રોડ માર્ગે 30 થી 35 મિનિટનો સમય લાગે છે. પરંતુ રેપિડ રેલ દ્વારા આ યાત્રા માત્ર 12 મિનિટમાં પૂર્ણ કરી શકાય છે.

રેપિડ રેલ માં માનક વર્ગનું ભાડું રૂ. 20 થી શરૂ થાય છે. પ્રીમિયમ વર્ગનું ભાડું 40 રૂપિયાથી શરૂ થાય છે. સ્ટાન્ડર્ડ ક્લાસમાં સાહિબાબાદથી દુહાઈ ડેપો જવાની ટિકિટ 50 રૂપિયા છે, જ્યારે પ્રીમિયમ ક્લાસ માટે મુસાફરોએ 100 રૂપિયા ચૂકવવા પડશે. જે બાળકોની ઊંચાઈ 90 સે.મી.થી ઓછી છે તેમના માટે ટિકિટ મફત છે. મેટ્રોની જેમ જ ટિકિટ પણ ખરીદી શકાય છે. સ્ટેશન પર કાઉન્ટર અને ટિકિટ વેન્ડિંગ મશીનની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# ટીએમસી સાંસદ મહુઆ કહે છે, હું સીબીઆઈ તપાસ માટે તૈયાર

■ અદાણી કેસમાં મારું મોઢું બંધ રાખવા માટેનું ષડ્યંત્ર હોવાનો દાવો

ગુજરાત | વંદન



તૃણમૂલ કોંગ્રેસ સાંસદ મહુઆ મોઈત્રા પર શુક્રવારે (20 ઓક્ટોબર) સંસદમાં પ્રશ્નો પૂછવાના બદલામાં ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી પૈસા લેવાના આરોપો પર હુમલો ચાલુ રહ્યો. લોકસભાની એથિક્સ કમિટીના ચેરમેન વિનોદ સોનકરે જણાવ્યું હતું કે તેમને હિરાનંદાની ગ્રુપના સીઈઓ દર્શન હિરાનંદાનીનું એફિડેવિટ મળ્યું છે, જે રિયલ એસ્ટેટ અને એનર્જી સેક્ટરમાં કામ કરે છે. આના પર ટીએમસી નેતા મહુઆ મોઈત્રાએ વળતો જવાબ આપતા કહ્યું કે ભાજપનો એજન્ડા મને ચૂપ કરવાનો છે.

તેણે સોશિયલ મીડિયા પર લખ્યું કે અદાણી કેસમાં મારું મોઢું બંધ રાખવા માટે મને લોકસભામાંથી હાંકી કાઢવાનો

...અનુસંધાન પેજ નં. 6 પર

# નવલી નવરાત્રી 2023ના ગરબાની આછેરી ઝલક....!















ગાંધીનગર

### એક્સપાયરી ડેટ વાળો ગોળ વેચવા બદલ કંપનીને પણ આવરી લેવાઈ


# ગાંધીનગર સ્થિત ડીમાર્ટને એક લાખનો સંયુક્ત દંડ ફટકાર્યો

■ 50% રકમ ખરીદનાર અને 50% ગ્રાહક કલ્યાણ ફંડમાં જમા કરાવવાનો આદેશ

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરના સેક્ટર ૨૬મા આવેલા ડીમાર્ટમાંથી ખરીદેલી બરણીમાં પેકિંગ ગોળ એક્સપાયર ડેટનો નીકળતા ગ્રાહક દ્વારા ગાંધીનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં કોર્ટ દ્વારા ડીમાર્ટ અને કંપનીનો જવાબ મેળવવામાં આવ્યો હતો અને આખરે આ મામલે ચુકાદો આપીને બંનેને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જેમાંથી ૫૦ ટકા રકમ ગ્રાહકને આપવા અને બાકીની ૫૦ ટકા ગ્રાહક કલ્યાણ ફંડમાં જમા કરાવવા આદેશ કરાયો હતો.

ગાંધીનગરના સેકટર - ૧૯ ખાતે રહેતા પંકજભાઈ આહિરે સેકટર - ૨૬ સ્થિત ડીમાર્ટ મોલમાંથી હંગર ટેબલ ગોળની બે બરણી ૧૩૦ રૂપિયામાં ખરીદ્યા હતા. જેનાં




પેકિંગ ઉપર જાન્યુઆરી ૨૦૨૨ અને ડિસેમ્બરની અલગ-અલગ પેકેજિંગ તારીખો ધરાવતા બે સ્ટીકરો મારવામાં આવ્યા હતા અને ગોળનો ઉપયોગ પેકેજિંગ તારીખના છ મહિનાની અંદર કરવાનો ઉલ્લેખ હતો. આ મામલે તેમનાં દ્વારા ગાંધીનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ કરવામાં આવી હતી. જે કેસ કન્ઝ્યુમર કોર્ટના અધ્યક્ષ ડી. ટી. સોની સમક્ષ ચાલી જતાં બન્ને પક્ષોની દલીલનાં અંતે કોર્ટે નોંધ્યું હતું કે, ખોટી પેકેજિંગ તારીખો સાથે નવા સ્ટીકર ચોંટાડયા પછી એક્સપાયર થઈ ગયેલી ખાદ્ય ચીજોનું વેચાણ કરીને ગ્રાહકને છેતરવામાં આવ્યા હતા.

જો કે ડીમાર્ટ દ્વારા રજૂઆત કરાઈ હતી કે, તેના કામદારો દ્વારા સ્ટીકર ચોંટાડવામાં ભૂલ થઈ શકે છે. એટલે આયોગના પ્રમુખ ડી.ટી સોની અને સભ્ય જે.પી જોશીએ દલીલને ફગાવી દઈ કહ્યું હતું કે, આ બાબત ઉપજાવી કાઢેલી છે. સ્ટીકરને ભ્રામક રીતે લાગુ કરી દેવામાં ઉણપ તેમજ અન્યાય વ્યાપાર વ્યવહાર અપનાવ્યો છે. મજૂરોની અજાણતામાં થયેલી ભૂલ હોવાનું કારણ ખોટું છે. જેના પગલે કોર્ટે કંપની અને ડીમાર્ટને એક લાખ રૂપિયાનો દંડ કર્યો છે. જેમાંથી ૫૦ ટકા રકમ ફરિયાદી અને ૫૦ ટકા ગ્રાહક કલ્યાણ ફોરમમાં જમા કરાવવા આદેશ કરવામાં આવ્યો છે. આદેશની નકલ નાગરિક પુરવઠા બોર્ડ અને ડ્રગ્સ વિભાગને મોકલી આપવા પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## 'અમુક વસ્તુ કુદરતના હાથમાં છે, નહીં કે મારા અથવા સરકારના હાથમાં'

■ રાજ્યમાં ઓછા વરસાદથી કપાસમાં થયેલ નુકસાન અંગે કૃષિમંત્રીનું વિવાદી નિવેદન



ગુજરાત | વંદન

રાજ્યમાં ઓછા વરસાદથી કપાસમાં થયેલ નુકસાનને લઈ કૃષિમંત્રીનું મોટું નિવેદન સામે આવ્યું છે. આ વર્ષમાં અનેક વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે કૃષિપાક અને ખાસ કરીને કપાસના પાકમાં નુકસાન પહોંચ્યું છે. જેને લઈ હવે કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. રાઘવજી પટેલે કપાસના પાકમાં નુકસાનને લઈ કહ્યું છે કે, હું આ વાતનો સ્વિકાર કરું છું, કપાસમાં નુકસાની મુદ્દે CM સાથે ચર્ચા પણ કરી છે. રાજ્યમાં ખેડૂતોને કપાસમાં મોટું નુકસાન પહોંચ્યું છે. ઓછા વરસાદથી ખેડૂતોને કપાસમાં મોટું નુકસાન પહોંચ્યા બાદ કૃષિ મંત્રી રાઘવજી પટેલનું મોટું નિવેદન સામે આવ્યું છે. કૃષિમંત્રીએ કહ્યું કે, હું આ વાતનો સ્વિકાર કરું છું. આ સાથે તેમણે કહ્યું કે, અમુક વસ્તુ કુદરતના હાથમાં છે, નહીં કે મારા અથવા સરકારના હાથમાં. કપાસમાં નુકસાની મુદ્દે CM સાથે ચર્ચા પણ કરી છે. આ સાથે રાઘવજી પટેલે કહ્યું કે, રાજ્યના ખેડૂતોના હિતમાં સરકાર વિચાર કરશે. આ સાથે કૃષિમંત્રી રાઘવજી પટેલે રાજ્યમાં કપાસના નીચા ભાવ અંગે પણ નિવેદન આપ્યું છે.

### દિવાળી પૂર્વે ફિક્સ પે કર્મચારીઓના પગારમાં 30 ટકાનો વધારો

# ફિક્સ પેના કર્મચારીઓ કહે છે : રડતાં છોકરાંને લોલીપોપ આપી છાનું રાખવાનું કામ સરકારે કર્યું

ગુજરાત | વંદન



ગુજરાત સરકારના વિવિધ વિભાગમાં સરકારી નોકરી કરતા ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં 30 ટકાના વધારાની જાહેરાત કરવામાં આવી છે. જેની અમલવારી તા.1 લી ઓક્ટોબર 2023થી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત 61,560 કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં 30 % જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણયથી વર્ગ-3ના 4400 ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. 38,090 થી વધીને રૂ. 49,600 થશે. ઉપરાંત વર્ગ-3 ના 4200 અને 2800 ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. 31,340 થી વધીને રૂ. 40,800 થશે. વર્ગ-3 ના 2400, 2000, 1900 અને 1800 ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. 19,950 થી વધીને રૂ. 26,000 થશે. જ્યારે વર્ગ-4 ના 1650,1400 અને 1300 ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. 16,224 થી વધીને રૂ. 21,100 થશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ.548.64 કરોડ રૂપિયાનું ભારણ વધશે.

આ અંગે ફિક્સ પગાર ધરાવતા એક કર્મચારીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા આપવામાં આવેલ 30 ટકાનો વધારો આવકાર્ય છે. પરંતુ રડતું છોકરું છાનું રાખ્યા જેવું પગલું છે. સરકાર એ પણ જણાવે કે અગાઉ ક્યારે વધારો આપ્યો હતો. સરકારે વર્ષ 2017માં વધારો આપ્યો હતો. બાદમાં વર્ષ 2023માં એટલે કે 6 વર્ષ બાદ 30 ટકા વધારો આપ્યો છે. એટલે કહી શકાય કે દર વર્ષની સરખામણીમાં માત્ર પાંચ ટકાનો વધારો આપ્યો છે.

અમારી મૂળ માંગણી છે કે ફિક્સ પગારની નીતિ છે તે હટાવવી જ જોઈએ. આ દમનકારી નીતિ છે, તેને હાઈકોર્ટે પણ વખોડી કાઢી છે. સમાન કામ દરેક કર્મચારી કરે છે તો દરેકને સમાન વેતન પણ મળવું જ જોઈએ અને જો ખરેખર આજ નીતિ સારી હોય તો માત્ર વર્ગ ત્રણના કર્મચારીઓ માટે જ શા માટે કલાસ વન અને ટુના કર્મચારીઓને પણ આ નીતિ પ્રમાણે વેતન આપવું જોઈએ. અમારી મુખ્ય માંગણી રહી છે કે ફિક્સ પગાર નીતિ કાઢવી જોઈએ અને તેને વળગીને અમે રહીશું. આટલી મોંઘવારીમાં 30%નો વધારો આપ્યો છે તે ક્યાંકને ક્યાંક તો મદદરૂપ છે. પરંતુ સરકારે રડતું છોકરાને છાનું રાખવા માટે લોલીપોપ આપી હોય તે પ્રકારે વધારો કર્યો છે. સમાન કામ સમાન વેતન નહીં મળે ત્યાં સુધી અમારી માંગણી ચાલુ જ રહેશે.

### ગાંધીનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

# દિવાળીમાં રાત્રે 8થી 10 સુધી 2 કલાક જ ફટાકડા ફોડી શકાશે

ગુજરાત | વંદન



દિવાળીના તહેવારોમાં આગ કે અકસ્માતના બનાવ ન બને તેમજ વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જિલ્લામાં રાત્રે 8થી 10 વાગ્યા સુધી 2 કલાક માટે જ ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાયના સમયમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરત જોષીએ બહાર પાડ્યું છે.

જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે સુપ્રીમ કોર્ટના આદેશ અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ દિવાળીના તહેવાર નિમિત્તે જાહેર જનતાને ભયજનક, હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદૂષણની વિપરીત અસરથી રક્ષવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશ કરવામાં આવ્યા છે.

દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાને કારણે આગ અકસ્માતના બનાવ ન બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ફટાકડા ખરીદ વેચાણ તથા ઉપયોગ પર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે. જે મુજબ ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. તમામ ઈ- કોમર્સ વેબસાઈટ દ્વારા ઓનલાઈન ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

હોસ્પિટલ, નર્સીંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્ટ તથા ધાર્મિક સ્થાનોની 100 મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન ગણી ત્યાં ફટાકડા ફોડી શકાશે નહીં. કોઈપણ પ્રકારના ફટાકડા વિદેશથી આયાત કરી શકાશે નહીં. આ ઉપરાંત જિલ્લાના બજારો, શેરી, ગલીઓ, જાહેર રસ્તા, પેટ્રોલપંપ, એલપીજી બોટલીંગ પ્લાન્ટ, એલપીજી ગેસના સ્ટોરેજ કે અન્ય ગોડાઉનની નજીક ફટાકડા ફોડી શકાશે નહીં.

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોકરી અપાવાના બહાને બે બહેનો પાસેથી

# ₹4 લાખની લાંચ માંગનાર હોસ્પિટલની નર્સ જેલ હવાલે

ગુજરાત | વંદન

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાના બહાને બે બહેનો પાસેથી હોસ્પિટલની ઈન્ચાર્જ નર્સ અને સ્ટાફ નર્સ દ્વારા રૂપિયા ૪ લાખની રકમ લાંચ તરીકે માંગ્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. એક નર્સની ધરપકડ કરીને બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા જે પૂરા થતા કોર્ટે નર્સને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સર્જીકલ ડિપાર્ટમેન્ટમાં ઈન્ચાર્જ નર્સ તરીકે કામ કરતાં નયનાબેન જગદિશભાઈ ડોડિયાર અને સ્ટાફ નર્સ તરીકે કામ કરતા જેમિનીબેન દશરથભાઈ પટેલ સામે રૂપિયા ૪ લાખની લાંચ માંગવાનો ગુનો ગાંધીનગર એસીબી દ્વારા નોંધવામાં આવ્યો હતો. જેમાં ફરિયાદ કરનાર યુવતિ અને તેની બહેન બન્નેએ જીએમએનનો સ્ટાફ નર્સનો કોર્સ કરેલો હોય તે બન્નેએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોકરી કરતાં આ નર્સનો સંપર્ક કર્યો હતો. જેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, તે બન્ને નર્સ દ્વારા નોકરી અપાવવાના અવેજ પેટે રૂપિયા ૨-૨ લાખ મળીને રૂપિયા ૪ લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી.

### આ નવા વાવાઝોડાને 'તેજ' નામ આપવામાં આવ્યું

# આગાહી : ગુજરાતના માથે બિપરજોય જેવું વાવાઝોડું ત્રાટકવાની શક્યતા

ગુજરાત | વંદન

રાજ્યમાં આમ તો સત્તાવાર રીતે ચોમાસાએ વિદાય લીધી છે. પંરતુ અલનીનો અને ક્લાયમેન્ટ ચેન્જ પરિબળોને લીધે વાતાવરણમાં ફેરફારો થઈ રહ્યા છે. જેમા એવી આગાહી થઈ રહી છે કે, ગુજરાત પર ફરીથી બિપરજોય જેવું વિનાશક વાવઝોડું ત્રાટકી શકે છે. નવી સિસ્ટમ દ્વારા બની રહેલા વાવાઝોડાને તેજ નામ આપવામાં આવ્યું છે. દરમિયાનમાં રાજ્ય સરકારે આગાહીના પગલે સંભવિત જિલ્લા સત્તાવાળાઓને એલર્ટ કર્યા છે.

ગુજરાત તરફ હવે વધુ એક આકાશી આફત આવી રહી છે. અરબ સમુદ્રમાં વિકસિત થવાની સંભાવના છે. દક્ષિણ પૂર્વ અરબ સમુદ્ર અને નજીકવર્તી દરિયા કિનારે એક સાઈક્લોનિક સર્ક્યુલેશન રચનાત્મક સ્તરની નીચેની દબાણ ક્ષેત્ર બનવાની આશા છે. પરંતુ તેની ગુજરાત પર શું અસર થશે તે હજી સ્પષ્ટ નથી. વધુ એક વાવાઝોડું સક્રિય થવાની હવામાન વિભાગની આગાહી છે.

હજુ બિપોરજોય વાવાઝોડાનો આતંક આંખ સામે આવી રહ્યો છે. ત્યારે બીજી તરફ ગુજરાત પર વધુ એક આકાશી આફત આવી રહી છે. વાવાઝોડાને લઈ ગુજરાતમાં ફરી વાવાઝોડાના વાદળો બંધાયા છે. ગુજરાત પર બિપોરજોય જેવી જ બીજી મોટી આફત આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા તેની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં હાલ કોઈ સિસ્ટમ સક્રિય થાય તો તેની અસર ગુજરાતના વાતાવરણ પર થતી હોય છે. અરબી સમુદ્રમાં એક સર્ક્યુલેશન સક્રિય થયું છે અને 21 ઓક્ટોબર સુધીમાં ડિપ્રેશન બને તેવી શક્યતા છે. આ વાવાઝોડાને તેજ નામ આપવામા આવ્યું છે. ભારત દ્વારા જ આ વાવાઝોડાને નામ આપવામાં આવ્યું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પણ આવી ગઈ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, અગામી 7 દિવસ વાતાવરણ યથાવત રહેશે. દક્ષિણ પૂર્વ - દક્ષિણ મધ્ય અરબી સમુદ્રમાં લો પ્રેશર બન્યું છે. તેથી દક્ષિણ પૂર્વ - દક્ષિણ મધ્ય અરબી સમુદ્રમાં માછીમારોએ દરિયો ન ખેડવા સૂચના છે.હવામાન વિભાગે આગામી 7 દિવસને લઈને આગાહી કરી કે, આગામી 7 દિવસ ગુજરાતમાં વરસાદની શકયતા નહિવત છે. જોકે સાથે જ અરેબિયન સમુદ્રમાં એક લો પ્રેસર સિસ્ટમ બની રહી છે. 21 તારીખે આ લો પ્રેસર સિસ્ટમ ડિપ્રેશનમાં પરિણમશે. દક્ષિણ પૂર્વ દક્ષીણ મધ્યમાં લો પ્રેસર સિસ્ટમ બની રહી છે. આ ડિપ્રેશન બાદમાં ડીપ ડિપ્રેશનમાં ફેરવાશે. તેના બાદ આ સિસ્ટમ વાવાઝોડામાં તબદીલ થશે.




**'જ્યારે ગુજરાત પર બિપરજોય ત્રાટક્યું હતું'...**

બિપરજોય વાવાઝોડું કચ્છના જખૌ નજીક ટકરાયું હતું. બિપરજોય વાવાઝોડાના પગલે કચ્છ અને સૌરાષ્ટ્રના સંભવિત વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અને ભારે પવન ફૂંકાઈ રહ્યો છે અને ક્યાંક ક્યાંક વરસાદ પડવાની પણ શરુઆત થઇ ગઈ છે. આજની રાત જખૌ, લખપત, નલિયા, નારાયણ સરોવર, દયાપાર સહિતના ગામો માટે ભારે બની રહેશે. આ ગામોમાં ભારે પવન અને વરસાદ વરસી રહ્યો છે. જે આખી રાત વરસી શકે છે. આ ગામો લેન્ડફોલની નજીક હોવાથી ત્યાં ભારે નુકસાન થઇ શકે છે. આ પટ્ટીમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થઇ ગયો છે. દ્વારકાથી લઇને માંડવી, મુદ્રા, ઓખામાં ભારે વરસાદ વરસવાની આગાહી છે. દરિયાકિનારાના જિલ્લા દ્વારકા, પોરબંદર ,જૂનાગઢ, ગીર સોમનાથ, કચ્છ, અમરેલીમાં પણ ભારે વરસાદ પડશે.

### રાજ્યના 10 જિલ્લામાં 118 કડિયાનાકા પર ભોજનની વ્યવસ્થા

## ગુજરાતમાં માત્ર એક જ વર્ષમાં અંદાજે 50 લાખ શ્રમિકોએ ભોજનનો લાભ મેળવ્યો...

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શક નેતૃત્વ હેઠળ ઓક્ટોબર 2022માં શ્રમિક અન્નપૂર્ણા યોજનાની કામગીરી ફરીથી શરૂ કરવામાં આવી હતી, અને આજે માત્ર એક વર્ષના સમયગાળા દરમિયાન રાજ્યના લગભગ 50 લાખ શ્રમિકો આ યોજના હેઠળ 5 માં ભોજનનો લાભ મેળવી ચૂક્યા છે. શ્રમિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા બાંધકામની સાઈટ પર ભોજનની ડિલીવરી પણ કરવામાં આવે છે. અત્યારે 50થી વધુ બાંધકામ શ્રમિકો જ્યાં કામ કરતા હોય તેવી બાંધકામ સાઈટ પર ભોજનની ડિલીવરી કરવામાં આવે છે. હાલ, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને વડોદરાની 13 સાઈટ પર શ્રમિકો માટે ભોજન પહોંચાડવામાં



આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યમાં 10 જિલ્લાઓમાં 118 કડિયાનાકા પર ભોજન પ્રદાન કરવામાં આવે છે. આ જિલ્લાઓમાં અમદાવાદ (47 કડિયાનાકા), ગાંધીનગર (4 કડિયાનાકા), વડોદરા (12 કડિયાનાકા), સુરત (18 કડિયાનાકા), નવસારી (3 કડિયાનાકા), રાજકોટ (9 કડિયાનાકા) અને મહેસાણા (7 કડિયાનાકા), વલસાડ (6 કડિયાનાકા), પાટણ (8 કડિયાનાકા) અને ભાવનગર (4 કડિયાનાકા) નો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત શ્રમિકોને ભોજનમાં કઠોળનું શાક, બટાકા અને મિક્ષ શાક, રોટલી, ભાત, અથાણું/મરચાં, ગોળ, દર ગુરુવારે ખીચડી-કઢી તેમજ અઠવાડિયામાં એક વખત સુખડી અથવા તો શીરો આપવામાં આવે છે. પ્રતિ ભોજન અત્યારે સરકાર તરફથી 37ની સબસીડી ચૂકવીને માત્ર 5માં શ્રમિકોને ભોજન પૂરું પાડવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણાના તમામ કેન્દ્રો ઉપર ઈ-નિર્માણ કાર્ડની મદદથી ભોજન શ્રમિકો ભોજન મેળવે છે. કાર્ડનો ક્યુઆર (QR) કોડ સ્કેન કરાવીને ટિફિનમાં કે સ્થળ પર જ એક સમયનું ભોજન શ્રમિકો મેળવી શકે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેમના માટે બૂથ પર જ બાંધકામ શ્રમિકોની હંગામી ધોરણે નોંધણી થાય છે અને 15 દિવસ સુધી તેઓ ભોજન મેળવી શકે છે.

## લારી-ગલ્લા ધારકોને પરેશાન નહીં કરવા પોલીસને સરકારની સુચના

ગુજરાત | વંદન

દિવાળી પહેલા સરકાર જાણે કે તમામ નાગરિકોને ખુશ કરવાના મુડમાં હોય તેમ એક પછી એક ખુશ ખબર આપી રહી છે. દિવાળીના તહેવાર દરિયાન લારી-ગલ્લા ધારકોને પરેશાન ન કરવા માટે સરકાર દ્વારા સુચન કરવામાં આવ્યું છે. લારી-ગલ્લાવાળા વેપારીઓને પરેશાન ન કરવા માટે ગૃહ વિભાગ દ્વારા સંબંધિત વિભાગોને મૌખિક આદેશ અપાયા છે.

દિવાળીના તહેવાર પર નાના વેપારીઓ કે જે રોડ પર ઉભા રહીને વેપાર-ધંધા કરતા હોય છે તેમની પાસે દિવાળી અલગ અલગ વિભાગના કર્મચારીઓ દ્વારા લેવાતી હોય છે. માસીક હપ્તા ઉપરાંત દિવાળી સમયે વધારે પૈસા ઉઘરાવાતા હોવાના દાવા અનેક વેપારીઓ દ્વારા કરવામાં આવતા હોય છે. તેવામાં દિવાળી દરમિયાન કોઈને મલાઈ ન આપવી પડે તે માટે



સરકાર દ્વારા SP અને કમિશ્નરોને મૌખિક સુચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ સમગ્ર રાજ્યમાં "મૌખીક સુચના" ચર્ચાનો મુદ્દો છે. હર્ષ સંઘવી દ્વારા પોલીસને ગરબા બંધ નહી કરાવવા બાબતે મૌખીક સુચના અપાઇ હતી. જો કે બીજા જ દિવસે હાઈકોર્ટે આ અંગે સ્પષ્ટતા કરી હતી અને કહ્યું કે, ક્યાંયથી ફરિયાદ આવે તો પોલીસે કાર્યવાહી કરવી પડશે. જેથી સરકારનો વધારે એક કથિત "નિર્ણય" બાબતે ફિયાસ્કો થયો હતો. જ્યારે લારી-ગલ્લાવાળા લોકો બાબતે પણ આવું જ કંઇ થાય તેવું વેપારીઓ માની રહ્યા છે. કારણ કે તેઓએ 12 મહિના ધંધો કરવાનો હોય છે.

### ખાનગી ટ્રાવેલ્સ એજન્સીઓએ જાહેરનામાને કોર્ટમાં પડકાર્યો હતો

## અમદાવાદમાં ખાનગી બસો પર પ્રવેશબંધી હાઈકોર્ટે પોલીસ કમિશ્નરનું જાહેરનામું માન્ય રાખ્યું

### આ અગાઉ રાત્રે 11 થી સવારે 7 વાગ્યા સુધી પ્રવેશ કરવાની મંજૂરી હતી

ગુજરાત | વંદન

શહેરમાં વધતી વસ્તીને જોતાં ટ્રાફિકમાં પણ જબરદસ્ત વધારો થયો છે. બીજી તરફ ખાનગી બસોની શહેરમાં પ્રવેશ બંધીનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. ત્યારે હાઈકોર્ટે પોલીસ કમિશ્નરના જાહેરનામાને માન્ય રાખતાં હવે શહેરમાં ખાનગી બસો પર પ્રવેશબંધી લાગી જશે. થોડા સમય પહેલાં જ શહેર પોલીસ કમિશ્નરે રાત્રીના સમયે શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવે નહીં તે માટે ખાનગી બસો પર પ્રવેશબંધી જાહેર કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેને ટ્રાવેલ્સ એજન્સીઓએ હાઈકોર્ટમાં પડકાર્યું હતું.



પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ પોલીસ કમિશ્નરના જાહેરનામા બાદ ખાનગી બસોને શહેરમાં સવારે આઠથી રાત્રે 10 વાગ્યા સુધી પ્રવેશ પર પાબંધી લગાવી હતી. પોલીસ કમિશ્નરના આ જાહેરનામાને ખાનગી ટ્રાવેલ્સ એજન્સીઓએ હાઈકોર્ટમાં પડકાર્યું હતું. ટ્રાવેલ્સ એજન્સીઓના સંચાલકોએ ધંધા રોજગારનો ઉલ્લેખ કરીને જાહેરનામું રદ કરવા કોર્ટ સમક્ષ માંગ કરી હતી. ત્યારે આજે સુનાવણી દરમિયાન કોર્ટે પોલીસ કમિશ્નરનું જાહેરનામું કાયદાથી વિપરીત નહીં હોવાનું નોંધ્યું હતું અને જાહેરનામાને માન્ય રાખ્યું હતું. તાજેતરમાં અમદાવાદ પોલીસ કમિશ્નર અને DCP સફિન હસને ટ્રાવેલ્સ એસોસિએશન સાથે બેઠક કરી હતી. ત્યાર બાદ નિર્ણય લેવાયો હતો કે નવા જાહેરનામામાં રાત્રે 10થી સવારે આઠ વાગ્યા સુધી ટ્રાવેલ્સની બસોને શહેરમાં પ્રવેશવાની મંજુરી છે. આ અગાઉ રાત્રે 11 થી સવારે 7 વાગ્યા સુધી પ્રવેશ કરવાની મંજુરી હતી. થોડા સમય અગાઉ અમદાવાદમાં ટ્રાવેલ્સ એસોસિએશન દ્વારા બસને શહેરમાં રાત્રે 9.30થી સવારે 8 વાગ્યા સુધી અને બપોરે 1થી 4 પ્રવેશવા દેવાની મંજૂરી આપવા માંગ કરાઈ રહી છે.

## અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ-2 ખાતે પ્રવાસીઓની સુવિધામાં વધારો થયો

ગુજરાત | વંદન

અમદાવાદ, સંજીવ રાજપૂતઃ - અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના મુસાફરોની સુવિધાઓમાં સતત વૃદ્ધિ કરી રહ્યું છે. બુધવારે મુસાફરો માટે ઈન્ટરનેશનલ ટર્મિનલ T-2 ખાતે ડિપાર્ચર ઈમિગ્રેશનમાં કરાયેલા વધારાના વિસ્તારને ખુલ્લો મુકવામાં આવ્યો છે. નવા અને વિશાળ ઈમિગ્રેશન વિસ્તારને ખુલ્લો મુકાતા પ્રસ્થાન સમયે પ્રવાસીઓને વધુ સગવડ મળી રહેશે. આ સુવિધાથી પીક-અવર્સ દરમિયાન આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને વધુ કાર્યક્ષમ પ્રસ્થાનનો અનુભવ થશે.

હાલમાં આંતરરાષ્ટ્રીય ટર્મિનલ 17 એરલાઈન્સ દ્વારા અમદાવાદને વિશ્વના 14થી વધુ સ્થળો સાથે જોડતી દૈનિક સરેરાશ 2500 પેસેન્જર્સને પ્રસ્થાન સેવા પૂરી પાડે છે.

અદ્યતન વિસ્તરણ પ્રોજેક્ટ એ સતત એલિવેટેડ પેસેન્જર અનુભવ પ્રદાન કરવાની SVPI એરપોર્ટની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. SVPI એરપોર્ટનો ઉદ્દેશ્ય પ્રક્રિયાઓ સુવ્યવસ્થિત અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઑપ્ટિમાઈઝ કરીને પ્રવાસીઓને સીમલેસ પ્રવાસનો અનુભવ પ્રદાન કરવાનો છે. ઈમિગ્રેશન પ્રક્રિયા ઝડપી બનાવવા અને વેઈટીંગ સમય ઘટાડવા ટર્મિનલ 2 પરના નવા પ્રસ્થાન ઈમિગ્રેશન વિસ્તારને અત્યાધુનિક સુવિધાઓ અને તકનીકોથી સુસજ્જ બનાવાયો છે. જેનાથી મુસાફરોને પ્રદાન સેવાની ગુણવત્તામાં સુધારો થશે.

તાજેતરમાં ઈન્ટરનેશનલ-ટુ-ઈન્ટરનેશનલ (I-to-I) ટ્રાન્સફર પેસેન્જર્સની બેઠક વ્યવસ્થાની ક્ષમતામાં વધારા સાથે પેસેન્જર કેન્દ્રિત ઈન્ટરનેશનલ ટર્મિનલ પર નવા આગમન હોલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સૌંદર્યલક્ષી, સાંસ્કૃતિક વિશેષતાઓ અને કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સંયોજિત કરીને વિશ્વક ક્ષાનું ટ્રાવેલ હબ બનાવા ભણી અગ્રેસર છે. ટર્મિનલ 2 પરના ઉન્નત્તિકરણો મુસાફરોની વિકસતી જરૂરિયાતો સંતોષવાવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂતબનાવે છે

## પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ઈસમો સામે મનપાની લાલ આંખ

ગુજરાત | વંદન

ગાંધીનગરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાનાં મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા જાહેરમાં ગંદકી કરતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એકમો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં શહેરનાં વિવિધ માર્કેટ વિસ્તાર ખાતે સતત ઝુંબેશ સ્વરૂપે કાર્યવાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન સેનિટેશન વિભાગ દ્વારા જાહેરમાં ગંદકી કરતા ૧૩૬ ઈસમો સામે કાર્યવાહી કરી રૂ.૪૫,૪૫૦/- વહિવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે સાથે જ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૧૨૪ એકમો પાસેથી રૂ.૬૬,૫૦૦ /- વહિવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

## માણસાના અનોડિયા ગામમાંથી પસાર થતી નદીમાંથી રેતી ચોરીની અનેક ફરિયાદો છતાં કોઈ કાર્યવાહી નહીં

ગુજરાત | વંદન

માણસા તાલુકાના અનોડિયા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ઘણા સમયથી રેત માફિયાઓ ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરી રહ્યા છે અને રાત્રિના સમયે પણ નદીમાંથી રેતી ઉલેચી રહ્યા છે. નદીમાં નાવડી મૂકી પાઈપલાઈનથી નદીના ઊંડાણમાંથી રેતી ખેંચી રહ્યા છે. જેના કારણે નદીમાં ઉંડા ખાડા પડી ગયા છે. રેતી ભરેલા ભારે ડમ્પરની અવરજવરને કારણે ગામના રોડ રસ્તા પણ તૂટી જાય છે. ત્યારે ગ્રામજનોને ભારે પરેશાની ભોગવવી પડે છે. આ સમગ્ર બાબતે ઉચ્ચ કક્ષા સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકી નથી.

સાબરમતી નદીમાં ગેરકાયદેસર થતાં ખનન તેમજ રેતી ચોરી બાબતે અનેક ફરિયાદો થવા છતાં બેફામ રેતી ચોરી થતી રહે છે. ત્યારે માણસા તાલુકાના અનોડીયા ગામ જ્યાં સાબરમતી નદી ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાની સરહદ બનાવે છે. ત્યાં સરકારની પરવાનગી અને શરતોને આધીન નદીમાં રેતીનું ખનન કરવામાં આવે છે, પરંતુ અનોડીયામાં આવેલી સાબરમતી નદીમાંથી લાંબા સમયથી નદીની રેતીનું ખનન ગેરકાયદેસર રીતે કરવામાં આવી રહ્યું છે. સુર્યાસ્ત પછી અને રાત્રીના



સમયે પણ ખનન ચાલુ રહેતું હોય છે ખનન કરવાવાળા દ્વારા નદીમાં નાવડી મૂકી પાઈપલાઈનથી રેતી ખેંચી ડમ્પરો ભરવામાં આવે છે અને મોટા પાયે નદીમાં બહુ ઊંડું ખનન કરવામાં આવે છે, સાબરકાંઠા તરફથી પણ આવું મોટા પાયે ખનન થાય છે. નદીઓનું આ રીતે થતું ગેરકાયદેસર ખનન પર્યાવરણ માટે મોટો ખતરો છે. ખેતી માટે સિંચાઈના પાણીની લાંબા સમયથી સમસ્યા રહી છે આજે સાબરમતી નદી પર આવી ખનન પ્રવુતિઓના કારણે સાબરમતી નદી નહિ પરંતુ મોટા અને ઊંડા તળાવ જેવી બની ગઈ છે. ગામના આંતરિક પાકા રસ્તાઓ પર રેતીના મોટા વાહનોની અવરજવરના કારણે મોટા ખાડા પડી ગયા છે. લાંબા સમયથી રસ્તાઓ આવીજ ભયાનક હાલતમાં છે. ત્યારે ભૂસ્તર શાખા દ્વારા રેત માફિયાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી તેને અટકાવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

## "શાશ્વત આત્માના નૈતિક માર્ગો - સનાતન ધર્મ" પુસ્તકનું લોકાર્પણ

ગુજરાત | વંદન

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા જાણીતા પ્રેરણાત્મક લેખક અને વક્તા ગુરુજી શ્રી જી. નારાયણ દ્વારા રચિત "શાશ્વત આત્માના નૈતિક માર્ગો - સનાતન ધર્મ" [એથિકલ વેઝ ટુ ઈટર્નલ સ્પિરિટ - સનાતન ધર્મ] પુસ્તકનું લોકાર્પણ અને એક વાર્તાલાપનું આયોજન એએમએ કેમ્પસ ખાતે રવિવાર, ૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦થી ૭:૩૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી જસ્ટિસ કલ્પેશ સત્યેન્દ્ર ઝવેરી, ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ, ઓરિસ્સા હાઈકોર્ટ; અને અતિથિ શ્રી દિવ્યેશ રાડિયા, ભૂતપૂર્વ પ્રમુખ, એએમએ અને ડૉ. કિરીટ શેલત, એક્ઝિક્યુટિવ ચેરમેન, નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશિપ (NCCSD) પુસ્તકનું વિમોચન કરશે અને આ અંગે આંતરદૃષ્ટિ અને વિચારો રજૂ કરશે. ગુરુજી શ્રી જી. નારાયણે પાંચ દાયકા કરતાં વધુ સમયથી આધ્યાત્મિક નેતૃત્વના ક્ષેત્રમાં અમુલ્ય યોગદાન આપ્યું છે. નોંધનીય છે કે, એએમએ એક જાણિતી સંસ્થા છે જ્યાં અનેક પ્રકારના સમ્મેલનો, પરિસંવાદ અને વક્તાઓ મુલાકાત લેતા હોય છે.

### સામાન્ય અને ગરીબ દર્દીઓને ફાયદો થશે

## SVP હોસ્પિટલમાં આરોગ્યલક્ષી ટેસ્ટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં કરી અપાશે...

ગુજરાત | વંદન

અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં હવે નાગરિકો વિવિધ પ્રકારના ટેસ્ટ 50 ટકાના રાહત દરે કરી આપવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં લેવામાં આવ્યો હતો. 25 ઓક્ટોબરથી 31 માર્ચ 2024 એમ છ મહિના સુધી 50 ટકા રાહત દરે વિવિધ પ્રકારના 1067 જેટલા ટેસ્ટ કરાવી શકાશે. દર બુધવારે સવારે 9થી 5 અને શનિવારે સવારે 8થી 1 વાગ્યા સુધી કરાવી શકશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ખાનગી હોસ્પિટલોમાં રૂપિયા 200થી લઈ 2000 સુધીના દરે ટેસ્ટ કરી આપવામાં આવે છે. લોહી, યુરિન વગેરે જેવા 30 જેટલા રૂટીન ટેસ્ટ પણ થશે. નાગરિકોને સસ્તા ભાવે લેબોરેટરીના ટેસ્ટ કરાવી શકે તેના માટે આ નિર્ણય લેવામાં



આવ્યો છે. રિપોર્ટ લેવા માટે નાગરિકોએ હોસ્પિટલ જવાની જરૂર નથી. તેઓને વોટસઅપ ના માધ્યમથી રિપોર્ટ મળી જશે. શહેરના વસ્ત્રાલ તથા નરોડા ખાતે પી.પી.પી.બેઝથી કીડનીના દર્દીઓ માટે ડાયાલીસીસ સેન્ટર શરુ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. કીડનીના દર્દીઓને વિનામૂલ્યે ડાયાલીસીસ કરી આપવાની સુવિધા મ્યુનિ.તંત્ર તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.ઉલ્લેખનીય છે કે એસવીપી હોસ્પિટલના આ નિર્ણયથી સંખ્યાબંધ સામાન્ય અને ગરીબ દર્દીઓને મોટો ફાયદો થશે.

### અભિનેત્રી ઉવર્શીના ચોરાયેલા મોબાઇલનું લોકેશન રાયપુર દરવાજા આસપાસ મળ્યું

## ચોરે ઈમોશનલ બ્લેકમેલિંગનો કર્યો પ્રયાસઃ મારા ભાઈને કેન્સર છે તેની સારવાર માટે મદદ કરો...

ગુજરાત | વંદન

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જોવા માટે કેટલાય સેલિબ્રિટીઝ આવી પહોંચ્યા હતા. જેમાં બોલિવુડ એક્ટ્રેસ અને મોડલ ઉર્વશી રૌતેલાનો પણ સમાવેશ થાય છે. જોકે, સ્ટેડિયમની મુલાકાત ઉર્વશી માટે કડવો અનુભવ લઈને આવી હતી કારણકે તેનો 24 કેરેટ ગોલ્ડનો આઈફોન ખોવાઈ ગયો હતો. આ મામલે ઉર્વશી રૌતેલાએ ચાંદખેડા પોલીસ સ્ટેશનનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પરંતુ હજી સુધી તેના ફોનનો પત્તો નથી લાગ્યો. ઉર્વશી રૌતેલા પોતાના ફોન માટે આકુળવ્યાકુળ થઈ રહી છે ત્યારે પોલીસ પણ મોબાઈલ ચોર સુધી પહોંચવા માટે સતત પ્રયત્ન કરી રહી છે.

દરમિયાન ઉર્વશી રૌતેલાએ પોતાના આઈફોનનું લોકેશન સોશિયલ મીડિયા




પર શેર કરીને પોલીસને કડી આપી હતી. ઉર્વશીના મોબાઈલનું લોકેશન રાયપુર વિસ્તારમાં આવેલી કોઈ પોળનું આવતું હતું. ઉર્વશીએ સોશિયલ મીડિયા પર લોકેશનનો સ્ક્રીનશોટ શેર કરતાં લખ્યું હતું કે, મોબાઈલનું લાસ્ટ લોકેશન કોઈ મોલનું બતાવી રહ્યું છે. ઉર્વશીએ આ પોસ્ટ સાથે અમદાવાદ પોલીસને ટેગ કરી હતી. સાથે જ તેણે કહ્યું હતું કે, ફોન શોધવામાં મદદ કરનારને તે ઈનામ આપશે. જોકે, ઈનામમાં શું હશે તે અંગેની કોઈ સ્પષ્ટતા એક્ટ્રેસે નથી કરી.

ઉર્વશી રૌતેલાએ સોશિયલ મીડિયા પર ખોવાયેલા ફોન વિશે જણાવ્યું છે કે તેને ફોન ચોરનાર વ્યક્તિનો ઈમેલ મળ્યો છે. ફોન ચોરનાર વ્યક્તિએ અભિનેત્રી પાસેથી માંગણી કરી છે અને કહ્યું છે કે જો તે પહેલા તેની માંગ પૂરી કરશે તો તેને પરત મળી જશે. ઉર્વશી રૌતેલાને ગ્રોવ ટ્રેડર્સના નામે એક ઈમેલ મળ્યો છે, જેનો સ્ક્રીનશોટ અભિનેત્રીએ તેના સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જેના પર લખ્યું છે - તમારો ફોન મારી પાસે છે, જો તમે તેને પાછો મેળવવા માંગતા હોવ તો તમારી પાસે હશે. મને મદદ કરવા માટે મારા ભાઈને કેન્સર છે અને તેની સારવાર કરાવવી જોઈએ. અભિનેત્રીએ આ પોસ્ટ પર થમ્પ્સ-અપ સાઈન કરી છે, જે દર્શાવે છે કે તે તેમને મદદકરશે.

## અદાણીએ ૭૬૫ કેવીની વારોરા-કુર્નુલ ટ્રાન્સમિશન લાઈન કાર્યાન્વિત કરી

ગુજરાત | વંદન

મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં 1,756 સર્કિટ કિલોમીટરમાં ફેલાયેલ વારોરા- કુર્નૂલ ટ્રાન્સમિશન (WKTL) અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL) દ્વારા પૂર્ણ રીતે કાર્યન્વિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પશ્ચિમી અને દક્ષિણ પ્રદેશો વચ્ચે ૪૫૦૦ મેગાવોટનો નિરંતર વીજ પૂરવઠો પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય ગ્રીડને મજબૂત બનાવવા સાથે દક્ષિણ ક્ષેત્રની ગ્રીડને મજબૂત કરશે

વારોરા કુર્નૂલ ટ્રાન્સમિશન લિ.એ અત્યાર સુધીનો સૌથી મોટો 765 kV D/C (Hexa વાહક) ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડિંગ પ્રોજેક્ટ છે જે એક જ યોજના હેઠળ આપવામાં આવ્યો છે. ૨૦૧૬ના આરંભે એસ્સેલ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિ.ને ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડ પર આ એવોર્ડ આપવામાં આવ્યો હતો અને બાદમાં ધિરાણકર્તાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા તણાવગ્રસ્ત દેવાના પુનર્ગઠનને પગલે માર્ચ-૨૦૨૧માં AESL દ્વારા હસ્તગત કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટની તીવ્રતાનો અંદાજ એ હકીકત પરથી તરવી શકાય છે કે આ માટે ટાવર ઊભા કરવા માટે કુલ ૧.૦૩ હજાર મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટ્રાન્સમિશન લાઈનો માટે કુલ ૩૦,૧૫૪ કિમી કંડક્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે ચંદ્રના ત્રણ રાઉન્ડ ફરવા બરાબર છે.

એન્જિનિયરિંગ અને અમલવારીની અજાયબી એ છે કે 102 મીટરની ઊંચાઈના બે મિડ-સ્ટ્રીમ ટાવર દરેક પાઈલ ફાઉન્ડેશન સાથે પ્રથમવાર કૃષ્ણા નદી પર સ્થાપવામાં આવ્યા છે. નદીમાં ઉપરાંત ટાવરોનું નિર્માણ અને 116 મુખ્ય પાવર લાઈન, રેલ્વે ઈલેક્ટ્રિફાઈડ ટ્રેક અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોને યોગ્ય રીતે પાર કરતી લાઈનોનું સ્ટ્રિંગિંગ પડકારરુપ હતું.

ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

## હોસ્પિટલ પર હુમલામાં 500 નિર્દોષોની હત્યાનું મહાપાપ ઈતિહાસમાં કોના નામે લખાશે..? ઈઝરાયલ કે હમાસ..?





છેલ્લાં કેટલાય દિવસોથી ઈઝરાયલ અને હમાસ વચ્ચેના જંગનો હજુ અંત આવ્યો નથી. અંત શું હશે અને જીત કોની થશે તે સામી ગદિવાલ પર લખાયેલું છે. પણ આ દરમ્યાન ગાઝામાં હોસ્પિટલ પર થયેલો હુમલો અને તેમાં 500 કરતાં વધુ નિર્દોષ લોકોના મોત ખરેખર તો એક પ્રકારની હત્યા જ કહી શકાય. ઈતિહાસમાં પહેલીવાર ભારતમાં અને ગુજરાતમાં અમદાવાદની સાવીલ હોસ્પિટલમાં ગોધરાકાંડ બાદ હુમલો કરાયો હતો. સીવીલના ટ્રોમા સેન્ટરમાં કરાયેલા હુમલામાં કેટલાય નિર્દોશ નાગરિકો ગાઝાની હોસ્પિટલમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોની જેમ ભોગ બન્યા હતા. ખેખર તો તે માનવતાની સામે કાયરતાપૂર્ણ કામ હતું. અમદાવાદની સીવીલના ટ્રોમા સેન્ટર પરના હુલા બાદ હવે ગાઝામાં થયેલો હુમલો ઈતિહાસની બીજી કમભાગી ઘટના કહી શકાય.

દુનિયાએ બબ્બે વિશ્વ યુધ્ધો જોયા છે. લાખો સૈનિકો અને નાગરિકો તેમાં માર્યા ગયા છે. આ વિશ્વ યુધ્ધમાં પણ કોઈ દિવસ યુધ્ધના મોરચે રેડક્રોસની છાવણીમાં સારવાર લેતા સૈનિકો પર હુમલો થયો નથી. વાસ્તવમાં યુધ્ધના મોરચે રેડક્રોસના સ્વયંસેવકોને આદર આપીને તેમનું રક્ષણ કરવામાં આવતુ હતું. પરંતુ માનવતા મરી પરવારી હોય તેમ આજના 21મી સદીમાં માનવી એટલી હદે નીચે ઉતરી ગયો છે કે સારવાર લેતા નિર્દોષ નાગરિકોને મારવા માટે હોસ્પિટલને પણ છોડતા નથી અને તેના પર રોકેટમારો ચલાવીને 500 કરતાં વધુ જિંદગીઓને હણી નાંખવાનું પાપ કર્યું છે. અને આ પાપ કરતાં મહાપાપ કાં તો ઈઝરાયેલે કર્યું છે કાં તો હમાસે. બન્ને એકબીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યાં છે.

ઈઝરાયલનો દાવો છે કે હમાસે છોડેલું રોકેટ મિસફાયર થઈને તેના જ વિસ્તારમાં હોસ્પિટલ પર જઈને પડ્યું. જ્યારે હમાસનો દાવો છે કે આ ઈઝરાયલની સેનાનું કૃત્ય છે. અલબત એવુ બની શકે કે હમાસે ઈઝરાયલને ટાર્ગેટ કરીને જે રોકેટ છોડ્યું હોય તેને ઈઝરાયલી સેનાએ ટેકનોલોજી વડે વાળીને એના જ વિસ્તારમાં ટાર્ગેટ બદલી નાંખ્યું હશે. અથવા એમ પણ બને કે ઈઝરાયલે પોતાના 1600 નાગરિકોની હત્યાનો બદલો લેવા ગાઝાની હોસ્પિટલને નિશાન બનાવી હોય.

કહેવાય છે કે યુધ્ધ અને પ્રેમાં બધુ જ શક્ય છે અને બધુ જ માફ છે. પણ આ માફ કરી શકાય તેમ નથી. ઈઝરાયેલી સેનાથી ઘવાયેલા પેલેસ્ટાઈન નાગરિકો સારવાર માટે હોસ્પિટલમાં નહીં જાય તો બીજે ક્યાં જશે..? અને ત્યાંપણ જો તેમની સલામતી ન હોય તો તેઓ ક્યાં જશે..? આ તબક્કે હમાસના 7 ઓક્ટોબર, 2023ના હુમલાનો બચાવ કરાય તેમ નથી. કેમ કે હમાસે ઈઝરાયલની સામે કોઈપણ તાજી ઉશ્કેરણી વગર એકાએક હુમલો કરીને અને તે પણ હેંગ ગ્લાઈડરથી ઈઝરાયલના આકાશમાંથી ઉતરીને હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. અને તેને આધુનિક યુધ્ધની એક નવી પરિભાષા પણ કહી શકાય.

હમાસને તેના હુમલાની સજા મળી રહી છે અને શક્ય છે કે ઈઝરાયલ આર કે પારની લડાઈ લડીને હમાસનો કાયમ માટે ખાત્મો બોલાવી દે તો નવાઈ નહીં. પણ આ અગાઉ હમાસ દ્વારા ઈઝરાયલ પર હુમલાઓ થયા છે અને છતાં હમાસનો ખાત્મો થયો નથી. બની શકે કે આ વખતના ઈઝરાયલના વળતા હુમલામાંથી પણ હમાસ બચી શકે છે અને ભવિષ્યમાં વધુ આધુનિક તકનીક સાથે ઈઝરાયલ પર ફરીથી હુમલો નહીં કરે એમ કોઈ અને ઈઝરાયલ પણ દાવો કરી શકે તેમ નથી. વર્ષોથી ગાઝાપટ્ટી વિસ્તાર માટે ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે (યહુદીઓ અને આરબ વચ્ચે) યુદ્ધ, છમકલાં, હુમલાઓ-વળતા હુમલાઓ વગેરે. થતાં આવ્યાં છે અને થશે. પણ તેમાં ભોગ તો નિર્દોષ લોકોને જ લેવાશે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુનો દ્વારા જો એવુ નક્કી ન કરાયું હોય કે, કોઈ પણ દેશે આવી સ્થિતિમાં હોસ્પિટલો પર હુમલાઓ કરવા નહીં અને જો એવુ કરશે તો તેની સામે કાર્યવાહી કરાશે, તો તાકીદે આ પ્રકારનો ઠરાવ કરીને તેનું કડકપણે પાલન થાય તેવી કાર્યવાહી જરૂરી છે. નહીંતર એવુ થશે કે જેમ સીવીલના ટ્રોમા સેન્ટર પર આતંકીઓ દ્વારા હુમલો થયો, ગાઝામાં આખી હોસ્પિટલને નિશાન બનાવવામાં આવી તેમ હવે પછી હોસ્પિટલો પણ સલામત નહીં રહે અને યુધ્ધમાં, હુમલામાં ઘાયલ લોકો સારવાર માટે કયા સુરક્ષિતસ્થળે જશે..

### મહિલા-પુરૂષ સંબંધિત એક નવા સંશોધનમાં ચોંકાવનારી માહિતી સામે આવી....

# મહિલાઓને પુરુષોની એક વાત 'ખૂબ' પસંદ છે, અને તે છે...

## એક અભ્યાસ સૂચવે છે કે સ્ત્રીઓ એવા પુરુષો તરફ આકર્ષાય છે કે સ્વભાવે....

ગુજરાત વંદન
gujaratvandan.com



મહિલાઓ કેવા પુરૂષ સાથે લગ્ન કરવા માંગે છે અને તેઓ કેવા પુરૂષ સાથે ડેટ પર જવા માંગે છે, એવા કેટલાક પ્રશ્નો છે જે હંમેશા દેશ-દુનિયામાં અને ઘર ઘર કી કહાની..ની જેમ કાયમ ચર્ચામાં રહે છે. કહેવત છે કે એક નૂર આદમી હજાર નૂર કપડા... એમ મહિલા એક છે પણ તેને કેવો પુરૂષ ગમે તે કોઈ ચોક્કસ નથી.બની શકે કે સમય , સ્થળ અને સંજોગો અનુસાર તેની માન્યતા-ધારણા કે પસંદગીમાં ફેરઆપ થઈ શકે.

જેનુ મન કળી શકાતુ નથી એવી મહિલાઓ માટે આ વિષય સંશોધનનો વિષય બન્યો છે. ડેટિંગ પરના તાજેતરના સંશોધનોએ આમાંના કેટલાક પ્રશ્નોના જવાબો મેળવવાના પ્રયાસો કર્યા છે. એક નવતર સંશોધન દર્શાવે છે કે સ્ત્રીઓ શારીરિક રીતે મજબૂત પુરુષોને પસંદ વધારે કરે છે. જ્યારે લગ્ન અને લાંબા ગાળાના સંબંધોની વાત આવે છે, ત્યારે સ્ત્રીઓ સામાન્ય રીતે ખુશખુશાલ કે આનંદી સ્વભાવના પુરુષોને વધારે પસંદ કરે છે.

પર્સનલ રિલેશનશિપમાં પ્રકાશિત એક અભ્યાસ સૂચવે છે કે સ્ત્રીઓ એવા પુરૂષો તરફ આકર્ષાય છે જેમના પાર્ટનરમાં રમૂજની ભાવના સારી હોય છે. સ્ત્રીઓ તેમની પસંદગીઓ અનુસાર શક્તિશાળી અને ખુશ પુરુષો વચ્ચે પસંદગી કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, તેણી તેના જીવનસાથીની પસંદગી કેટલાક પરિબળોને ધ્યાનમાં રાખીને કરે છે. મહિલાઓ ટૂંકા ગાળાના સંબંધો માટે મજબૂત પુરુષોને પસંદ કરે છે

અભ્યાસ માટે 394 મહિલાઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. મોટાભાગની મહિલાઓની ઉંમર 19 વર્ષની આસપાસ હતી. મહિલાઓએ પણ મજબૂત શારીરિક અને માનસિક ગુણો ધરાવતા જીવનસાથીની જરૂરિયાત અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આમાં મહિલાઓ એવા જીવનસાથીને પસંદ કરવા માંગે છે જે શારીરિક રીતે આકર્ષક હોય અને તેનામાં સકારાત્મક વર્તન લક્ષણો હોય. પરંતુ આવા જીવનસાથીને શોધવામાં મુશ્કેલીઓને કારણે કેટલીકવાર પ્રાથમિકતાઓ બદલાઈ જાય છે.

આકર્ષક સ્ત્રીનો પ્રથમ ગુણ આત્મવિશ્વાસ છે. જો કોઈ વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અભાવ હોય, તો તે વ્યક્તિ પોતાની જાતને યોગ્ય રીતે વ્યક્ત કરી શકશે નહીં. આત્મવિશ્વાસનો અભાવ આકર્ષક નથી. જો કે, અપાર આત્મવિશ્વાસ ધરાવતો માણસ ખૂબ જ આકર્ષક લાગે છે. કારણ કે તે પોતાની જાતને સારી રીતે વ્યક્ત કરી શકે છે.

તમારા માટે નિર્ભય રહેવું ખૂબ જ જરૂરી છે. આત્મવિશ્વાસ વધારવા માટે, તમારી જાતને એવા લોકોથી ઘેરી લો જે તમારામાં વિશ્વાસ રાખે છે. જ્યારે તમે તમારી જાતને આત્મવિશ્વાસ ધરાવતા લોકોથી ઘેરી લો છો, ત્યારે તમે તેમની પાસેથી ઘણું શીખી શકો છો.

કેટલાક ખૂબ કાળજી રાખતા હોય છે જ્યારે અન્ય સ્વ-સમજિત હોય છે. તેમની આસપાસ શું થઈ રહ્યું છે તેની તેમને કોઈ પરવા નથી. આ છોકરાઓ તેમની ગર્લફ્રેન્ડ સાથે ડેટ પર જાય છે પરંતુ છોકરીની પસંદગીઓ પર ધ્યાન આપવાને બદલે તેઓ માત્ર પોતાની ઈચ્છાઓનું જ ધ્યાન રાખે છે. જો તેઓ એવા સ્વભાવના હોય તો તેની સાથે લગ્ન કરતા પહેલા હજાર વાર વિચાર કરવાનું તેઓ પસંદ કરતી હોય છે..

તે માત્ર તમારી સાથે જ નહીં પરંતુ તમારાથી સંબંધિત લોકો સાથે પણ આદરપૂર્વક વાત કરે છે. તે જાણે છે કે કોઈનું સન્માન કેવી રીતે કરવું. આવી વ્યક્તિ સાથે જીવન જીવવું સરળ છે. આવા લોકો પોતાની જીભ અને શબ્દોનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે અને પોતાના પાર્ટનરનું દિલ દુભાવતા નથી.

એક તરફ આ પ્રકારનું સંશોધન છે તો બીજી તરફ સદગુરુ જગ્ગી કહે છે કે જો તમે ઈચ્છો છો કે તમારો સંબંધ સફળ રહે અને લાંબો સમય ટકી રહે, તો તમારે પહેલા હારતા શીખવું પડશે. જ્યાં સુધી તમે નાની નાની બાબતોમાં હાર સ્વીકારી ન લો ત્યાં સુધી તમે કોઈનું દિલ જીતી શકતા નથી. કારણ કે આ નાની-નાની વાતો મિનિટોમાં પ્રેમાળ સંબંધ તોડી શકે છે. તેથી, સંબંધ બચાવવા માટે ઝુકાવ કરવાનો પ્રયાસ કરો. તેનાથી સંબંધોમાં તિરાડ નહીં આવેઆજકાલ લોકોને એકબીજા પાસેથી ઘણી અપેક્ષાઓ હોય છે. લોકોને કોઈના પ્રેમમાં પડે અને સામેની વ્યક્તિએ તેમની બધી ઈચ્છાઓ પૂરી કરવી જોઈએ એવું વિચારતા ચાર દિવસ નથી લાગતા. આ ધારણા સૌથી ખોટી છે.આ રીતે તમે ક્યારેય સંબંધમાં સફળ નહીં થઈ શકો. તેથી, તમારા જીવનસાથી પાસેથી કંઈપણ અપેક્ષા કરવાનું બંધ કરો. આ ઉપરાંત, વ્યક્તિએ હંમેશા પોતાનો વિચાર ન કરવો જોઈએ. તમારી પાસે તમારા જીવનસાથીની મૂળભૂત અપેક્ષાઓ હોઈ શકે છે, જેમ કે પ્રામાણિકતા અને આત્મસન્માનનો આદર કરવો.

**સંબંધ માતા-પિતા સાથે હોય કે મિત્રો સાથે, તેનું મહત્વ હંમેશા યાદ રાખવું જોઈએ. સન્માન વિના કોઈ સંબંધ લાંબો સમય ટકી શકતો નથી**

સંબંધ માતા-પિતા સાથે હોય કે મિત્રો સાથે, તેનું મહત્વ હંમેશા યાદ રાખવું જોઈએ. સન્માન વિના કોઈ સંબંધ લાંબો સમય ટકી શકતો નથી. તમારા સંબંધને મજબૂત કરવા માટે એકબીજાને માન આપવું ખૂબ જ જરૂરી છે. તમારા સંબંધમાં પ્રેમ ટકી રહેશે કે નહીં તે કહી શકાય નહીં, પરંતુ આદર ચોક્કસપણે ટકી રહેશે.

કોઈપણ સંબંધમાં કોમ્યુનિકેશન ગેપ સંબંધને બગાડી શકે છે, આ પરિસ્થિતિથી બચવા માટે, કોઈ પણ બાબતને ધ્યાનમાં ન રાખો અને મુક્તપણે બોલો અને અન્યને તેમની લાગણી વ્યક્ત કરવાનો મોકો આપો. તમારા વર્તન, પૈસા અથવા હોદ્દા દ્વારા કોઈપણ સ્વજનનું અપમાન કર્યા વિના બધાને માન આપો. કોઈ યુવાન હોય કે વૃદ્ધ, બધાને સમાન સન્માન આપો. માન મેળવવા માટે તમારે માન આપવું પડશે. દુનિયામાં દરેક સંબંધ વિશ્વાસ પર આધારિત છે. જ્યારે વિશ્વાસ નબળો પડે છે ત્યારે ઉંમર અને લોહીના સંબંધો પણ તૂટી જાય છે. એટલા માટે તમારે તમારા કોઈપણ સંબંધો પર શંકા ન કરવી જોઈએ અને તમારા પ્રિયજનોનો વિશ્વાસ ક્યારેય તોડવો જોઈએ નહીં. જુઓ કે સંબંધમાંનો વિશ્વાસ ક્યારેય નિષ્ફળ ન જાય..

સંબંધોને વ્યાવસાયિકની નજરથી જોઈ શકાતા નથી. ઘણા લોકો આ દિવસોમાં સંબંધોમાં ફાયદા અને ગેરફાયદા જુએ છે. પરંતુ તે ન કરો. સંબંધો લાભ લેવા વિશે નથી, પરંતુ એકબીજાને ટેકો આપવા વિશે છે. તેથી કોઈ પણ સંજોગોમાં એકબીજાનો સાથ ન છોડો.

ધર્મ

## નવરાત્રિનો 10મો દિવસ એટલે દશેરાનું અનેરું છે મહત્વ



આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે તેને દશેરા કહેવામાં આવે છે. આ વખતે દશેરા 24 ઓક્ટોબરના રોજ દેશભરમાં ઉજવાશે. દશેરાનો મતલબ માઠી દશા હરનાર એવો થાય છે. હકીકતમાં દશાહરા શબ્દનો અપભ્રંશ થઈને દશેરા શબ્દ તરી આવ્યો છે. નવરાત્રિના નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજ્યા દસમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં રામ રાવણનું યુદ્ધ સતત નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દસમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધાં હતાં, તેથી આ પર્વને વિજ્યાદસમી તરીકે ઉજવવામાં આવે છે. વિજ્યાદસમી એ અસત્ય ઉપર સત્યનો વિજયનું પ્રતીક છે.

અહંકારી દુષ્ટ રાવણનો શ્રીરામે વધ કર્યા પછી લંકા ઉપર જે વિજય મેળવ્યો તેથી સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજ્યાદસમી કહેવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદ્ઘાટન કે શુભ મુહુર્ત કરે છે.

અમુક લોકો પોતાના વાહનોની પૂજા કરી ફૂલ હાર ચઢાવે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔદ્યોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનરીની સાફસફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલ થી પૂજા કરવાનું અનેરું મહત્વ છે.

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

ગુજરાત વંદન
gujaratvandan.com

## સાત અનોખા જીવનમંત્ર ...




આપણે સૌ હંમેશાં ખુશી અને આનંદમય જીવન જીવવાની ઈચ્છા રાખીએ છીએ. ઘણાં બધાં ખુશીથી પોતાનું જીવન વ્યતિત કરતાં હોય છે પરંતુ શું તે સાચી ખુશી છે? સાચો આનંદ છે? પોતાનાં અંગત સ્વાર્થને સાધીને શું ખુશ રહી શકાય છે? આવાં જ થોડાં એવાં સવાલો જેનાં જવાબોની શોધ પૂર્ણ કરતી એક નાની પુસ્તિકા એટલે 'હેપ્પીનેસ (24×7)'.

લેખિકા દિપ્તી ટેલરની આ પુસ્તિકા ભલે નાની રહી પરંતુ તે ગાગરમાં સાગર સમાઈ જાય તેટલો વિશાળ બોધ આપી જાય છે. જીવન જીવવાની જડીબુટ્ટી સમાન અહીં લેખિકાએ લખેલાં સાત જીવનમંત્રો જીવનનાં રાજીપાની પાસે લઈ જાય છે.

લેખક શ્રી મનિષ સાકરીયા લખે છે,'આ પુસ્તક થકી લેખકે તમામ વાચકોને કેટલાંક ચમત્કારીક જીવનમંત્રો આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે, કે જેને રોજિંદા જીવન વ્યવહારમાં અપનાવીને 'Happiness (24×7)' સહજ બની જાય છે. જીવનની હર ઘડી શુભ ઘડી બનાવવા માટેનાં આ દરેક જીવનમંત્રને જીવનમાં ઉતારવા જેવા છે.'

નિયમિત પ્રાણાયામ ધ્યાન, જવાબદારી, સકારાત્મક દ્દષ્ટિકોણ, સહજ સ્વીકાર, દાન, સર્વને માટે શુભ ભાવના અને કૃતજ્ઞતા આ સાત જીવનમંત્રોમાં સમાયેલ આપણી ખુશીનું રહસ્ય લેખિકાએ સુંદર રીતે ઉજાગર કર્યું છે. કેટલાંક વીણેલાં મોતી માણીએ.

* પ્રાણાયામ અને ધ્યાનના નિયતક્રમ દ્વારા શારીરિક અને માનસિક કાર્યક્ષમતામાં અનેક ગણો વધારો થાય છે. * વાસ્તવિક રીતે જોતા પરિસ્થિતિનો અસ્વીકાર કરવાથી જ તે સમસ્યાનું રુપ લેતી હોય છે, અન્યથા સમસ્યા એ તો મનની અસ્વીકાર કરવાની વૃત્તિ માત્ર છે. * સર્વ પ્રત્યે હૃદયમાં નિઃસ્વાર્થ પ્રેમ રાખીશું ત્યારે જ અંતરમાંથી તેમના માટે શુભ ભાવનાનું ઝરણું ફૂટી નીકળશે.

રસદર્શન

## "બાબુ મોશાય જિંદગી બડી હોની ચાહિયે લંબી નહીં..."

ગુજરાત વંદન
gujaratvandan.com

**જિંદગી કૈં કયાં બધે જીવાય છે ?**
**સાવ અમથી ક્ષણ રગદોળાય છે.**

**વિનોદ માણેક 'ચાતક'**
**અંજાર-- કચ્છ**

આપણી પાસે સરેરાશ, જીવવા માટે લગભગ 27,000 - 29000 દિવસ છે. એમાંથી ત્રીજો ભાગ ઊંઘ માટે બાદ કરો અને શરૂઆતના વર્ષો જે બીજો ભાગ છે , તે યાદ નથી હોતો અને જેના પર આપણું યાદશક્તિનું નિયંત્રણ નથી.

એટલે પ્રેક્ટીકલી તમારી પાસે માત્ર 11000 થી 12000 દિવસો જ છે જેને તમે પોતાના કહી શકો છો.

જાતને ઉદાસ કરવા માટે આ ગણતરી નથી મૂકી, પણ સૂચક છે કે આ 11000 દિવસ નો ઉપયોગ આપણે કઈ રીતે કરીશું, મહાન ફિલોસોફરોએ કહ્યું છે કે જીવનની સમયની તંગીને યાદ રાખવી એ આપણા બધાને પ્રામાણિકપણે Quality Life જીવવા માટે પ્રેરે છે.

જ્યારે આપણે આ સાચી વાતને જાણીએ છીએ ત્યારે એ વિચાર કરીએ કે આ સમયનો ઉપયોગ આપણે કઈ રીતે કરીશું. ૧૯૭૦માં એક ફિલ્મ આવી હતી "આનંદ"જેમાં ખુબ સરસ સંવાદ હતો

"બાબુ મોશાય જીંદગી બડી હોની ચાહિયે લંબી નહીં"

અને જ્યારે આપણે સમયને યોગ્ય મૂલ્ય આપીએ છીએ ત્યારે આપણે તે સમયનો વ્યય કરવા માંગતા નથી.

માટે જ કવિ કહે છે

જિંદગી કૈં કયાં બધે જીવાય છે ?

ખોટા લોકો સાથે સમય વ્યતીત કરવો ટાળો. આ સમયે, જેનાથી તમે તમારો સમય ખૂબ જ મહત્વપૂર્ણ ઉત્પાદકતા, ખુશહાલી અને તમે દરરોજ કરો છો તેવા સરળ નિર્ણયો સાથે જીવન ગાળવાનું પસંદ કરો.

બને તેટલી ફરિયાદ ઓછી કરો

તમારી સમસ્યાઓ વિશે ફરિયાદ કરવામાં સમય પસાર કરવો એમાં નકારાત્મકતા જોવા મળે છે. નિરાશાવાદ,

બીજા શબ્દોમાં કહીએ તો, વ્યવહારૂ બનવાથી ફરિયાદ ઓછી થાય છે.

જરૂર લાગે તો કોઈને મદદ માટે પૂછો કોઈનો ખભો બનો , કોઈનો ટેકો બનવા! આ ક્ષણો જીવનભર યાદ રહે છે અને હંમેશા ઉપયોગી થાય છે.

બીજા લોકોને કેવી રીતે જીવવું તે સલાહ આપવામાં સમય ન બગાડવો !

કારકિર્દીની તકો ઝડપી રીતે, મુશ્કેલીને તક માં પરિવર્તિત કરો.

સામે જીવન જ પસાર થઈ જશે પછી એક જ ફરિયાદ રહેશે - સૌથી સામાન્ય "અફસોસ".

જ્યારે તમને ખ્યાલ આવશે ત્યારે તો જીવન લગભગ સમાપ્ત થઈ ગયું હશે. જન્મથી મૃત્યુ સુધીની સફર એટલે કે બે કૌંસ વચ્ચે ચાલતી આ જિંદગી.....

સરવાળે કેટલાક સુખ કેટલાક દુઃખ,

કેટલીક લેણદેણ કેટલીક આપલે,




કેટલીક ચર્ચા કેટલાક વિવાદ ,

કેટલીક હુંસાતુસી કેટલુક મારું-તારું ,કેટલીક વ્યથા કેટલીક કથા,

વિગેરે વિગેરે અનેક અનેક વિવાદો સંવાદો ,અને તેથી ય વધુ તે બધું જ આપણા જીવનનો એક ભાગ થઈને ચાલ્યા આવે છે સૌના જીવનમાં આ ઓછાવત્તા પ્રમાણમાં હોવા છતાં સૌ પોતે પોતાના ભાગે જિંદગીની લડત ચાલતી આવી છે.ટૂંકમાં કહીએ તો આ રોજના રોદણાં રડવાની પરંપરા છે કંઈક કેટલા વર્ષોથી સદીઓથી ચાલતી આવી છે અર્થનો પીછો કરવો સમયનો નહીં, તમારી જાતને તમારી લાગણીથી દૂર રાખવી, પ્રેમની બદલાવની ક્ષમતા વિશેના આશાવાદ અને આશાવાદથી આપણે ખરાબ સંબંધ સાથે વળગી રહીએ છીએ.

જેને સુંદર રીતે કવિએ દર્શાવ્યું છે

સાવ અમથી ક્ષણ રગદોળાયછે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### આ વખતે પાસપોર્ટ અરજીઓમાં 50%નો વધારો નોંધાયો, નવા પાસપોર્ટ માટે રેકોર્ડ બ્રેક અરજીઓ

# ગુજરાતીઓમાં વિદેશ જવાનો ક્રેઝ વધ્યો

ગુજરાત | વંદન

આજ કાલ લોકોમાં વિદેશ જવાનો ક્રેઝ ખુબ વધી રહ્યો છે. રાજયમાં વિદેશ જવા માટે પાસપોર્ટ અરજીઓમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. વિદેશમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓએ આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં રેકોર્ડબ્રેક 7 લાખ અરજીઓ નોંધાવી છે.આ વખતે પાસપોર્ટ અરજીઓમાં 50%નો વધારો નોંધાયો છે.

અમદાવાદમાં પાસપોર્ટ કઢાવનારાઓની સંખ્યામાં ભારે ઉછાળો નોંધાયો છે. ચાલુ વર્ષે રિજનલ પાસપોર્ટ ઓફિસમાં આવેલી અરજીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સપ્ટેમ્બર 2023 સુધીમાં રેકોર્ડબ્રેક 7 લાખ અરજીઓ પાસપોર્ટ માટે આવી હતી. જે ગયા વર્ષની સરખામણીએ 50 ટકા વધારે છે. મહત્વનું છે કે, વિદેશ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ કોરોના મહામારી બાદ વિદેશમાં ફરવાની મહત્વકાંક્ષા વધાવાને કારણે આ વધારો નોંધાયો છે.રિજનલ પાસપોર્ટ ઓફિસર વરેન મિશ્રાએ મીડિયાને જણાવ્યું હતુ કે, "વિદેશમાં અભ્યાસ કરવા જવાની વિદ્યાર્થીઓની મહત્વકાંક્ષા આ વધારાનું મુખ્ય કારણ છે. આ સિવાય ઘણાં લોકોને વર્ષ 2021-22માં પાસપોર્ટ નહોતો મળી શક્યો એટલે ચાલુ વર્ષે અરજીઓના વધારાનું એક કારણ આ પણ છે." જો કે આ અરજીઓના વધારાને પહોંચી વળવું રિજનલ પાસપોર્ટ ઓફિસ માટે પડકારરૂપ પણ રહ્યું. પાસપોર્ટ અરજીઓના વધારાને કારણે થોડા સમય માટે તો અપોઈન્ટમેન્ટ મળવાનો સમયગાળો 45 દિવસનો થઈ ગયો હતો, જેના કારણે લોકોને હાલાકી વેઠવી પડી હતી. જો કે હાલ અપોઈન્ટમેન્ટ માટે વેઈટિંગ પીરિયડ 1 મહિનાનો છે.




ગુલબાઈ ટેકરા સ્થિત રિજનલ પાસપોર્ટ ઓફિસ તરફથી પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ 2019માં એટલે કે કોરોના કાળ પહેલાના વર્ષમાં 6,91,794 અરજીઓ પાસપોર્ટ માટે આવી હતી. જ્યારે સપ્ટેમ્બર 2023માં જ આંકડો 7 લાખને પાર પહોંચી ગયો છે.

રિજનલ પાસપોર્ટમાં સ્ટાફની અછત અને મોટી સંખ્યામાં અરજીઓ આવવાના લીધે આ ભરાવો થયો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જાણકારી મુજબ રિજનલ પાસપોર્ટ ઓફિસમાં સ્ટાફની 40 ટકા ઘટ છે આમ સ્ટાફની અછતને કારણે કામ પૂરું થવામાં વાર લાગી રહી છે. અગાઉ અરજીઓના ભરાવાને કારણે તત્કાલ સર્વિસમાં પણ 7થી10 દિવસનો સમય લાગતો હતો. જોકે, હાલ તત્કાલ અપોઈન્ટમેન્ટ બીજા જ દિવસે મળી જાય છે. વરેન મિશ્રાએ મીડિયાને જણાવ્યુ હતુ કે, "લોકોને તકલીફ ન પડે તે માટે અમારી ટીમ પ્રયત્નશીલ છે. અરજીઓના વધારા વચ્ચે પણ અમે 40 હજાર જેટલી ફાઈલ્સ પ્રોસેસ કરી દીધી છે. કેટલાય મહિનાઓથી અમે શનિવારે પણ કામ ચાલુ રાખ્યું છે. અમારા ત્યાં ગ્રાન્ટિંગ ઓફિસરની તંગી છે તેમ છતાં અમે વીકએન્ડ દરમિયાન બહારથી અધિકારીઓને અહીં બોલાવીને કામ પૂરું કરાવી રહ્યા છીએ. પોસ્ટ ઓફિસોમાં ગ્રાન્ટિંગ ઓફિસરોની તંગી હોવાને લીધે પણ તકલીફ પડી રહી છે પરંતુ વધુ અધિકારીઓ મળી રહે તે માટે અમે મંત્રાલય સાથે વાત કરી છે. અમે માઈક્રો લેવલ પર વ્યૂહરચના તૈયાર કરી રહ્યા છીએ. તેના લીધે વેઈટિંગ ટાઈમ જલ્દી જ ઘટી જશે તેવી આશા છે"

### હવે અમદાવાદીઓને મળશે ખાડા રાજમાંથી મુક્તિ

# દિવાળી પહેલા રોડ રિપેરિંગનાં કામ પૂર્ણ કરવા તંત્રને સૂચના અપાઈ

ગુજરાત | વંદન

મેગાસિટી અમદાવાદમાં આખું ચોમાસું સિઝન હાલાકી ભોગવ્યા બાદ હવે રોડ રસ્તા રીપેર કરવામાં આવશે. વાત જાણે એમ છે કે, અમદાવાદમાં 4 મહિના બાદ બિસ્માર રોડની સમસ્યાથી મુક્તિ મળશે. જેને લઈ હવે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ-રસ્તા બનાવવાની કામગીરી પર ચાંપતી નજર રાખવા માટે ડ્રોન મારફતે મોનીટરીંગ કરવા માટેની હિલચાલ હાથ ધરાઈ છે.

અમદાવાદમાં દિવાળી પહેલા બિસ્માર રસ્તાનું સમારકામ કરાશે. જેને લઈ આગામી 4 મહિના બાદ સંભવિત રીતે શહેરીજનોને બિસ્માર રોડની સમસ્યાથી મુક્તિ મળી શકે છે.



જોકે આખું ચોમાસું સિઝન હાલાકી ભોગવ્યા બાદ હવે તંત્ર દ્વારા રોડ રસ્તા રિપેર કરાશે. આ તરફ શહેરમાં ઝડપથી નવા રોડ બનાવવા તંત્રને સૂચના અપાઈ છે. વ્યુ મિટિંગમાં અમદાવાદમાં દિવાળી પહેલા રોડ રિસરફેસ અને નવા રોડ બનાવવા સહિતની કામગીરીને ઝડપથી પુનર કરવા અમદાવાદ મ્યુનિશિપલ કમિશ્નર એમ.થેન્નારસને સૂચના આપી છે.

AMC દ્વારા રોડના કામોનું સુપ્રવિઝન કરી શકાય તે હેતુસર નવીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી શકે છે. તંત્ર દ્વારા ડ્રોન મારફતે રોડના કામોનું કોઈપણ સમયે સુપરવિઝ ન કરવા વિચારણા કરવામાં આવી રહી છે. આ સાથે દિવાળીના તહેવારોમાં નાગરિકોને ખાડાવાળા રસ્તા પરથી પસાર ન થવું પડે અને કોઈ હાલાકી ન ભોગવવી પડે તે માટે રોડ-રસ્તાના કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
મેષ રાશિના લોકો માટે આવનાર સપ્તાહ ખાસ રહેવાનું છે. ઘરને સુંદર બનાવવા માટે શોપિંગ પણ કરી શકાય છે. તમે મહત્ત્વપૂર્ણ લોકો સાથે સંપર્કો બનાવશો, જે તમારા માટે ફાયદાકારક સાબિત થશે. ક્યારેક તમારો સ્વભાવ ચીડિયા બની શકે છે. સાસરિયાં સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવો.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારી આસપાસના સકારાત્મક લોકો સાથે વાત કરવાથી તમે હળવાશ અનુભવશો. અવરોધો અને અડચણો છતાં કાર્ય પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ સંબંધિત કોઈપણ સમસ્યાના ઉકેલમાં કોઈની મદદ મળશે. તમારા ખર્ચને તમારી જરૂરિયાત મુજબ મર્યાદિત અને સંતુલિત રાખો.

**મિથુન** (ક.છ.ઘ)
આગામી અઠવાડિયે પ્રિયજનોને મળવાથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ બાકી કામ પણ પૂર્ણ થશે. આ સમયે, બાકી ચૂકવણી વગેરે મળવાને કારણે નાણાકીય પાસું વધુ મજબૂત થતું જણાય છે. ઝડપી સફળતાની શોધમાં તમને તમારું નુકસાન પણ થઈ શકે છે. તેથી, કાર્યોને સરળ રીતે પૂર્ણ કરો.

**કર્ક** (ડ.હ)
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી પરેશાનીઓમાંથી આ સપ્તાહે થોડી રાહત મળવાની છે. જો ઘરની જાળવણી અથવા નવીનીકરણ માટે કેટલીક યોજનાઓ ચાલી રહી છે, તો તે ફળવાનો સમય છે. બપોર પછી કોઈ મિત્ર અથવા સંબંધી સાથે કોઈ વિવાદાસ્પદ સ્થિતિ ઊભી થઈ શકે છે.

**સિંહ** (મ.ટ)
ઘરમાં કેટલાક ખાસ લોકોનું આગમન થશે જેમની સાથે વિચારોની આપ-લેથી તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે. લાંબા સમયથી તમારા વ્યસ્ત કાર્યક્રમને કારણે તમે થાક અનુભવી રહ્યા હતા. ક્યારેક મનમાં બેચેની અને ક્રોધની સ્થિતિ રહેશે. તમારી આ ખામીઓને દૂર કરો.

**કન્યા** (પ.ઠ.ણ)
વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ પ્રત્યેની મહેનતનું સાનુકૂળ પરિણામ મળશે. તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડો સમય આરામ અને આનંદ માટે પણ કાઢશો. કેટલાક લોકો તમને ભાવનાત્મક રીતે નબળા પાડવા માટે ઈર્ષ્યાથી તમારા પ્રત્યે નકારાત્મક વાતો કહી શકે છે, આવા લોકોથી સાવધાન રહો.

**તુલા** (ર.ત)
લાંબા સમયથી અટકેલું કોઈ કામ પૂર્ણ થઈ શકે છે. સમય પ્રમાણે તમારી કાર્ય વ્યવસ્થા અને સ્વભાવમાં પરિવર્તન લાવવું જરૂરી છે. સામાજિક કાર્યોમાં પણ વ્યસ્ત રહેશો. પારિવારિક કે બિઝનેસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે પરંતુ કોઈ પણ નિર્ણય જિદ્દી અને ઉતાવળમાં લેવો.

**વૃશ્ચિક** (ન.ય)
તમને તમારા નેટવર્કને વિસ્તારવાની સારી તક મળશે, તમે તેનો પૂરો લાભ લઈ શકો છો. કેટલાક ખાસ લોકો સાથે પરસ્પર વાતચીતથી પણ તમને ઘણી માહિતી મળશે. તમામ પારિવારિક અને સામાજિક કાર્યોને આયોજિત અને શિસ્તબદ્ધ રીતે ગોઠવવાથી સફળતા મળશે.

**ધન** (ભ.ધ.ફ)
જો તમે કોઈ અંગત નિર્ણય સમજી-વિચારીને લેશો તો તમારો નિર્ણય યોગ્ય રહેશે. તમે કંઈક એવું પણ શીખી શકો છો જે તમારા માટે પડકારજનક હતું. આર્થિક લાભની નોંધપાત્ર સંભાવના રહે છે. પૈસા સંબંધિત લેવડ-દેવડ કરતી વખતે સાવધાની રાખો.

**મકર** (ખ.જ)
આસપ્તાહે કેટલીક તકો આવશે, પરંતુ તેને પ્રાપ્ત કરવી પણ તમારી ક્ષમતા પર નિર્ભર છે. કેટલીક બાકી ચૂકવણી પ્રાપ્ત થવાથી નાણાકીય સ્થિતિમાં થોડો સુધારો થશે. સંબંધોમાં લોકો સાથે ગુસ્સાની જગ્યાએ પ્રેમથી વ્યવહાર કરશો તો વિવાદ શાંતિપૂર્ણ રીતે સમાપ્ત થઈ શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
કોઈપણ નિર્ણય લેવામાં તમારાથી સારી સલાહ કોઈ નહીં આપી શકે. તમારી ક્ષમતાને ઓળખો અને તેનો યોગ્ય દિશામાં ઉપયોગ કરો. તમને ચોક્કસપણે વધુ સારા પરિણામો મળશે. વિદેશ જવાની ઈચ્છા મુલતવી રાખવી તમારા માટે ફાયદાકારક રહેશે.

**મીન** (દ.ચ.ઝ)
તમારા માર્ગમાં આવનારી તકોને ઓળખીને આગળ વધો, આ ભવિષ્યમાં જ લાભ લાવશે. મકાનમાં ફેરફાર અથવા નવીનીકરણ માટે યોજનાઓ બનાવવામાં આવશે. કોઈ ગેરસમજ અથવા મુદ્દાને લઈને નજીકના સંબંધી અથવા સંબંધીઓ સાથે વિવાદ થવાની સંભાવના છે. ધ્યાન રાખો કે ઉતાવળ અને અતિ ઉત્સાહમાં લીધેલા નિર્ણયોથી પણ નુકસાન થઈ શકે છે. વેપારની સ્થિતિ આ સમયે અનુકૂળ રહેશે.

### અડધો અડધ ખર્ચ પ્રચાર પાછળ કરાયોઃ એડીઆરનો રિપોર્ટ

# ગુજરાત-હિમાચલની ચૂંટણીમાં પક્ષોએ 2077 કરોડ ઉઘરાવ્યાં, વાપર્યા ફક્ત રૂ. 288 કરોડ

ગુજરાત | વંદન

રાજકીય પક્ષો ચુંટણીમાં પાણીની જેમ પૈસા વાપરે છે તે કોઈ નવી વાત નથી. ગુજરાત તથા હિમાચલ પ્રદેશમાં ગત વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોએ 288 કરોડનો ખર્ચ કર્યો હતો. જો કે, રસપ્રદ વાત એ છે કે પક્ષોએ કુલ 2077 કરોડનું ફંડ ઉઘરાવ્યુ હતું તેમાંથી માત્ર 288 કરોડનો ખર્ચ કર્યો હતો એટલું જ નહીં અર્ધોઅર્ધ ખર્ચ પ્રહાર પાછળ કરાયો હતો. એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં રાજકીય પક્ષોએ 111 કરોડનું ફંડ એકત્રીત કર્યુ હતું

જ્યારે ખર્ચ 169 કરોડનો કર્યો હતો. ભાજપ દ્વારા સોશ્યલ મીડીયા પ્રચાર પાછળ 7.6 કરોડનો ખર્ચ કર્યો હતો જ્યારે આપ દ્વારા 95 લાખ વાપરવામાં આવ્યા હતા. ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીના જંગમાં રહેલા 111 રાજકીય પક્ષોએ 2077 કરોડનું ફંડ મેળવ્યુ હતું. 1943 કરોડ રાષ્ટ્રીય વડામથકેથી ઉઘરાવાયા હતા જ્યારે રાષ્ટ્રીયસ્તરેથી ખર્ચ 110 કરોડ કરાયો હતો. ગુજરાતમાં પ્રદેશ કક્ષાએ પક્ષોને 169 કરોડ વાપર્યા હતા. હિમાચલમાં માત્ર 9 કરોડ વાપર્યા હતા. રાજકીય પક્ષોએ




મીડીયા વિજ્ઞાપન પાછળ 121 કરોડનો ખર્ચ કર્યો હતો.

તેમાં ગુજરાતમાં 93 કરોડ તથા હિમાચલમાં 4.50 કરોડ અને રાષ્ટ્રીય કચેરીથી 24 કરોડ વાપરવામાં આવ્યા હતા. 71 કરોડ પ્રચાર સામગ્રીમાં વાપરવામાં આવ્યા હતા. તેમાં પોસ્ટર, બેનર, સ્ટીકર, હોર્ડીંગ જેવી સામગ્રી સામેલ છે. ગુજરાતતમાં તેની પાછળ 34.5 કરોડ, રાષ્ટ્રીય વડામથકેથી 32 કરોડ તથા હિમાચલમાં 4 કરોડનો ખર્ચ કરાયો છે. નેતાઓની જાહેરસભા પાછળ 17.5 કરોડ વાપરવામાં આવ્યા હતા તેમાં ગુજરાતની નેતાગીરીએ 4 કરોડ, હિમાચલની પ્રદેશ નેતાગીરીએ એક કરોડ તથા 4 કરોડનો ખર્ચ રાષ્ટ્રીયકક્ષાએથી કરાયો હતો. ગુજરાતમાં પ્રદેશ નેતાગીરીએ પ્રવાસ પાછળ 19 કરોડનો ખર્ચ કર્યો હતો. વિધાનસભા ચુંટણીના કુલ ખર્ચમાં ભાજપનો 260 કરોડ, કોંગ્રેસનો 131 કરોડ, 'આપ'નો 36 કરોડ તથા સપા દ્વારા 3 કરોડનો ખર્ચ કરાયો હતો. રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે રાજકીય પક્ષોએ 49 ટકા ખર્ચ પ્રચાર પાછળ, 30 ટકા નાણા ઉમેદવારોને આપવામાં, 30 ટકા પ્રવાસમાં તથા પાંચ ટકા અન્ય ખર્ચ કર્યો હતો. ગુનાહીત રેકોર્ડની માહિતી જાહેર કરવામાં કર્યો હતો.

# હવે શહેરીજનોને અમદાવાદ મ્યુનિસિપલ આપશે કાપડની થેલીઓ

### અમદાવાદના 16 લાખ ઘરોમાં કાપડની થેલીનું વિતરણ કરવામાં આવશે

ગુજરાત | વંદન

દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકની બેગ એટલે કે થેલી કે ઝભલાંનો ઉપયોગ નહીં કરવાની ઝુંબેશ ચાલે છે. જે પર્યાવરણ માટે આવકાર્ય છે. પ્લાસ્ટિકના વિકલ્પે કાગળ અને કાપડની બેગ વાપરાવાનો આગ્રહ રાખવામાં આવે છે. ત્યારે આ દિશામા અમદાવાદ પણ આગળ વધી રહ્યું છે હવે AMC દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. જેમાં હવે અમદાવાદીઓને AMC દ્વારા કપડાની થેલીઓનું વિતરણ કરવામાં આવશે.



અમદાવાદમાં પ્લાસ્ટિકના ઉપયોગને પગલે ઠેર ઠેર ગંદકીના ગંજ ખડકાયા હોય તેવા દ્રશ્યો સામે આવતા હોય છે. ત્યારે કચરામાંથી અને પ્લાસ્ટિકમાંથી અમદાવાદને મુક્ત કરવા માટે મહાનગરપાલિકા દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. કચરા મુક્ત અને પ્લાસ્ટિક મુક્ત અમદાવાદ બનાવવામાં પ્રયાસના ભાગરૂપે અમદાવાદમાં હવે ઘર દીઠ AMC બે કપડાની થેલીનું વિતરણ કરશે. આ નિર્ણયના ભાગરૂપે અમદાવાદના 16 લાખ ઘરોને કાપડની થેલી આપવામાં આવશે. ઉલ્લેખનિય છે કે AMCની હેલ્થ કમિટી દ્વારા હાલ આ મામલે સૈદ્ધાંતિક મંજૂર આપી દેવામાં આવી છે. જોકે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આખરી નિર્ણય પર મંજૂરીની મહોર લગાવી દેવામાં આવશે. તેમ અમદાવાદના મેયર પ્રતિભા જૈન દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# સાબરમતી રિવરફ્રન્ટના પ્લોટોની બેઝ પ્રાઈસ નકકી કરવામાં આવશે

### રિવરફ્રન્ટ લિમિટેડની બેઠકમાં લેવાયો નિર્ણય

ગુજરાત | વંદન

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની બેઠકમાં રિવરફ્રન્ટ ઉપર આવેલા પ્લોટોની બેઝ પ્રાઈસ નકકી કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરાઈ છે.કમિટી પ્લોટોની બેઝ પ્રાઈસ નકકી કરશે.બાદમાં તેને મ્યુ. બોર્ડમાં રાજય સરકારની મંજૂરી મળ્યા બાદ પ્લોટોની હરાજીનો નિર્ણય લેવાશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની મળેલી બેઠકમાં સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તાર જેમાં ખાસ કરીને વલ્લભસદનથી એન.આઈ.ડી.સુધીના વિસ્તારમાં આવેલા પ્લોટોની બેઝ પ્રાઈસ



નકકી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. પ્લોટો મામલે એક ચોકકસ પોલીસી બનાવી મ્યુનિસિપલ કોર્પોરેશનની બોર્ડ બેઠકમાં અને ત્યારબાદ રાજય સરકારની મંજુરી મળ્યા બાદ તેની હરાજી કરવામાં આવશે. મ્યુ.કમિશનરની અધ્યક્ષતામાં આ અંગે એક કમિટીની રચના કરાઈ છે. કમિટીમાં મ્યુ. કમિશનર ઉપરાંત એસ્ટેટ ઓફિસર તથા પ્લોટ સંદર્ભના તજજ્ઞોનો સમાવેશ કરાયો છે.સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનની બેઠકમાં પચાસથી વધુ પાનાની નવી પોલીસી પણ જાહેર કરવામાં આવી હોવાનુ આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. આ અગાઉ વર્ષ-૨૦૧૯માં સાબરમતી રિવરફ્રન્ટના પ્લોટોની બેઝ પ્રાઈસ નકકી કરવામાં આવી હતી.

# દેહ વ્યાપાર સામે બે દિવસમાં 1546 સ્થળોએ રાજ્યવ્યાપી દરોડા, 150ની ધરપકડ કરાઈ...

ગુજરાત | વંદન

રાજ્યમાં દેહ વ્યાપારની પ્રવૃતિઓને બંધ કરવાની સ્પેશિયલ ડ્રાઈવમાં બે દિવસમં 1546 સ્થળોએ રાજ્યવ્યાપી દરોડા પાડી 10 એફઆઈઆર નોંધવામાં આવી હતી. જ્યારે 150 જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ સ્પા સેન્ટરો તથા હોટલોનાં લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં સ્પેશિયલ ડ્રાઈવમાં બે દિવસમાં 1546 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યાહોટલ અને સ્પા સેન્ટરની આડમાં ચાલતી દેહ વ્યાપારની પ્રવૃત્તિઓને બંધ કરાવવા અંગેની ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે ત્યારે પોલીસની અલગ અલગ ટીમો દ્વારા છેલ્લા બે દિવસ દરમિયાન અલગ અલગ 1546 સ્થળો ઉપર રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવ્યા છે. ગત રોજ રાજ્યમાં હોટલ અને સ્પા સેન્ટરની આડમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓને બંધ કરાવવા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સૂચના આપવામાં આવી હતી. જે ડ્રાઈવ આજે પણ ચાલુ રહી હતી. ત્યારે પોલીસે અલગ અલગ ટીમો બનાવી છેલ્લા બે દિવસ દરમિયાન 1546 સ્થળો ઉપર રાજ્ય વ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા. બે દિવસથી ચાલી રહેલ સ્પેશ્યલ ડ્રાઈવમાં રાજ્યભરમાં પોલીસે ૨૪૨ આરોપીઓ સામે ૧૯૯ ગુના દાખલ કરી 150 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# અમદાવાદમાં AMC હવે શહેરના રોડ-રસ્તાનું હવાઈ મોનિટરિંગ કરશે, ડ્રોનથી જાણકારી મેળવશે

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે ટેકનોલોજીનો ઉપયોગ કરીને શહેરના રોડ-રસ્તાનું હવાઈ મોનિટરિંગ કરાશે. શહેરમાં વધી રહેલા ટ્રાફિક અને દબાણોનો સરવે કરવા માટે કોર્પોરેશન હવે હવાઈ મોનિટરિંગ કરશે. એએમસી દ્વારા હાલમાં બે રોડ ઉપર ડ્રોનથી સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રોનથી સર્વે કરાશે. AMC કમિશનરને ડ્રોન સર્વેલન્સ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરાયુ હતું. અમદાવાદ શહેરમાં રોડ રીપેરિંગ, ગેરકાયદેસર દબાણો, ફૂટપાથ, વોલ ટુ વોલ રોડ, ડિવાઈડર સર્કલ વગેરે કેવી સ્થિતિમાં છે અને તેમાં શું ફેરફાર કરવો જોઈએ તેનું મોનિટરિંગ કરીને કામગીરી માટે નિર્ણય લેવામાં આવશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે, શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રોડ બનાવવા, ગટર- ડ્રેનેજ અને પાણીની પાઈપલાઈન નાખવી વગેરે કામગીરીનું સતત મોનિટરિંગ ડ્રોનથી કરવા તેમજ રોડ ઉપર ગેરકાયદેસર પાર્કિંગ અને દબાણોની મોટી સમસ્યા

## શબ્દોની સંતાકૂકડી 84

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | ■ | 4 | 5 |
| 6 | | ■ | 7 | 8 | | |
| ■ | 9 | | ■ | 10 | | ■ |
| 11 | | ■ | 12 | ■ | 13 | 14 |
| ■ | 15 | 16 | | | ■ | |
| 17 | ■ | 18 | | ■ | 19 | ■ |
| 20 | | | ■ | 21 | | |

**ઊભી ચાવી**

(1) પાણી, જલ [2]
(2) લાખ રૂપિયાની પૂંજીવાળો માણસ, ખૂબ પૈસાદાર [5]
(3) છળ કરનાર કે ઢોંગી માણસ, ધુતારો [2]
(4) સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર કે ઉપરી [4]
(5) ખરાબ લોહી ચૂસી લે તેવું પાણીમાં રહેતું એક જીવડું [2]
(8) નસ, શિરા, નાડી [2]
(12) મરઘાના માથા ઉપરની કલગી [3]
(14) તર્ક, વિચાર [2]
(16) વહાણ થોભાવી રાખવા જમીનમાં ભરાવાય તેવું વાંકા અંકોડાવાળું એક સાધન [3]
(17) અગ્નિમાં આહુતિ આપતાં

**આડી ચાવી**

(19) ભ્રાંતિ, છાપ, આભાસ [2]
આડી ચાવી
(1) મહાદેવજી, શિવ [4]
(4) અદાલતનો ન્યાયાધીશ [2]
(6) રક્ષણ, બચાવ, સંભાળ [2]
(7) ઉનાળામાં પીળા રંગના પુષ્કળ ફૂલો થાય છે તે ઝાડ [4]
(9) અહીં સંધિ શબ્દ આડોઅવળો થયેલ છે [2]
(10) ભગવાન રામના પરમ ભક્ત હનુમાનજીનું શસ્ત્ર [2]
(11) નામ, મંત્ર વગેરેનું રટણ [2]
(13) ભસ્મ, રાખ [2]
(15) હિંદુઓમાં મૃતક સંસ્કારની એક ક્રિયા [4]
(18) ફળોની અંદર રહેલો માવો [2]
(20) ઉપસ્થિત, સમક્ષ [3]
(21) ગર્દભ, ખર, ગધેડો [3]

શબ્દોની સંતાકૂકડી-83નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ન | 2 ક | લ | ■ | 3 લો | ટ | ■ |
| 4 ગો | દ | ■ | 5 આ | ભ | ■ | 6 પ |
| ડ | ■ | 7 મૃ | ગ | ■ | 8 હ | ક |
| ■ | 9 દૂ | ત | ■ | 10 રં | જા | ડ |
| 11 પ્ર | ■ | 12 ક | 13 ક્ષા | ■ | 14 મ | દા |
| 15 હા | 16 ર | ■ | 17 ર | 18 વિ | ■ | વ |
| 19 ર | મ | ત | ■ | 20 ઝા | ડ | ■ |

શબ્દોની સંતાકૂકડી-84 નો ઉકેલ આવતા અંકે

## સુડોકુ

કોયડો નં. 86

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | 6 | | 7 | | 1 |
| 6 | 8 | | | 7 | | | 9 | |
| 1 | 9 | | | | 4 | 5 | | |
| 8 | 2 | | 1 | | | | 4 | |
| | | 4 | 6 | | 2 | 9 | | |
| | 5 | | | | 3 | | 2 | 8 |
| | | 9 | 3 | | | | 7 | 4 |
| | 4 | | | 5 | | | 3 | 6 |
| 7 | | 3 | | | 8 | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-86નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 5 | 2 | 6 | 9 | 7 | 8 | 1 |
| 6 | 8 | 2 | 5 | 7 | 1 | 4 | 9 | 3 |
| 1 | 6 | 7 | 8 | 3 | 4 | 5 | 9 | 2 |
| 8 | 2 | 6 | 1 | 9 | 5 | 3 | 4 | 7 |
| 3 | 7 | 4 | 6 | 8 | 2 | 9 | 1 | 5 |
| 9 | 5 | 1 | 7 | 4 | 3 | 6 | 2 | 8 |
| 5 | 1 | 9 | 3 | 2 | 6 | 8 | 7 | 4 |
| 2 | 4 | 8 | 9 | 5 | 7 | 1 | 3 | 6 |
| 7 | 6 | 3 | 4 | 1 | 8 | 2 | 5 | 9 |


## કચ્છનો વિશ્વમાં ડંકો! ધોરડાને 'વૈશ્વિક શ્રેષ્ઠ પ્રવાસન ગામ' તરીકે જાહેર કરાયો

ગુજરાત | વંદન

ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલા ધોરડોને વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં આવેલા ધોરડો ગામને વિશ્વ પ્રવાસન સંસ્થા દ્વારા 54 શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. ધોરડાને ' વૈશ્વિક શ્રેષ્ઠ પ્રવાસન ગામ' એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર ગુજરાતમાં ગર્વની લાગણી છવાઈ છે.

કચ્છનું રણએ ગુજરાતની આગવી ઓળખ છે. સફેદ રણમાં પ્રતિ વર્ષ ગુજરાત સરકાર દ્વારા યોજાતા રણોત્સવના માધ્યમથી દેશ વિદેશના અનેક પ્રવાસીઓ ધોરડોની મુલાકાત લે છે. આજે વિશ્વની શ્રેષ્ઠ સંસ્થા દ્વારા શ્રેષ્ઠ ગામનું સન્માન મળતા સમગ્ર ગુજરાત ગૌરવની લાગણી અનુભવી રહ્યું છે. વિશ્વ પર્યટન સંગઠન દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ કચ્છનું ધોરડો શ્રેષ્ઠ પર્યટન ગામ તરીકે વિશ્વના 54 શ્રેષ્ઠ પર્યટન ગામોમાંથી એક બન્યું છે. વિશ્વભરમાંથી 260 અરજી આવી હતી તેમાંથી ભારતનું એકમાત્ર ગામ પસંદ કરવામાં આવ્યું છે. ખૂબ આનંદની વાત છે કે યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા આપણા ગુજરાતના ધોરડો ને વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારોના વિકાસ, પ્રાકૃતિક સ્થળોની જાળવણી, સાંસ્કૃતિક વૈવિધ્યતા, સ્થાનિક મૂલ્યો, ભોજન પરંપરા આજે પણ જીવિત છે.





### કેમ આપવામા આવે છે આ સન્માન

યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામા આવ્યો છે. UNWTO વૈશ્વિક સ્તરે પ્રવાસન ઉદ્યોગ અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટને પ્રમોટ કરે છે. આ સન્માન એવા ગામોને આપવામાં આવે છે જે ગ્રામીણ વિસ્તારોના વિકાસ અને લેન્ડસ્કેપ્સ, સાંસ્કૃતિક વિવિધતા, સ્થાનિક મૂલ્યો અને ખાદ્ય પરંપરાઓના જાળવણીમાં અગ્રેસર છે. 2021માં આ પહેલ શરુ કરવામા આવી હતી.

### વધતી મોંઘવારી વચ્ચે રાવણ દહન પણ મોંઘુ થયું, કિંમતમાં વધારો

## કચ્છ, સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં રાવણ દહનની તડામાર તૈયારીઓ

### અસત્ય પર સત્યનો વિજય એટલે કે વિજયાદશમી પર્વ



ગુજરાત | વંદન

અધર્મ પર ધર્મ, અસત્ય પર સત્ય અને આસૂરી શક્તિ પર દૈવી શક્તિના વિજય તરીકે ઉજવાતુ પર્વ એટલે વિજયાદશમી. આજના દિવસે જ ભગવાન શ્રીરામે રાવણનો વધ કર્યો હતો. આથી જ આજના દિવસે રાવણદહન કરવામાં આવે છે. હાલ નવરાત્રીનું પર્વ ચાલી રહ્યું છે અને વિજયાદશમીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

નવલી નવરાત્રિ પૂર્ણતાના આરે છે રામનવમી બાદ દસમો દિવસ દેશરા એટલે કે, રાવણ દહનો દિવસ ગણાય છે. રાજ્યમાં કચ્છ સૌરાષ્ટ્ર, અમદાવાદ સહિત તમામ મોટા શહેરોમાં દશેરાના દિવસે અસત્ય પર સત્યના વિજય સમાન રાવણ દહનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાવણ બનાવવા માટે યુપીથી ખાસ કારીગરો બોલાવવામાં આવતા હોય છે. અને તેઓ ઓર્ડર મુજબ નાની-મોટી સાઈઝના ફટાકડાથી ભરેલા રાવણ બનાવી આપી છે. મોટા રાવણ દહને સ્થળે સુરક્ષાની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

યુપીના આગ્રા, મથુરા અને વૃંદાવનથી કારીગરો ખાસ રાવણની પ્રતિમા તૈયાર કરવા માટે ગુજરાત આવે છે. દોઢ મહિના અગાઉથી જ રાવણ બનાવવાનું શરૂ કરી દેવામાં આવે છે.જેમા 10 થી 40 ફુટના રાવણ તૈયાર કરવામાં આવે છે. રાવણ બનાવવા માટે વપરાતા મટિરિયલમાં મુખ્યત્વે કાગળ, વાંસ, જિલેટીન, લાકડાનો ઉપયોગ થાય છે. રાવણનું શિર, શરીર અને પગ એમ ત્રણ અલગ અલગ પાર્ટમાં પ્રતિમા તૈયાર કરવામાં આવે છે. દશેરાના દિવસે થતા સામૂહિક રાવણ દહનમાં 40 થી 50 ફુટના મહાકાય રાવણનુ દહન કરવામાં આવતુ હોય છે. યુપીના કારીગર મોહસીન જણાવે છે કે એક રાવણ તૈયાર કરવામાં એક થી બે દિવસનો સમય લાગે છે. હાલ 40 જેટલા કારીગરો રાવણના પૂતળા બનાવવાનું કામ કરી રહ્યા છે. રાવણના પૂતળાની કિંમતની જો વાત કરવામાં આવે તો 10 ફુટનો એક રાવણ 5થી 6 હજારનો વેચાઈ રહ્યો છે. જ્યારે 40 થી 50 ફુટનો રાવણ 30થી 35 હજારમાં વેચાતો હોય છે. હાલ મોંઘવારીને જોતા રો મટિરિયલના ભાવ પણ વધ્યા હોવાથી રાવણના ભાવમાં પણ 5 ટકાનો વધારો કરવામાં આવ્યુ હોવાનુ મોહસિન જણાવી રહ્યા છે.

## ગુજરાત ATSએ આણંદમાંથી જાસૂસને પકડ્યો, ભારતની માહિતી પહોંચાડતો હતો પાકિસ્તાન

ગુજરાત | વંદન

ગુજરાતમાં જાસૂસી કરતાં એક યુવકને ATSએ આણંદથી ઝડપી પાડ્યો છે. (ATS)પાકિસ્તાની સંસ્થા તરફથી જાસૂસી કરતો આ યુવક ભારતીય લશ્કરના નંબર પાકિસ્તાનમાં પહોંચાડતો હતો. તે ઉપરાંત ટેક્નોલોજીથી ડિફેન્સના કર્મચારીઓના ફોનમાં ટ્રોઝન કરીને વિવિધ માહિતી પાકિસ્તાનમાં તેના આકાઓ સુધી મોકલતો હતો. આ માહિતી આપવાના બદલામાં તેને મોટી રકમ મળતી હોવાનું ATSને જાણવા મળ્યું છે. આરોપી હાલ ATSની કસ્ટડીમાં લઈ લેવાયો છે અને ઉલટ તપાસ ચાલુ કરવામાં આવી છે.





પ્રાપ્ત વિગતો પ્રમાણે પાકિસ્તાન માટે જાસૂસી કરતા લાભશંકર મહેશ્વરી નામનો શખ્સ કેટલાક મોબાઈલ નંબરો મારફતે પાકિસ્તાનને માહિતી પુરો પાડી મોટી રકમ વસૂલતો હતો. તે ફોનમાં ટ્રોઝન કરીને ભારતીય આર્મીના અધિકારીઓના ફોનમાંથી વિગતો એકઠી કરીને પાકિસ્તાનની સંસ્થાને મોકલતો હતો. ATSના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ગતિવિધિની જાણ સેન્ટ્રલ એજન્સીને મળી હતી અને આ વ્યક્તિનો નંબર અને વિગતો ગુજરાત એટીએસને સોંપી હતી. જે વિગતના આધારે ગુજરાત ATS દ્વારા આ જાસૂસને પકડીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપી પાસેથી કેટલા અધિકારીનો ડેટા અને ફોનની વિગત પાકિસ્તાન પહોંચાડી તે મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## સૌરાષ્ટ્રમાં હાર્ટએટેકથી 6નાં મોત, મૃતકોમાં 3 યુવકોનો પણ સમાવેશ

### અમરેલી, દ્વારકા, જામનગર જિલ્લામાં બે-બે વ્યક્તિના હૃદય બેસી ગયા

ગુજરાત વંદન

સૌરાષ્ટ્રમાં હૃદયરોગથી મોતની સિઝન આવી હોય તેમ દિવસેને દિવસે હાર્ટ એટેકના બનાવવામાં વધારો થઈ રહ્યો છે. ગત ૨૪ કલાકમાં આખા સૌરાષ્ટ્રમાં હાર્ટએટેકથી ત્રણ યુવક સહિત ૬ વ્યક્તિનાં મોત થયાની ઘટનાઓ સામે આવી છે. જેમાં અમરેલી જિલ્લામાં ૨, જામનગર જિલ્લામાં ૨ અને દ્વારકા જિલ્લામાં ૨ લોકોએ હાર્ટ એટેકને લીધે જીવ ગુમાવ્યો છે.

અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં હાર્ટએટેકથી મોતની બે ઘટના સામે આવી છે. રાજુલામાં નવરાત્રિ દરમિયાન યોજાયેલા રામાપીરના આખ્યાન દરમિયાન એક યુવકને હાર્ટ એટેક આવતા દોડધામ મચી ગઈ હતી. એકતરફ આખ્યાનની રમઝટ ચાલુ હતી અને ત્યાં જ ૨૩ વર્ષીય દિનેશ શિયાળને મોડી રાતે અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. આ જોઈને લોકો દોડતા થઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ તે બચી શક્યો નહતો. હોસ્પિટલમાં ફરજ પર હાજર ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાન દીકરાના મોતથી પરિવારમાં માતમ છવાયો છે. બીજી તરફ નવરાત્રીના પર્વ સમયે જ આ ઘટના બનતા ઉજવણી શોકમાં પરિણમી છે. આ પહેલાંની ઘટનામાં જિલ્લાના બાબરામાં છકડો હંકારનારને હાર્ટ એટેક આવ્યો હતો. ગઈકાલે અમરેલીના બાબરામાં છકડો રિક્ષાચાલકનું હાર્ટએટેકથી મોત થયું હતું. લુણકી ગામના ૪૬ વર્ષીય ઓઘડભાઈ છકડો લઈને જતા હતા. આથી તેમને ચાલુ રસ્તે હાર્ટએટેક આવતા ચાલક રોડ પર પટકાયા હતા અને બેભાન થઈ ગયા હતા. બાદમાં તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. લુણકીથી બાબરા જતી વખતે રસ્તામાં આ ઘટના બની હતી. આ છકડામાં બેસેલા અન્ય ત્રણથી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. જો કે ચાલકનું મૃત્યુ થઈ ગયું હતું.

જ્યારે જામનગરમાં પણ હાર્ટએટેકથી બે વ્યક્તિના મોત થયા છે. શહેરમાં ૨૪ વર્ષીય રવિ પરબતભાઈ લુણા નામના વ્યક્તિનું અચાનક કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુ થયું હતું. અહીંના સેના નગરમાં રહેતા ૨૪ વર્ષીય યુવાન રવિ પરબતભાઈ લુણાને ગઈકાલે સામાન્ય તાવ સાથે શારીરિક તકલીફ થઈ હતી.

આથી તેને ખાનગી હોસ્પિટલમાં દવા લેવા ગયા હતા. દરમિયાન તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટએટેક આવતા એકાએક હૃદય બંધ પડી ગયું હતું. જેમાં યુવાનનું મૃત્યુ થયું હતું, યુવાન પુત્રના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો. જ્યારે જામનગર નજીક આવેલ પીપળી ગામના પાટિયા નજીક આદેશ હોટલ પાસે એક ટ્રક ચાલકને ચાલુ ટ્રકે હાર્ટએટેકથી કરુણ મોત નીપજ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પંથકમાં હાર્ટ એટેકથી બે અગલ અગલ ખેડૂતના ખેતીકામ કરતી વખતે મોત નીપજ્યાની ઘટના સામે આવી છે. જિલ્લાના ઠાકર શેરડી ગામે કણજારિયા વેલજી રણમલ (ઉ.૪૨)નું હાર્ટએટેકથી મોત થયું હતું. વેલજીભાઈ ખેતરમાં કામ કરતા હતા. આ સમયે અચાનક આવતા ઢળી પડ્યા હતા. આ જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા.

## વાવણી પહેલાં નિર્ણય: ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી અપાશે

### નર્મદાનું પાણી આગામી 15 માર્ચ 2024 સુધી અપાશે



ગુજરાત | વંદન

ગુજરાતમાં આ વખતે ચોમાસુ એકંદરે સારૂ રહ્યું છે અને કેટલાક વિસ્તારમાં વરસાદની ઘટ રહી છે. ત્યારે ખેડૂતોનો કપાસ સહિતનો પાક નુકસાન પામ્યો છે. આ બાબતે ગઈકાલે કૃષિમંત્રીએ પણ સ્વીકાર કર્યો હતો. પરંતુ હવે રાજ્ય સરકારે રવિ પાકોના વાવતેર પહેલાં જ મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી આપશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્યમાં આગામી શિયાળાની સિઝનમાં રવિ પાકોના વાવેતર પહેલાં જ ઉત્તર ગુજરાતને 'સુજલામ સુફલામ યોજના' અન્વયે તથા સૌરાષ્ટ્રને 'સૌની યોજના'દ્વારા પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી આગામી 15 માર્ચ 2024 સુધી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર પીવાના હેતુ માટે 4565 MCFT અને સિંચાઈના ઉપયોગ માટે 26136 MCFT મળી કુલ 30801 MCFT પાણી આપશે. તે ઉપરાંત 16 ઓક્ટોબર 2023થી 15 માર્ચ 2024 સુધી પાણી અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જે-તે સમયની સ્થિતીને અનુલક્ષીને ઉપલબ્ધતા અનુસાર વધારે પાણી ફાળવવા પણ સરદાર સરોવર નર્મદા નિગમને દિશાનિર્દેશો આપ્યા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### 2024માં સત્તા...

રાહુલે એમ પણ કહ્યું હતું કે આ સરકારે અદાણીને એક કોરો ચેક આપી દીધો છે અને મોદી તેને બચાવવાનું કામ કરે છે. તાજેતરમાં ફાઈનાન્શિયલ ટાઈમ્સના એક અહેવાલમાં દાવો કરાયો હતો કે અદાણી જે ભાવે ઈન્ડોનેશિયાથી કોલસો ખરીદે છે તેના માટે ભારતમાં ડબલ ભાવ દેખાડે છે અને પછી વીજળીના ભાવમાં વધારો માંગે છે. અદાણી સામે આવી ગંભીર ગેરરિતીના આરોપો છે છતાં સરકાર તેની તપાસ કેમ નથી કરતી.

અદાણી કોલસાના ભાવમાં કેવા ચેડા કરે છે તે વિશે છ દિવસ અગાઉ એફટીમાં અહેવાલ આવ્યો હતો અને ત્યારથી આ મુદ્દો ચગ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે અગાઉ આ ગરબડ 20,000 કરોડની હતી તેવો અંદાજ હતો. હવે તેમાં 12,000 કરોડનો ઉમેરો થયો છે. એટલે કે કુલ 32,000 કરોડનો ગોટાળો કરવામાં આવ્યો છે.

સત્તાધારી પક્ષની આકરી ઝાટકણી કાઢતા રાહુલે કહ્યું કે અદાણીએ તેના આયાતી કોલસાનો ભાવ ઘણો વધારે દેખાડ્યો છે જેના કારણે સામાન્ય લોકો માટે વીજળીનો ખર્ચ વધી ગયો છે. તેમણે અદાણીની કથિત પદ્ધતિને ખુલ્લેઆમ ચોરી ગણાવી હતી. તેમણે કહ્યું કે, "અદાણી ઈન્ડોનેશિયાથી કોલસો ખરીદે છે અને આ કોલસો ભારત પહોંચે ત્યાં સુધીમાં તેની કિંમત ડબલ થઈ જાય છે. તેના કારણે આપણું વીજળીનું બિલ વધી જાય છે. અદાણી સૌથી ગરીબ લોકો પાસેથી રૂપિયા લે છે. આ સ્ટોરી આ સરકારને પાડી દેશે."

તેમણે કહ્યું કે ઘણા દેશો અદાણી સામે તપાસ કરી રહ્યા છે, પરંતુ આ સરકારે અદાણીને બ્લેન્ક ચેક આપી દીધો છે. તેમને વીજળી, પોર્ટ સહિત જે જોઈએ તે મળી જાય છે. વડાપ્રધાનના રક્ષણ વગર આ શક્ય નથી. મારી માંગણી છે કે વડાપ્રધાન આ મુદ્દે તપાસ કરે અને પોતાની વિશ્વસનીયતા બતાવે. અદાણીના મુદ્દે ઈન્ડિયા એલાયન્સનો એકમત હોવા છતાં શરદ પવાર અદાણીને મળવા શા માટે ગયા તેવો પ્રશ્ન કરવામાં આવતા રાહુલ ગાંધીએ કહ્યું કે મેં શરદ પવારને આ વિશે નથી પૂછ્યું કારણ કે શરદ પવાર દેશના વડાપ્રધાન નથી. શરદ પવાર અદાણીનો બચાવ નથી કરતા. પવાર દિલ્હીમાં હોત અને અદાણીનો બચાવ કરતા હોત તો મેં તેમને આ સવાલ કર્યો હોત.

વિરોધપક્ષોએ પણ ગૌતમ અદાણીના નાણાકીય સોદા વિશે સવાલ ઉઠાવ્યા છે. આ અગાઉ અમેરિકન શોર્ટ સેલિંગ કંપની હિન્ડનબર્ગ દ્વારા અદાણી જૂથ સામે નાણાકીય ગરબડના આરોપો મુક્યા હતા. જોકે, અદાણી જૂથે આ આરોપો ફગાવી દીધા હતા.

### રામોલમાં એક્ટિવાની...

લઈને શંકાસ્પદ આરોપી ત્યાંથી પસાર થયો હતો. પરિણામે પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ કરી હતી. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું કે, આરોપીએ પોતાના મિત્રને ઉધાર પૈસા આપ્યા હતા. પરિણામે આરોપીએ પોતાના પૈસાની પરત માંગણી કરી હતી. જોકે, પૈસા પરત ન આપતા આખરે આરોપીએ મિત્રની એક્ટિવા ચોરી કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નિયત દિવસે...

જે દિવસ માટે બુકિંગ તે દિવસે સેવાનો લાભ ન મળે તો બીજા દિવસે નવેસરથી ટિકિટ લેવી પડે. અલબત બીજા દિવસની ટિકિટના દર પૂર્વવત ટિકિટના દર કરતા વધારે લેવામાં આવતા હોવાનું પણ આ પરિવારના ધ્યાનમાં આવ્યુ હતું.

તેમણે વધુમાં કહ્યું કે સામાન્ય રીતે વેધરના કારણે નિયત દિવસે દર્શન માટે હેલીકોપ્ટર સેવા ન મળે તો બીજા દિવસે એ જ ટિકિટમાં દર્શન કરવા દેવામાં આવે, પરંતુ કેદારનાથ હેલી સેવા મનમાની રીતે અને ભાવિક ભક્તોની ગરજનો ગેરલાભ લેવામાં આવે છે. ત્યાં એજન્ટ પ્રથા જોવા મળે છે. એજન્ટો ભક્તોને ગરજ પ્રમાણે બમણા પૈસા લઈને કોઈપણ પ્રકારની રસીદ- પહોંચ કે ટિકિટ આપ્યા વગર વજન કરીને બેસાડી દેવામાં આવે છે. અને જો ન કરે નારાયણ અને કોઈ દુર્ઘટના થાય ત્યારે શુ? ઉપરાંત કોઈ ટિકિટ વગેરે નહીં આપતા રોકડ વ્યવહાર કરીને સરકારી ટેક્સને પણ નુકશાન થઈ રહ્યું છે.

જાણવા મળ્યા મુજબ, પીડિત પરિવારોએ હેલીકોપ્ટર સેવાના સંચાલકોની મનમાની, વેધર ખરાબ છે, એવા બહાનાબાજી તથા યાત્રિકોની પડતી મુશ્કેલીઓ અંગે સ્થાનિક ધારાસભ્ય શૈલા રાની રાવતનો સંપર્ક કર્યો હતો અને એમની સમક્ષ સમગ્ર હકીકત રજૂ કરી હતી કે કઈ રીતે યાત્રીકોની ગરજનો ગેરલાભ લેવામાં આવી રહ્યો છે અને ખાસ કરીને દર્શન માટે ઓનલાઈન બુકિંગ કરાવનાર યાત્રીકો નિયત દિવસે વેધરના કારણે દર્શન ન કરી શકે તો બીજા દિવસે એ જ યાત્રિકોને નવેસરથી ઉંચા ભાવે ટિકિટ ખરીદવાની પાડવામાં આવતી ફરજ અંગે ધ્યાન દોર્યુ હતું અને સમગ્ર હકીકત જાણીને તેવો પણ ચોંકી ગયા હતા. તેમણે તરત જ ઉતરાખંડ જનસંપર્ક અધિકારીનું ધ્યાન દોરીને હેલીકોપ્ટર સેવાના સંચાલકોને ફરિયાદ અંગે કહ્યું હતું જેના પગલે સમગ્ર તંત્ર દોડતું થયું અને પીડિત 2 પરિવારોને ચાર ક્લાકમાં જ હેલીકોપ્ટર દ્વારા દર્શન થઈ શક્યા હતા.

તેમણે કહ્યું કે દર્શન માટે આવતા દરેક યાત્રિક સ્થાનિક ધારાસભ્યનો કે મંત્રીનો સંપર્ક કરી શકતા નથી અને દર્શન માટે ના છુટકે હેલીકોપ્ટર સેવાના સંચાલકોની મનમાનીનો ભોગ બનવું પડે છે વધારે પૈસા આપવા પડે છે અને ઓનલાઈન બુકિંગ કરવા છતા ફરીથી પૈસા ખર્ચવા પડે છે. અલબત ઓનલાઈન બુકિંગના પૈસા પરત મળે છે પરંતુ કેટલાક દિવસ બાદ આપવામાં આવે છે. આ પ્રકારના દર્શન માટે યાત્રિકો પાસે ખિસ્સા ખર્ચ મર્યાદિત હોય તે સ્વભાવિક છે. ઓનલાઈન બુકિંગ માટે પ્રતિ વ્યક્તિ 7 થી 8 હજાર ભરી દીધા હોય. પાંચ વ્યક્તિ હોય તો 35થી 40 હજાર રુપિયા આપી દીધા હોય પરંતુ વેધરના કારણે એ દિવસનું બુકિંગ રદ્દ કરીને બીજા દિવસ માટે ફરીથી 35 કે 40 હજાર અથવા સ્થાનીક એજન્ટની મનમાની મુજબ તેના કરતા વધારે પૈસા આપવા પડે તો એક સરેસાર સામાન્ય પરિવાર આ પૈસા કઈ રીતે આપી શકે એવો એક સવાલ છે. જે દિવસે દર્શનના થાય તો બીજા દિવસે તેને અગ્રતા આપવી જોઈએ, આમ કેદારનાથ યાત્રા માટે હજારો શિવભક્તોને આ પ્રકારની માનવસર્જિત મુશ્કેલીનો પણ સામનો કરવો પડે છે.

## દહેગામના સાંપામાં બિન ખેતીની જમીનમાં ડામર પ્લાન્ટનો વિરોધ

ગુજરાત | વંદન

દહેગામના સાંપા ગામે આવેલ બિન ખેતીની જમીનમાં વગર મંજૂરીએ ડામર પ્લાન્ટ તૈયાર થઈ રહ્યો છે. જેને લઈને ગામના ખેડૂતો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ પ્લાન્ટને શરૃ કરવાની મંજૂરી આપવામાં ન આવે તેવી રજૂઆત સાથે મુખ્યમંત્રીથી લઈને સંબંધિત વિભાગના અધિકારીઓને ગ્રામજનો દ્વારા લેખિતમાં વિનવણી કરવામાં આવી છે. આ પ્લાન્ટને કારણે જમીનને, ખેતી પાકને તેમજ ગ્રામજનોના સ્વાસ્થ્યને નુકસાન થાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. દહેગામ તાલુકાના સાંપા ગામમાં બ્લોક સર્વે નંબર ૫૩૯ (જુનો સર્વે નંબર ૪૩૨) વાળી બિનખેતીની જમીનમાં ડામર પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે. જે ડામર પ્લાન્ટ બનતા આજુબાજુની ખેતીલાયક જમીનોની ફળદ્રૂપતા જોખમાય તેવી પરિસ્થિતિ ઉભી થતા આ ડામર પ્લાન્ટને મંજૂરી ન આપવા માટે અરજી કરવામાં આવી છે. ડામર પ્લાન્ટ ઊભો કરવામાં આવે અને મંજૂરી આપવામાં આવે તો પ્લાન્ટમાં રોડ બનાવવા માટેનો માલ ઉત્પન્ન કરવા માટે કંપની ઉભી કરવામાં આવશે. જેમાં ૨૪ કલાક રેતી, ડસ્ટ, કપચી, ડામર તેમજ રોડ બનાવવા માટે અન્ય પ્રોડક્ટો ઠાલવવામાં આવશે. જેના કારણે આજુબાજુના ખેતરોમાં તેમજ ગામમાં તેના રજકણોને કારણે નુકસાન થવાની ભિતી વ્યક્ત કરવામાં આવી રહી છે. એન્વાયરમેન્ટનુ ક્લિયરન્સ ન મળે ત્યાં સુધી એક ઈંટ પણ મૂકી શકાતી નથી, પરંતુ સાંપા ગામે પર્યાવરણીય સંમતિ વગર આખી ફેક્ટરી ઊભી કરી દેવામાં આવી છે. તેમજ તેમાં સાધનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### અજાણ્યાં વાહને...

કિલોમીટર દૂર અજ્ઞાત વાહને એક કારને ટક્કર મારી હતી. દુર્ઘટનામાં ગંભીર રૂપથી ઘાયલ તમામ 8 લોકોને જેવરના એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં 5 લોકોને ડોકટરે મૃત જાહેર કર્યા હતા, જ્યારે 3 બાળકોની હાલત ગંભીર છે. ત્રણેયને ICUમાં દાખલ કરવામાં આવ્યા છે.

### MPમાં કોંગ્રેસ...

બદલવામાં આવ્યા છે. દતિયાથી અવધેશ નાયકના સ્થાને રાજેન્દ્ર ભારતીને ટિકિટ આપવામાં આવી છે, ગોટેગાંવથી શેખર ચૌધરીના સ્થાને એનપી પ્રજાપતિને અને પિછોરથી શૈલેન્દ્ર સિંહની જગ્યાએ અરવિંદ સિંહ લોધીને ટિકિટ આપવામાં આવી છે. કોંગ્રેસની બીજી યાદીમાં 6 વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કાપવામાં આવી છે. જેમાં સુમાવલીથી અજબ સિંહ કુશવાહાના સ્થાને કુલદીપ સિકરવાર, મોરેનાથી રાકેશ માવાઈના સ્થાને દિનેશ ગુર્જર, ગોહદથી મેવરામ જાટવના સ્થાને કેશવ દેસાઈ, સેંધવાથી ગ્યારસી લાલ રાવતના સ્થાને મોન્ટુ સોલંકી, બડનગરથી મુરલી મોરવાલની જગ્યાએ રાજેન્દ્ર સિંહ સોલંકી અને બ્યારવામાં રામચંદ્ર ડાંગીના સ્થાને પુરુષોત્તમ ડાંગીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

### આખરે ભારતની...

મીડિયા પ્લેટફોર્મે ચૂંટણીની તારીખોને લઈને પોતાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રાજસ્થાનમાં વિધાનસભાનો કાર્યકાળ 14 જાન્યુઆરી 2024ના રોજ પૂરો થઈ રહ્યો છે. રાજ્યની 200 બેઠકો પર મતદાન થશે. 2018માં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સરકાર બનાવી અને અશોક ગેહલોત મુખ્યમંત્રી બન્યા.

### ટીએમસી સાંસદ...

એજન્ડા છે.વિનોદ સોનકરે કહ્યું, "મને શુક્રવારે (20 ઓક્ટોબર) મારા કાર્યાલયમાંથી માહિતી મળી કે હિરાનંદાનીનો બે પાનાનો પત્ર આવ્યો છે. મેં 26મીએ એથિક્સ કમિટીની એક બેઠક બોલાવી છે, જેમાં સાંસદ નિશિકાંત દુબે અને વકીલોએ હાજરી આપી છે. કહેવાય છે.." સોનકરે જણાવ્યું હતું કે, "નિશિકાંત દુબે સમિતિ સમક્ષ આવશે અને તેમનું નિવેદન નોંધશે અને તેમની પાસે જે પણ પુરાવા હશે તે સમિતિને આપશે. સમિતિ આ તમામ પુરાવાઓની સંજ્ઞાન લીધા પછી તપાસ કરશે."

### ઝડપી ટ્રાયલ...

કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. આ પછી આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ટ્રાયલ કોર્ટે આરોપીને દોષિત જાહેર કર્યો હતો અને માત્ર 15 દિવસમાં સજા સંભળાવી હતી.

અનુસંધાન પેજ 10 પરથી...

### મચ્છરો સે પરેશાન...?

માલીના મેલેરિયા નિષ્ણાત અલાસાન ડિકો જણાવે છે કે કેટલાક ટ્રાયલ R21 બૂસ્ટરની અસરનું પરીક્ષણ કરી રહ્યા છે. અજમાયશમાં R21 મેળવનાર પાંચ બાળકો અને નિયંત્રણ જૂથમાં એક બાળકને રસીકરણના 2 દિવસની અંદર તાવ આવ્યો, જોકે આડઅસર શોધવા માટે અભ્યાસ ખૂબ નાનો છે. ગમે તે હોય, RTS,S અને R21 રસીઓ મેલેરિયાના ફેલાવાને રોકવામાં સફળ થઈ શકે છે.

### આજની 21મી સદીમાં વિશ્વની લગભગ 93 ટકા વસ્તી ઈન્ટરનેટથી જોડાયેલી છે...

# દેશના 50% યુવાનો સોશિયલ મીડિયા પર દરરોજ 3 કલાક વિતાવે છે

■ સર્વેમાં દેશના લગભગ 50,000 પેરેન્ટસે ભાગ લીધો

ગુજરાત | વંદન

ઈન્ટરનેટ હવે લોકોના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે, પરંતુ આ ચિંતાજનક છે. એક સર્વે મુજબ 9-17 વર્ષની વયના અડધાથી વધુ ભારતીય યુવાનો સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગ પર દરરોજ 3 કલાકથી વધુ સમય વિતાવે છે. ભારતમાં ઈન્ટરનેટ વિશ્વના ઘણા દેશો કરતા સસ્તું છે. આ કારણે દેશના મોટાભાગના લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. દેશમાં મોબાઈલ યુઝર્સની સંખ્યા 100 કરોડની આસપાસ પહોંચી ગઈ છે.

વૈશ્વિક સ્તરે વાત કરીએ તો, વિશ્વની લગભગ 93 ટકા વસ્તી ઈન્ટરનેટથી જોડાયેલ છે અને તેમાંથી 60 ટકા એટલે કે લગભગ 4.8 અબજ લોકો સોશિયલ મીડિયા પર સક્રિય છે.ઈન્ટરનેટ હવે લોકોના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે, પરંતુ આ ચિંતાજનક છે. એક સર્વે અનુસાર, દેશના 9-17 વર્ષની વયના અડધાથી વધુ ભારતીય યુવાનો સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગ પર દરરોજ 3 કલાકથી વધુ સમય પસાર કરે છે. સર્વેમાં 50,000 વાલીઓએ ભાગ લીધો હતો. તાજેતરમાં હાથ ધરાયેલા રાષ્ટ્રીય સર્વેમાંથી આ માહિતી મળી છે. આ સર્વેમાં



દેશના લગભગ 50,000 પેરેન્ટસે ભાગ લીધો હતો.

9 થી 17 વર્ષની વયના દસ યુવાનોમાંથી દર છઠ્ઠો વ્યક્તિ સોશિયલ મીડિયા પર દિવસમાં ત્રણ કલાકથી વધુ સમય વિતાવે છે. એકલા મહારાષ્ટ્રમાંથી, 17 ટકા માતાપિતાએ જણાવ્યું હતું કે તેમના બાળકો દરરોજ છ કલાકથી વધુ સમય માટે ઑનલાઈન રહે છે. આ જ જવાબ દેશના 22 ટકા ઉત્તરદાતાઓએ આપ્યો હતો. માત્ર 10 ટકા માતા-પિતાએ કહ્યું હતું કે તેમનું બાળક સોશિયલ મીડિયા અથવા ગેમિંગ પર સમય પસાર કર્યા પછી "ખુશી" અનુભવે છે. અભ્યાસમાં એ પણ સામે આવ્યું છે કે સોશિયલ મીડિયા પર સકારાત્મક અસરો કરતાં વધુ નકારાત્મક અસરો થઈ રહી છે. નવીનતમ સર્વે અમેરિકન સર્જન જનરલ ડો. વિવેક મૂર્તિના 2022ના નિવેદનની પુષ્ટિ કરે છે

જેમાં કહેવામાં આવ્યું હતું કે જો બાળક દરરોજ 3 કલાક કે તેથી વધુ સમય સોશિયલ મીડિયા પર વિતાવે છે, તો તેનામાં ડિપ્રેશન જોવા મળે છે અને તેના માનસિક સ્વાસ્થ્યને અસર થઈ શકે છે. નુકસાનનું ગંભીર જોખમ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અન્ય એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે સોશિયલ મીડિયા સાથે લાંબા સમય સુધી સંકળાયેલા રહેવાથી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે આક્રમકતા, અધીરાઈ, હાયપરએક્ટિવિટી અને ડિપ્રેશનની શક્યતા વધી જાય છે. સર્વે અનુસાર, 9.18 વર્ષની વયના બાળકો ગેજેટસના બંધાણી બની ગયા છે અને તેમના વગર રહેવા માંગતા નથી. ગેજેટસના વધુ પડતા ઉપયોગથી બાળકોમાં માથાનો દુખાવો, બેંકમાં દુખાવો અને ડિપ્રેશન જોવા મળી રહ્યું છે.

# સિટીગ્રુપે ત્રીજા ક્વાર્ટરમાં 2,000 કર્મીઓને નોકરીમાંથી છૂટા કર્યા

■ આ વર્ષે કુલ 7,000ને નોકરીમાંથી છૂટા કર્યા, કંપની રિસ્ટ્રક્ચરરિંગ કરી રહી છે...





ગુજરાત | વંદન

સિટીગ્રુપે ત્રીજા ક્વાર્ટર (Q3)માં તેના 2,000 કર્મચારીઓને છૂટા કર્યા છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ છટણીને કારણે, કંપનીના વર્ષ માટે કુલ સેવરેંસ ચાર્જ (બરતરફીની કિંમત) વધીને 650 મિલિયન ડોલર એટલે કે 5,413 કરોડ રૂપિયા થઈ ગયા છે.

સિટીગ્રુપના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર માર્ક મેસને વિશ્લેષકો સાથે કોન્ફરન્સ કોલ પર અર્નિંગ્સ પર ચર્ચા કરતાં જણાવ્યું હતું કે કંપનીએ આ વર્ષે કુલ 7,000 નોકરીઓમાં કાપ મૂક્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જૂનના અંતમાં નોંધાયેલા અગાઉના કુલ સેવરેંસ ચાર્જ 450 મિલિયન ડોલર એટલે કે રૂ. 3,747 કરોડ હતા, જે લગભગ 5,000 નોકરીઓમાં કાપ માટે હતા.

મેસને એમ પણ કહ્યું કે કંપનીમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનું કારણ રિપોઝિશનિંગ ચાર્જિસ છે. સિટીગ્રુપે ગયા મહિને જાહેરાત કરી હતી કે કંપની રિસ્ટ્રક્ચરરિંગ કરશે, ફર્મને પાંચ મુખ્ય વ્યવસાયો પર ફરીથી ફોકસ કરશે.અહેવાલ મુજબ, જૂથે કહ્યું છે કે રિસ્ટ્રક્ચરરિંગથી નોકરીમાં ઘટાડો થશે, પરંતુ કંપનીએ હજુ સુધી સંખ્યા જાહેર કરી નથી. કાપ છતાં, કંપનીના કુલ 2,40,000 કર્મચારીઓની સંખ્યા છેલ્લા ચાર ક્વાર્ટરમાં સ્થિર રહી છે. કંપનીએ તાજેતરમાં કેટલાક ટેક્નોલોજી સ્ટાફ અને અન્ય કર્મચારીઓને જોડેયા છે.


ત્રીજા ક્વાર્ટરમાં સિટીગ્રુપનો ખર્ચ 6% વધીને 13.5 બિલિયન ડોલર એટલે કે રૂ. 1.12 લાખ કરોડ થયો, જે નિષ્ણાતોના અંદાજ કરતાં ઓછો હતો. અર્નિંગ પ્રેઝન્ટેશન મુજબ, બેંક હજુ પણ સંપૂર્ણ વર્ષ માટે કુલ ખર્ચ 54 બિલિયન ડોલર એટલે કે રૂ. 4.49 લાખ કરોડ રહેવાની અપેક્ષા રાખે છે.

જૂનની શરૂઆતમાં, અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે કંપની બજારની નબળી સ્થિતિનો સામનો કરવા માટે તેના લંડન યુનિટમાં 30 ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ નોકરીઓ અને 20 કોર્પોરેટ નોકરીઓ ઘટાડવાનું પણ આયોજન કરી રહી છે.

કોર્પોરેશન બજારની પરિસ્થિતિઓને અનુરૂપ થવા માટે તેનો ખર્ચ આધાર ઘટાડવા માંગે છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, આ સિવાય સંસ્થા તેની આંતરરાષ્ટ્રીય ટીમને પણ ખતમ કરી રહી છે, જે વિદેશી વિનિમય બજાર પર ટિપ્પણીઓ અને વિશ્લેષણ પ્રોવાઈડ કરે છે.

# RBIના ગવર્નર શક્તિકાંત દાસને ટોપ સેન્ટ્રલ બેંકરનો એવોર્ડ મળ્યો

ગુજરાત | વંદન





રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે ટોપ સેન્ટ્રલ બેંકર માટે ગ્લોબલ એવોર્ડ મોરોક્કો જઈને રિસીવ છે. સપ્ટેમ્બરમાં, શક્તિકાંત દાસને ગ્લોબલ ફાઈનાન્સ સેન્ટ્રલ બેંકર્સ રિપોર્ટ કાર્ડ 2023માં 'A+' રેટિંગ મળ્યું હતું. RBIએ તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર શક્તિકાંત દાસનો એવોર્ડ મેળવતા ફોટો શેર કર્યો છે આ પહેલા શક્તિકાંત દાસને જૂનમાં લંડનમાં સેન્ટ્રલ બેંકિંગ એવોર્ડ 2023માં અમેરિકાના ગ્લોબલ ફાઈનાન્સ મેગેઝિન દ્વારા 'ગવર્નર ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વાર્ષિક સેન્ટ્રલ બેંકર રિપોર્ટ કાર્ડમાં ટોપ રેન્ક એવા ગવર્નરોને આપવામાં આવે છે જેમની સ્ટ્રેટેજીએ ઓરિજિનલિટી, ક્રિએટિવિટી અને સખત મહેનતના સંદર્ભમાં તેમના સ્પર્ધકોને પાછળ ધકેલી દીધા છે. દાસ ઉપરાંત સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેંકના ગવર્નર જે. જોર્ડન અને વિયેતનામના ગવર્નર ગુયેન થી હોંગને પણ A+ ગ્રેડ આપવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ બેંકર્સ રિપોર્ટ કાર્ડ ગ્લોબલ ફાઈનાન્સ દ્વારા 1994થી દર વર્ષે પ્રકાશિત કરવામાં આવે છે. આમાં, 101 દેશો, પ્રદેશો અને જિલ્લાઓના કેન્દ્રીય બેંક ગવર્નરોને વર્ગીકૃત કરવામાં આવે છે. તેમાં બેંક ઓફ યુરોપિયન યુનિયન, પૂર્વ કેરેબિયન સેન્ટ્રલ બેંક, બેંક ઓફ સેન્ટ્રલ આફ્રિકન સ્ટેટ્સ અને સેન્ટ્રલ બેંક ઓફ વેસ્ટ આફ્રિકન સ્ટેટ્સનો સમાવેશ થાય છે

# ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધના પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો

ગુજરાત | વંદન

ઈઝરાયેલ-હમાસના સંઘર્ષને કારણે મધ્ય પૂર્વમાંથી ક્રૂડ ઓઈલના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે. જેને લઈ ક્રૂડ ઓઈલની ઈન્વેન્ટરીઝ અપેક્ષા કરતાં વધુ ઘટી હતી. જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ $1.62 અથવા 1.8% વધીને $91.49 પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ (WTI) ફ્યુચર્સ $1.77, અથવા 2% વધીને $88.43 પ્રતિ બેરલ થયા છે.

રોઈટર્સના અહેવાલ અનુસાર, બજારના સૂત્રોએ મંગળવારે અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટ્યૂટના ડેટાને ટાંકીને જણાવ્યું હતું કે 13 ઓક્ટોબરે પૂરા થયેલા સપ્તાહમાં યુએસ ક્રૂડ ઓઈલના સ્ટોકમાં



લગભગ 4.4 મિલિયન બેરલનો ઘટાડો થયો હતો. તે 300,000 બેરલ ઘટાડા વિશ્લેષકોએ આગાહી કરી હતી તેના કરતાં વધુ છે.

ગાઝા સિટીની હોસ્પિટલમાં થયેલા વિસ્ફોટમાં લગભગ 500 પેલેસ્ટિનિયન માર્યા ગયા બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. ઈઝરાયેલ અને પેલેસ્ટિનિયન અધિકારીઓ આ માટે એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. મંગળવારે વેનેઝુએલાની સરકાર અને તેના રાજકીય વિપક્ષો 2024 ની રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી ગેરંટી માટે સંમત થયા હતા. આનાથી સંભવિત યુએસ પ્રતિબંધોમાં રાહતનો માર્ગ મોકળો થયો, જે તેલના પુરવઠાને વેગ આપી શકે.

અમેરિકાએ 2019થી વેનેઝુએલામાંથી તેલની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. હવે જ્યારે પ્રતિબંધોમાં રાહતથી તેલનો પુરવઠો વધવાની ધારણા છે ત્યારે વિશ્લેષકો માને છે કે રોકાણના અભાવે દેશમાંથી પુરવઠો વધારવામાં સમય લાગશે.

### નિયમોનો ભંગ કરવા બદલ આરબીઆઈનું પગલું

# ICICI ને 12.19 કરોડ અને કોટક બેન્કને 3.95 કરોડનો દંડ

ગુજરાત | વંદન





રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે તેણે આઈસીઆઈસીઆઈ બેન્કને ૧૨.૧૯ કરોડની અને કોટક મહિન્દ્રા બેન્કને ૩.૯૫ કરોડની પેનલ્ટી ફટકારી છે. બંને બેન્કોએ કેટલાક રેગ્યુલેટરી ધારાધોરણોનું પાલન ન કરતા તેમને આ દંડ ફટકારવામાં આવ્યો છે.

આઈસીઆઈસીઆઈ બેન્કને પેનલ્ટી ફટકારવાનું કારણ તેણે લોન્સ એન્ડ એડવાન્સીસ-સ્ટેટયુટરી એન્ડ અધર રિસ્ટ્રિક્શન્સ અને ફ્રોડ ક્લાસીફિકેશન એન્ડ રિપોર્ટિંગ બાય કોમર્સિયલ બેન્ક એન્ડ સિલેક્ટ એફઆઈની જોગવાઈનો ભંગ કર્યો હતો તે બદલ તેને દંડિત કરવામાં આવી હતી.

અન્ય નિવેદનમાં રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે કોટક મહિન્દ્રા બેન્કને ફટકારવામાં આવેલી પેનલ્ટી મેનેજિંગ રિસ્ક્સ એન્ડ કોડ ઓફ કંડક્ટ ઈન આઉટસોર્સિંગ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસિસ બાય બેન્ક્સ અંગેની જોગવાઈના દિશાનિર્દેશોના ભંગ બદલ ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત બેન્કો સાથે જોડાયેલા રિકવરી એડનટ્સ અને લોન્સ એન્ડ એડવાન્સીસ, સ્ટેટયુટરી અને અન્ય નિયમનોનો ભંગ કરવા બદલ તેને દંડ ફટકારવામાં આવ્યો હતો.

બંને કિસ્સામાં રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે દંડના આધાર રેગ્યુલેટરીના કોમ્પ્લાયન્સના મોરચે ખામીઓ છે અને તેનો હેતુ બેન્કો તેમના ગ્રાહકો સાથે કરારમાં પ્રવેશી કે કોઈ વ્યવહાર કર્યો તેની અધિકૃતતા અંગે જણાવવાનો નથી.

# અમેરિકા, ચીન, કોરિયાએ ભારતના લેપટોપ-કોમ્પ્યુટર આયાત પ્રતિબંધ પર ચિંતા વ્યક્ત કરી

ગુજરાત | વંદન

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં અમેરિકા, ચીન, કોરિયા અને ચાઈનીઝ તાઈપેઈએ લેપટોપ અને કોમ્પ્યુટર પર આયાત નિયંત્રણો લાદવાના ભારતના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી છે. ડબલ્યુટીઓની ૧૬ ઓક્ટોબરના રોજ જીનીવામાં માર્કેટ એક્સેસ કમિટીની પેરાગ્વેના રેનાટા ક્રિસાલ્ડોની અધ્યક્ષતા હેઠળની બેઠકમાં આ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

અમેરિકાએ જણાવ્યું કે આ નિર્ણયના અમલ પછી આ પ્રોડક્ટોના વેપારને અસર થશે. આ નિર્ણય નિકાસકારો અને 'ડાઉનસ્ટ્રીમ' યુઝર્સ માટે અનિશ્ચિતતા પેદા કરી રહ્યો છે. કોરિયાએ ભારપૂર્વક જણાવ્યું કે



ભારત દ્વારા પ્રસ્તાવિત પગલાં ડબલ્યુટીઓ નિયમો સાથે સુસંગત નથી.

આ બિનજરૂરી વેપાર અવરોધોમાં પરિણમી શકે છે.સરકારે વિદેશી ઉપકરણોના હાર્ડવેરમાં સુરક્ષા ખામીઓને દૂર કરવા ઉપરાંત સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે લેપટોપ, ટેબલેટ અને અન્ય પીસી ઉત્પાદનોની આયાત માટે લાયસન્સ ફરજિયાત બનાવવાનો આદેશ જારી કર્યો છે.

આ વસ્તુઓની આયાત માટે ૧ નવેમ્બરથી ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ પાસેથી લાયસન્સ/પરવાનગી મેળવવી પડશે. ભારત ૨૦૨૧-૨૨માં ૭.૩૭ અબજ ડોલરની સરખામણીએ ૨૦૨૨-૨૩માં ૫.૩૩ અબજ ડોલરના લેપટોપ સહિત પર્સનલ કોમ્પ્યુટરની આયાત કરી હતી.

# દેશમાં ખાંડના એક્સપોર્ટ પર 31 ઓક્ટોબર બાદ પણ પ્રતિબંધ યથાવત રહેશે

ગુજરાત | વંદન



કેન્દ્ર સરકારે ખાંડ એક્સપોર્ટ અંગે મોટું એલાન કર્યું છે. દેશમાં ખાંડના એક્સપોર્ટ પર પ્રતિબંધ 31 ઓક્ટોબર 2023 બાદ પણ યથાવત રહેશે. તેમાં રો શુગર, રિફાઈન્ડ શુગર, વ્હાઈટ સુગર અને ઓર્ગેનિક શુગર તમામ સામેલ છે. તહેવારોની સીઝન દરમિયાન ખાંડની કિંમતોમાં આવેલી તેજીના કારણે સરકારે ખાંડ એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવવાને લઈને આદેશ જારી કર્યો છે.

DGFTના નોટિફિકેશન પ્રમાણે આ માહિતી મળી છે. જોકે, DGFTના નોટિફિકેશનમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે, યુરોપિયન યુનિયન અને અમેરિકા આ પ્રતિબંધ હેઠળ નથી આવતા અને તેમને એક્સપોર્ટ ચાલુ રહેશે. આવું CXL અને TRQ ક્વોટા હેઠળ કરવામાં આવી રહ્યું છે.

નોટિફિકેશનમાંએ પણ કહેવામાં આવ્યું છે કે, અન્ય તમામ બાબતો અને નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. માત્ર રો શુગર, રિફાઈન્ડ શુગર, વ્હાઈટ સુગર અને ઓર્ગેનિક શુગરના એક્સપોર્ટ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના તાજેતરના અહેવાલ પ્રમાણે એ ખબર સામે આવી હતી કે, ખાંડના ગ્લોબલ ભાવ સપ્ટેમ્બર મહિનામાં એટલા ઊંચા સ્તરે પહોંચી ગયા છે જે લગભગ 13 વર્ષમાં સૌથી વધુ છે. સંગઠનનું કહેવું છે કે ભારત અને થાઈલેન્ડમાં અલ નીનોના કારણે શેરડીના પાકને પણ અસર થઈ હતી જેની અસર ખાંડની કિંમતો પર દેખાઈ રહી છે.

### સપ્ટેમ્બરમાં પાછલા માસની તુલનાએ 26 ટકા પામતેલની આયાતમાં ઘટાડો

# ભારતે આયાત ઘટાડતા મુખ્ય ઉત્પાદક દેશો ઈન્ડોનેશિયા-મલેશિયામાં પામતેલનો ભરાવો

ગુજરાત | વંદન

દેશની પામતેલની આયાત સપ્ટેમ્બર મહિનામાં પાછલા માસની તુલનાએ 26 ટકા ઘટીને 8,34,797 ટનની થઈ છે જે પાછલા ત્રણ માસમાં સૌથી ઓછી છે. ઊંચી પુરાંતના કારણે મિલોએ આયાત ઘટાડી હોવાનું એસઈએ (સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશન - સી)એ જણાવ્યું હતું. વિશ્વના સૌથી મોટા આયાતકાર ભારત દ્વારા આયાત ઘટાડવામાં આવતાં પામતેલના મુખ્ય ઉત્પાદક દેશો ઈન્ડોનેશિયા અને મલેશિયામાં પામતેલનો ભરાવો થયો છે અને તેના વાયદા તૂટયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સોયા ઓઈલની આયાત 0.1 ટકા વધીને 3,58,557 ટનની થઈ હતી જ્યારે સનફ્લાવર તેલની આયાત 17.8 ટકા ઘટી 3,00,732 ટનની થઈ



હોવાનું એસએઈએ જણાવ્યું હતું.

વનસ્પતિ તેલની આયાત આશરે 17 ટકા ઘટીને 15.50 લાખ ટનની થઈ હતી જે તેના પાછલા માસ દરમિયાન વિક્રમી 18.70 લાખ ટનની થઈ હતી. દેશમાં જુલાઈ અને ઓગસ્ટ માસમાં ખાદ્ય તેલની આવશ્યકતા કરતાં વધારે આયાત થઈ હતી પરંતુ રિટેલ માગ નબળી રહેવાથી પુરાંત માલમાં વધારો થયો છે અને રિફાઈનરીઓ હવે આયાતી તેલનું વેચાણ કરવા મથી રહી હોવાનું એક વેપારીએ જણાવ્યું હતું.

ક્રૂડ પામતેલ, ક્રૂડ સોયા તેલ અને ક્રૂડ સનફ્લાવર તેલની આયાત ઉપર આયાત ડયુટી ઘટાડીને 5.5 ટકા કરવામાં આવતાં તેલ પુરવઠામાં વધારો થયો હોવાનું એસએઈના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી વી મહેતાએ જણાવ્યું છે. ઓક્ટોબરમાં વનસ્પતિ તેલની આયાતમાં વધુ ઘટાડો થવાની શક્યતા છે કારણકે રિટેલમાં માગ ઘટી છે અને સોયાબીનના નવા પાકની આવક અને તેનું પીલાણ શરૂ થશે, એમ દિલ્હી સ્થિત એક વેપારીએ જણાવ્યું હતું.

# FMCG સેક્ટરમાં હેવમોરની ત્રણ વર્ષમાં 550 કરોડની રોકાણ યોજના

ગુજરાત | વંદન






વૈશ્વિક સ્તરે જિયો પોલિટિકલ ઈશ્યુ, ક્લાઈમેટ ચેન્જ, આર્થિક રિસેશન જેવા માહોલ વચ્ચે દેશની એફએમસીજી સેક્ટરની અગ્રણી હેવમોર ઈન્ડસ્ટ્રીઝે સારો ગ્રોથ મેળવ્યો છે. કંપનીનો પુણે સ્થિત નવો આઈસ્ક્રીમ ઉત્પાદનનો એકમ માર્ચ-એપ્રિલ 2024થી કાર્યરત થશે. નવા એકમ સહિત ગુજરાતમાં વેરહાઉસિંગ સ્થાપના અને ફરિદાબાદ એકમની ક્ષમતાના વિસ્તરણ પાછળ કુલ રૂ.550 કરોડનું રોકાણ કરાશે, એમ કંપનીના એમડી કોમલ આનંદે જણાવ્યું હતું.

કંપનીનો પુણે સ્થિત એકમ ત્રણ તબક્કામાં કાર્યરત બનશે અને સંપૂર્ણ કાર્યરત બનતા કંપનીનો દેશનો સૌથી મોટો ઉત્પાદિત એકમ બનશે, જે રોબોટિક ધોરણે ઉત્પાદન હાથ ધરશે. કંપની કુલ રોકાણ યોજનામાંથી 40 ટકા અત્યાર સુધી કરી ચૂકી છે. વધુમાં તેઓએ જણાવ્યું કે વૈશ્વિક સ્તરે આઈસ્ક્રીમના વપરાશમાં ભારતનો વપરાશ પ્રતિ વ્યક્તિ દીઠ અડધાથી પણ ઓછો છે જેના અનુસંધાને આગામી સમયમાં દેશમાં મોટી તક રહેલી છે. સ્થાનિકમાં તહેવારોની ઉજવણી દરમિયાન ગુજરાતમાં વેચાણને વેગ આપવા માટે હેવમોર તો બનતા હૈની ઝુંબેશ શરૂ કરાઈ છે.

આ કેમ્પેઈનમાં બ્રાન્ડ એમ્બેસેડર હાર્દિક પંડ્યા છે. વિશેષ ઈવેન્ટ્સ અને પ્રમોશનના મિશ્રણ સાથે ગ્રાહકોને જોડવા માટે તૈયાર છે. જોકે છેલ્લા કેટલાક સમયથી ક્લાઈમેટ ચેન્જની અસર ઈન્ડસ્ટ્રીઝ પર મોટો રોલ ભજવી રહી છે. ગુજરાતમાં ગયા વર્ષ સુધી એક જ વેરહાઉસમાંથી ઉત્પાદનો નીકળતા હતા. જે વિસ્તરણ કરી ખેડા, સુરત અને રાજકોટમાં એક-એક નવા વેરહાઉસ શરૂ કર્યા છે.

# અમેરિકાની લેબગ્રોન ડાયમંડ કંપનીએ નાદારી નોંધાવી





ગુજરાત | વંદન

કૃત્રિમ માનવસર્જિત હીરા ઉત્પાદનનો પ્રારંભ કરનારી એક અમેરિકન કંપની ડબ્લ્યુ ડી લેબગ્રોન ડાયમંડ્સે ડેલાવેર ફેડરલ કોર્ટમાં નાદારી નોંધાવી છે. અમેરિકાના મેરીલૅન્ડ રાજ્યના બેલ્ટ્સવિલે શહેર સ્થિત આ કંપનીનું કૉર્પોરેટ નામ એમ સેવન ડી છે અને તેની લિસ્ટેડ કરન્ટ એસેટ 30.6 લાખ ડૉલર છે. તેની સામે તેની લાયેબિલિટી 4.48 કરોડ ડૉલરની છે. તેના લેણદારો લગભગ 100થી 199 જેટલા છે. ડબલ્યુ ડી ડાયમન્ડ ઈન્ટરમિડિયેટ હૉલ્ડિંગ્ઝ તેની ભાગીદાર કંપની છે અને ભાગમાં આવતું દેવું ચૂકવવા માટે જવાબદાર છે.

2023ના વર્ષની અત્યાર સુધીની કંપનીની કુલ આવક 84 લાખ ડૉલર હતી જે 2022માં 3.3 કરોડ ડૉલર અને 2021માં 1.79 કરોડ ડૉલર હતી. ઓસ્કાર મસીન આ કંપનીના માલિક છે.

કાનેર્ગી ઈન્સ્ટિટયૂટ ઓફ વૉશિંગ્ટનની ડાયમંડ ગ્રોઈંગ લાયસન્સ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને કંપનીએ 2008માં વૉશિંગ્ટન ડાયમંડ કૉર્પોરેશન તરીકે શરૂઆત કરી હતી. શરૂઆતમાં ભૂતપૂર્વ બ્રિટીશ જ્વેલર ક્લાઈવ હીલ ડબલ્યુ ડીએ તેના માલિક હતા ત્યારબાદ હુરોન કેપિટલે 2019માં તેને ખરીદી લીધી હતી.

કંપનીએ શરૂઆતમાં રત્નના ધંધામાં ધ્યાન આપ્યું હતું. ત્યારબાદ 2019માં કંપનીએ સ્યુ રેયનર નામના એક અનુભવી બ્રાન્ડ બિલ્ડરની સીઈઓ તરીકે નિમણૂક કરી હતી. આ ઉપરાંત કંપનીએ પ્લમ્બ ક્લબ જોઈન કરી હતી અને લેટીટયુડ નામનું એક પ્રોપ્રાઈટરી લેવલ શરૂ કર્યું હતું. 2020માં કંપનીએ કેટલીક અન્ય લેબગ્રોન ડાયમન્ડ કંપનીઓ ઉપર પ્રોપરાઈટરી ટેક્નૉલૉજીનો ઉપયોગ કરવા માટે કોર્ટમાં કેસ કર્યો હતો. ત્યારબાદ કેટલીક કંપનીઓ સાથે સેટલમેન્ટ કર્યું હતું. જોકે કોર્ટે ફિનિક્સ ડાયમંડ વિરુદ્ધનો કેસ કાઢી નાખ્યો હતો.

તાજેતરના મહિનાઓમાં ડબલ્યુડીએ લોકોને જણાવ્યું હતું કે, લેબગ્રોનના ધંધાનો મુખ્ય ભાગ છે અને તેને 2021માં શિકાગો સ્થિત ડાયમંડ ગ્રોઅર જે ટુ મટિરિયલ્સ કંપની ખરીદી હતી. ડિસેમ્બર 2022માં કંપનીએ રેયનરના સ્થાને માઈક ગ્રુન્ઝની નવા સીઈઓ તરીકે નિમણૂક કરી હતી.

# ઇલેક્ટ્રિક કરતાં હાઇબ્રિડ કાર વધુ પસંદ, 2023માં વેચાણ 4 ગણું વધ્યું

■ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ ૬૪,૦૯૭ ઈલેક્ટ્રિક કાર વેચાઈ જ્યારે હાઈબ્રિડ કારનું વેચાણ ૨,૬૬,૪૬૫ યુનિટ રહ્યું

ગુજરાત | વંદન

આજની સભાન સમજદાર સમાજ વ્યવસ્થામાં ભારતમાં પણ પર્યાવરણ ફ્રેન્ડલી પરિવહન તરફ ગ્રાહકોનો ઝોક વધી રહ્યો છે. ભારતીય ગ્રાહકોની પ્રથમ પસંદગી ઈલેક્ટ્રિક કાર નહીં પરંતુ હાઈબ્રિડ કાર છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના વાહન ડેશબોર્ડ ડેટા અનુસાર જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ ૬૪,૦૯૭ ઈલેક્ટ્રિક કાર વેચાઈ છે, પરંતુ હાઈબ્રિડ કારનું વેચાણ ૨,૬૬,૪૬૫ યુનિટ રહ્યું છે એટલેકે વેચાણ ૪.૧૫ ગણું વધુ છે. ૨૦૨૨માં વેચાયેલી કુલ ૪૧ લાખ કારમાંથી હાઈબ્રિડ કાર ૪.૪૨ ટકા હતી, જે આ વર્ષે વધીને ૭.૨ ટકા થઈ ગઈ છે.

મારુતિ સુઝુકી, ટોયોટા





કિર્લોસ્કર મોટર, હોન્ડા કાર્સ ઈન્ડિયા, લેક્સસ ઈન્ડિયા જેવી કંપનીઓના મોડલોના જોરે હાઈબ્રિડ કારના વેચાણમાં વધારો થયો છે. હાઈબ્રિડ વાહનોને ત્રણ કેટેગરીમાં લોન્ચ કરવામાં આવ્યા છે - માઈલ્ડ/હળવા હાઈબ્રિડ, સ્ટ્રોંગ/મજબૂત હાઈબ્રિડ અને પ્લગ-ઈન હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહન. હાલમાં હાઈબ્રિડ વાહનોના કુલ વેચાણમાં હળવા હાઈબ્રિડનો હિસ્સો ૯૦ ટકાથી વધુ છે પરંતુ ઉદ્યોગ નિષ્ણાતોનું માનવું છે કે જો કંપનીઓ સ્ટ્રોંગ હાઈબ્રિડ કેટેગરીમાં વધુ મોડલ લોન્ચ કરશે તો તેની બજાર સ્થિતિ પણ બદલાઈ જશે.

માઈલ્ડ હાઈબ્રિડ કારમાં ૪૮-વોલ્ટની કોમ્પેક્ટ બેટરી અને ઈલેક્ટ્રિક મોટર છે, જેના કારણે કારનું પેટ્રોલ એન્જિન વધુ સારું પ્રદર્શન કરે છે. આ કાર પેટ્રોલ એન્જિન પર ચાલે છે પરંતુ તે બેટરી દ્વારા અલગથી સપોર્ટ કરે છે. આ બાબત કારને ઈકોનોમિક બનાવે છે.

તેનાથી વિપરીત સ્ટ્રોંગ હાઈબ્રિડ કારમાં પેટ્રોલ એન્જિન સાથે ૧ કિલોવોટ હવર ઈલેક્ટ્રિક મોટર છે. પેટ્રોલ એન્જિન માત્ર વાહનને પાવર જ નથી કરતું પરંતુ બેટરીને પણ રિચાર્જ કરે છે. એકવાર બેટરી સંપૂર્ણ ચાર્જ થઈ જાય પછી ઈલેક્ટ્રિક મોટર જાતે જ વાહનને અમુક અંતર સુધી ખેંચે છે.



# શિયાળાની સિઝનમાં સ્વસ્થ રહેવા માટે અપનાવો આ આયુર્વેદિક નુસ્ખા

ધીમે-ધીમે શિયાળાની શરૂઆત થઈ રહી છે. આવા મોસમમાં બીમારીઓ વધી જાય છે. શરદી-ખાંસીની સમસ્યા તો ખૂબ કોમન હોય છે. ઈમ્યૂનિટી કમજોર થવાથી આ મોસમમાં ઈન્ફ્લુએન્ઝા, સાઈનસાઈટિસ, ટોન્સિલાઈટિસ જેવી સમસ્યાઓ પણ થાય છે. દરમિયાન જો તમે શિયાળામાં બીમાર પડવા માંગતા નથી તો આયુર્વેદ તમારી મદદ કરે છે. અમુક એવા નુસ્ખા છે જે તમારી ઈમ્યૂનિટીને મજબૂત કરીને તમને બીમારીઓથી બચાવી શકે છે.

## ધ્યાન-યોગ

શરીરને તણાવથી મુક્ત અને મનને શાંત રાખવા માટે આયુર્વેદ ધ્યાન અને યોગને જીવનમાં ઉતારવાની સલાહ આપે છે. નિયમિતરીતે યોગ કરવાથી શારીરિક મજબૂતી મળે છે. માનસિક તણાવથી પણ છુટકારો મળે છે. ઘણા યોગાસન તો એવા પણ છે, જે તમારી ઈમ્યૂનિટીને જોરદાર રીતે વધારવાનું કાર્ય કરે છે. પ્રાણાયામ દરરોજ કરવાથી પણ રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

## આયુર્વેદિક ક્રિયાઓ

અમુક એવી પણ આયુર્વેદિક પ્રક્રિયાઓ છે જે ઈમ્યુનિટીને વધારી શકે છે. જેમાં સવાર-સાંજ નસકોરામાં તેલ કે નારિયેળનું તેલ કે ઘી લગાવવુ ફાયદાકારક માનવામાં આવે છે. આ સિવાય ઓયલ પુલિંગ થેરેપી પણ ખૂબ સારી માનવામાં આવે છે. જેમાં એક ચમચી તેલ કે નારિયેળનું તેલ મોઢામાં નાખીને બેથી ત્રણ મિનિટ સુધી ફરાવીને થૂકી દો ને પછી ગરમ પાણીથી મોઢુ ધોઈ લો. આ ક્રિયા પણ રોગ પ્રતિકારક શક્તિઓને વધારવામાં મદદરૂપ છે.

## જડીબુટ્ટીઓનું સેવન

શિયાળામાં અમુક આયુર્વેદિક જડીબુટ્ટીઓ પણ એવી છે, જેનું દરરોજ સેવન કરવાથી ઈમ્યુનિટી સ્ટ્રોન્ગ થાય છે. જેમાં હળદરવાળુ દૂધ, અશ્વગંધા, તુલસી અને ઘણા આયુર્વેદિક ઔષધિઓ સામેલ છે.

# ખરતા વાળની સમસ્યાથી છુટકારો મેળવવા માટે કરો આ ફૂડનું સેવન



અત્યારે મોટાભાગના લોકો ખરતા વાળની સમસ્યાથી ચિંતિત રહે છે. વાળ આપણી સુંદરતામાં વધારો કરે છે પરંતુ ઘણી વખત ઘણા સ્થળોએ લોકો વાળથી જોડાયેલી સમસ્યાઓનો શિકાર થઈ જાય છે. દરમિયાન ઘણી વખત વાળ ખરવાના કારણે લોકો નિરાશ થઈ જાય છે. જો તમે પણ ખરતા વાળની સમસ્યા સાથે ઝઝૂમી રહ્યા હોવ તો પોતાના રસોડામાં હાજર ફૂડ આઈટમની મદદથી વાળને ખરતા રોકી શકો છો.

**શક્કરિયા :** સામાન્યરીતે વ્રત-ઉપવાસ માટે ઉપયોગ થનાર શક્કરિયા આરોગ્ય માટે કોઈ વરદાનથી ઓછા નથી. આ કોપર, આયર્ન, ઝિંક અને પ્રોટીનનો એક શાનદાર સ્ત્રોત છે જે વાળને ખરતા ઓછા કરવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે, ખાસ કરીને એલોપેસિયા એરીટા અને ટેલોજેન એફ્લુવિયમ જેવી સ્થિતઓમાં. જેમાં હાજર વિટામિન એ એન્ટીઓક્સિડેન્ટ તરીકે કાર્ય કરે છે, જે ફ્રી રેડિકલ્સના હાનિકારક પ્રભાવોને ઓછા કરે છે, જે સમય કરતા પહેલા થતા સફેદ વાળનું કારણ બની શકે છે.


**બદામ :** બદામ પોષક તત્વોનું પાવરહાઉસ છે, જેમાં મેગ્નેશિયમ, સેલેનિયમ, પ્રોટીન, અસંતૃપ્ત ફેટી એસિડ સહિત વિભિન્ન વિટામિન હોય છે. આ પોષક તત્વ વાળના પોર્સને રેગ્યુલેટ કરે છે, જેનાથી વાળના વિકાસને પ્રોત્સાહન મળે છે. દરમિયાન તમે તમારા વાળને મજબૂત બનાવવા અને તેમના આરોગ્યને જાળવી રાખવા માટે દરરોજ 4-5 પલાળેલા બદામ ખાઈ શકો છો.

**શિમલા મિર્ચ :** શિમલા મિર્ચ વિટામિન સી નો સૌથી શ્રેષ્ઠ સોર્સ પૈકીનો એક છે. આ વિટામિન વાળ તૂટવા અને ડ્રાયનેસને રોકવામાં મદદ કરે છે. સાથે જ આયર્નના શોષણમાં પણ મદદ કરે છે, જેનાથી આ વાળને પાતળા થવાથી રોકે છે.

**ગાજર :** ગાજર વિટામિન એ, કેરોટીનોયડ અને પોટેશિયમનું પાવરહાઉસ છે, જે વાળને હેલ્ધી બનાવવામાં મહત્વનું યોગદાન આપે છે. વિટામિન એ ની ઉણપ તમારા વાળ માટે હાનિકારક થઈ શકે છે અને ડ્રાય હેરનું કારણ બની શકે છે.

**સંતરા :** સંતરામાં વિટામિન સી નું ભરપૂર પ્રમાણ હોય છે, જે ન માત્ર વાળના વિકાસને પ્રોત્સાહન આપે છે પરંતુ આમાં એન્ટીઓક્સિડેન્ટ, ફ્લેવોનોઈડ, બીટા-કેરોટીન, મેગ્નેશિયમ અને ફાઈબર પણ હોય છે. તાજા સંતરાના રસને નિયમિત પીવાથી વાળના આરોગ્યને શ્રેષ્ઠ કરવામાં મદદ મળી શકે છે.

**દહીં :** દહીં પ્રોબાયોટિક્સના શ્રેષ્ઠ સ્ત્રોતો પૈકીનું એક છે, જે આંતરડાની હેલ્થને સારી કરવામાં મદદ કરે છે અને વાળના સ્વાસ્થ્યને સારુ રાખે છે. સાથે જ આ વાળના પોર્સના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા નિભાવે છે અને વાળને ખરતા રોકવામાં મદદ કરે છે.



# આમળાના સેવનથી મેદસ્વીપણું થાય છે દૂર

શિયાળાની ધીમા ધીમા પગલે શરૂઆત થઈ રહી છે. ત્યારે માર્કેટમાં આમળા જોવા મળી રહ્યા છે. આમળામાં વિટામીન સી ભરપૂર પ્રમાણમાં હોય છે. તેના સેવનથી લોહી, પિત્ત, પાંડુ, ત્રિદોષ, દમ, ખાંસી, શ્વાસ રોગ, કબજિયાત, છાતીના રોગ, હૃદયના રોગ, મુત્ર વિકાર જેવી અનેક બિમારીમાં ફાયદો થઈ શકે છે. આમળા ખાવાથી મેદસ્વીપણું પણ દૂર થાય છે અને સમય પહેલા વૃદ્ધાવસ્થાને રોકવામાં પણ આમળા મદદરૂપ બને છે. બ્યૂટીને લગતી અનેક સમસ્યાઓમાં પણ આમળા રાહત આપે છે.

રોજ આમળાનો જ્યૂસ પીવાથી કોલેસ્ટ્રોલ લેવલને ઓછુ કરવામાં મદદ મળે છે. તેમાં રહેલા એમિનો એસિડ અને એન્ટી ઓક્સીડેન્ટ્સના કારણ તે હૃદય માટે ફાયદાકારક છે. ચહેરા પર જો ડાઘ કે ધબ્બા હોય તો રુથી તેના રસને રોજ ચહેરા પર લગાવવો જોઇએ. તેનાથી ચહેરાના ડાઘમાં રાહત મળી શકે છે. તેમાં રહેલા ઓક્સીડાઇઝિંગ મેલેનિન ત્વચાના ઓપન પોર્સને પણ બંધ કરવામાં મદદ કરે છે.

આમળાનો અનેક રીતે ઉપયોગ કરી શકાય છે. આમળાના ચૂર્ણને મધની સાથે ખાવું જોઇએ. તેનાથી લોહી સાફ થાય છે. જો તેને મધ કે ઘીની સાથે ખાવામાં આવે તો એસિડીટીની પરેશાનીમાં ફાયદો થશે. શુગરના દર્દીઓએ આમળાનો જ્યૂસ રોજ પીવો જોઇએ. તેનાથી શુગલ લેવલ ઠીક રહે છે અને ધીરે ધીરે ડાયાબિટિઝથી હમેશા માટે મુક્તિ મળી શકે છે.

સમયથી પહેલા વૃદ્ધાવસ્થાના લક્ષણોને રોકવા માટે આમળા ઘણાં મદદરૂપ છે. આના માટે સુકા આમળાનું ચૂર્ણ અને તલનું ચૂર્ણ બરાબર મિલાવી ઘી કે પછી મધની સાથે ખાવાથી તમે જવાન બની રહેશો.

આમળામાં વિટામીન સી આવેલું છે. તેને ગરમ કરવાથી કે તેને સૂકવવાથી તે નષ્ટ થતું નથી. ત્રિફળાચૂર્ણ આમાં મુખ્ય ઘટક આમળાં હોય છે. ચ્યવનપ્રાસમાં પણ અમૃત ફળ તરીકે આમળા હોય છે. આમળા આવેલો એન્ટિઓક્સિડન્ટ વૃદ્ધત્વ અટકાવે છે. આમળા માથાના રોગ તેમજ વાળ માટે પણ ખૂબ જ હિતકારી છે. આમળામાં વિટામીન સી ભરપૂર હોવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે. તેમજ આમળામાં વિટામીન એ પણ જોવા મળે છે. જે તમારા આંખની રોશની માટે ખૂબ જ ફાયદાકારક છે.

આમળા એક એવું ફળ છે જેને તમે દૂધની સાથે લઈ શકો છો. આ અમૃત ખાટુ છે છતાં પણ તમે દૂધની સાથે લઈ શકો છો. બીજા કોઈ પણ ખાટા ફળ તમે દૂધની સાથે લઈ નથી શકતા. આમળાનો સ્વભાવ ઠંડો છે તેથી આપણા શરીરની ગરમીને પણ તે દૂર કરે છે. ઈન્ફેક્શનને પણ દૂર કરે છે.

# કાચ જેવી ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે કાચા દૂધમાં ગુલાબજળ મિક્સ કરીને ચહેરા પર લગાવો...

ત્વચાની સંભાળ રાખવી ખૂબ જ જરૂરી છે. આપણે બધા ઈચ્છીએ છીએ કે આપણી ત્વચા ચમકદાર દેખાય. નવરાત્રીનો તહેવાર શરૂ થઈ ગયો છે અને થોડા જ દિવસોમાં દિવાળીનો તહેવાર આવવાનો છે. તહેવારોમાં દરેકને સુંદર દેખાવું હોય છે. આ માટે, તમને ઘણી મોટી બ્રાન્ડ્સમાંથી ઘણી સ્કિન કેર પ્રોડક્ટ્સ મળશે. પરંતુ ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે તમે ઘરગથ્થુ વસ્તુઓનો પણ ઉપયોગ કરી શકો છો. દિવાળીના તહેવાર પર ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે કેટલીક સરળ ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ.



## ચણાનો લોટ ચહેરા પર ચમક લાવશે

ચણાના લોટમાં રહેલા ગુણો ત્વચા પરની ટેનિંગ ઘટાડવામાં મદદ કરે છે. કોઈપણ પ્રકારના સ્કિન ઈન્ફેક્શનથી બચવામાં ચણાનો લોટ ખૂબ જ મદદગાર છે. આ સિવાય ચહેરા પરના છિદ્રોને ઊંડી રીતે સાફ કરવા માટે ચણાનો લોટ ખૂબ જ ફાયદાકારક છે. તમે તેનો ઉપયોગ ફેસ સ્ક્રબ તરીકે કરી શકો છો. આ સિવાય તે તેલયુક્ત ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે.

## કાચા દૂધથી ત્વચાની સંભાળ રાખો

ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે કાચું દૂધ ખૂબ જ ઉપયોગી છે. તમે તેમાં ગુલાબજળ મિક્સ કરીને કોટન પેડની મદદથી ચહેરા પર લગાવી શકો છો. આ સિવાય તમે તેને ફેસ પેકમાં મિક્સ કરીને પણ ચહેરા પર લગાવી શકો છો. તેમાં વિટામીન-A ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે ત્વચાને ભેજ પૂરું પાડીને નરમ બનાવવામાં મદદ કરે છે.

## એલોવેરા જેલ ત્વચાને સ્વસ્થ બનાવશે

એલોવેરા જેલ ત્વચા માટે ઘરેલું ડોક્ટરનું કામ કરે છે. તમે સવારે ઉઠતાની સાથે જ તમારા ચહેરા પર તેનો ઉપયોગ કરી શકો છો અને તમે તેને રાત્રે પણ તમારા ચહેરા પર લગાવી શકો છો. આ સિવાય તમે ફેસ પેક અથવા મોઈશ્ચરાઈઝરમાં મિક્સ કરીને પણ તેનો ઉપયોગ કરી શકો છો. એલોવેરા જેલમાં વિટામિન-A, વિટામિન-C અને વિટામિન-B હોય છે જે ત્વચાને પુષ્કળ પ્રમાણમાં પોષણ આપે છે. આ જેલમાં એન્ટી-બેક્ટેરિયલ ગુણ હોય છે જે ત્વચાને તમામ પ્રકારના સ્કિન ઈન્ફેક્શનથી બચાવે છે.

# દરરોજ સવારે ખાલી પેટ લસણની એક કળી ખાવાથી અનેક બીમારીઓ થઈ જશે છૂમંતર

લસણ દરેક ઘરના રસોડામાં સરળતાથી મળી જાય છે. દાળ હોય કે શાકભાજી લસણનો ઉપયોગ તમામમાં કરવામાં આવે છે. લસણમાં ઘણા ગુણ છુપાયેલા હોય છે જે આપણા આરોગ્ય માટે ખૂબ લાભદાયી છે. વૈજ્ઞાનિક અભ્યાસોથી જાણ થાય છે કે લસણનું સેવન કરવાથી ઘણી જોખમી બીમારીઓ દૂર થઈ જાય છે. તેથી દરરોજ સવારે ખાલી પેટ લસણની એક કળી ખાવાથી તમે આ બીમારીઓથી બચી શકો છો.

લસણમાં ઘણા એવા ગુણ હોય છે જે આરોગ્ય માટે ખૂબ લાભદાયી છે પરંતુ આ ગુણોનો વધુ લાભ ઉઠાવવા માટે લસણને યોગ્ય રીતે અને યોગ્ય સમયે ખાવા જોઈએ. એક્સપર્ટ્સ અનુસાર સવારે ખાલી પેટ લસણ ખાવુ સૌથી ફાયદાકારક હોય છે. ખાલી પેટ લસણ ખાવાથી શરીરમાં તેના તત્વ સરળતાથી શોષાય જાય છે અને પોતાનુ કામ કરવાનું શરૂ કરી દે છે. આ પાચનશક્તિને મજબૂત બનાવે છે, પેટ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે અને હૃદયના સ્વાસ્થ્યને શ્રેષ્ઠ બનાવે છે. આ સિવાય આ શુગર લેવલને કંટ્રોલ કરીને ડાયાબિટીસમાં મદદરૂપ છે તથા રોગ પ્રતિકારક શક્તિને મજબૂત કરે છે.

ખાલી પેટ લસણ ખાવાથી બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ મળે છે. લસણમાં એન્ટીઓક્સિડેન્ટ હોય છે જે બ્લડ પ્રેશરને સ્થિર રાખવામાં મદદરૂપ હોય છે. આ બ્લડમાં ક્લોટ બનવાની શક્યતાને ઘટાડે છે. લસણ રક્ત પરિભ્રમણને શ્રેષ્ઠ બનાવે છે જેનાથી બ્લડ ક્લોટિંગનું જોખમ ઓછુ થાય છે.



# બીટનું જ્યૂસ રોજ પીવાથી બ્લડ પ્રેશર રહે છે કન્ટ્રોલમાં

બીટનું જ્યૂસ સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી છે. બીટના જ્યૂસમાં પોટેશિયમ, આર્યન, મેગ્નીશિયમ, ઝિંક કોપર અને મિનરલ સહિત અનેક પોષક તત્વો રહેલા હોય છે. તેનું સેવન કરવાથી બ્લડ પ્રેશર કન્ટ્રોલમાં રહે છે અને મસલ્સ પાવરને વધારવામાં મદદ કરે છે. ચાલો આપણે બીટના જ્યૂસના વિવિધ ફાયદાઓ વિશે જાણીએ.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે બીટનું જ્યૂસ બ્લડ પ્રેશરને ઓછું કરવામાં મદદ કરે છે. એક રિપોર્ટ પ્રમાણે જે લોકો રોજ 250 મિલીલીટર બીટનું જ્યૂસ પીવે છે, તેમને સિસ્ટોલિક અને ડાયાસ્ટોલિક બંન્ને બ્લડ પ્રેશર ઓછું થઈ જાય છે.

બીટના જ્યુસમાં પોટેશિયમ, આયરન, મેગ્નીશિયમ, ઝિંક કોપર અને મિનરલ સહિત અનેક પોષક તત્વો રહેલા હોય છે. તેનુ સેવન કરવાથી બ્લડ પ્રેશર કન્ટ્રોલમાં રહે છે અને મસલ્સ પાવરને વધારવામાં મદદ કરે છે. આ સાથે સાથે શરીરમાં બનતા કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લિસરાઈડને ઓછું કરવામાં મદદ કરે છે. તેમજ લોહીમાં સારા કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએલનું લેવલ વધારે છે. તેના કારણે



લીવરનું ઓક્સીડેટિવ સ્ટ્રેસ પણ ઓછો થઈ જાય છે. જો તમારુ કોલેસ્ટ્રોલ લેવલ વધારે હોય તો તમારે બીટનું જ્યુસ પીવું જોઈએ. બીટના જ્યુસમાં કેલોરીની માત્રા ઓછી હોય છે અને ફેટ બિલકુલ નથી હોતું. મોટાપામાં રાહત મેળવવા માટે પણ બીટનું જ્યૂસ પીવું ફાયદાકારક છે. બીટના જ્યૂસમાં કેલોરીની માત્રા ઓછી હોય છે અને ફેટ બિલકુલ નથી હોતું. જે સવારમાં પીવાથી વધુ લાભકારી રહે છે. આખો દિવસ શરીરમાં સ્ફૂર્તિ રહે છે.

# ઘરે જ બનાવો પ્રખ્યાત સુરતની રતાળુ કચોરી

તમે લોકોએ બટાકાની કચોરી, ડુંગળીની કચોરી, મગની દાળની કચોરી વગેરે તો ખાધી જ હશે પરંતુ હવે રતાળુ કચોરી ટ્રાય કરો. સુરતની રતાળુ કચોરી ગુજરાતભરમાં બહુ ફેમસ છે. ઉપવાસમાં પણ આ કચોરી ખવાય છે.



## રતાળુ કચોરીની સામગ્રી

પાંચસો ગ્રામ રતાળુ, અઢીસો ગ્રામ રાજગરાનો લોટ, અઢીસો ગ્રામ ઘી, જોઈતા પ્રમાણમાં મીઠું અને તેલ, આદુ-મરચાં, કોપરું લાલ દ્રાક્ષ, તલ, લીંબુ

## બનાવવાની રીત

રતાળુને છોલી તેના નાના ટુકડા કરી થોડું ઘી મૂકી ધીમે તાપે રતાળુને ચડવા દેવું. બરાબર ચડી જાય એટલે તેને છૂંદી તેમાં મીઠું, આદુ-મરચાં, ખમણેલું કોપરું, લીંબુ, ખાંડ, લાલ દ્રાક્ષ, તલ જોઈતા પ્રમાણમાં નાંખવા અને બધું ભેગું કરવું. રાજગરાના લોટમાં પાણી નાંખીને બાંધવો અને તેની પુરી વણવી. એમાં તૈયાર કરેલ રતાળુનો મસાલો મૂકી કચોરી બનાવવી.
તે પ્રમાણે બટાકાની સૂરણની કે શક્કરિયાની કચોરી પણ થઈ શકે છે.




### અફઘાને અંગ્રેજોને હરાવ્યા બાદ નેધરલેન્ડે દક્ષિણ આફ્રિકાને હરાવ્યું

# વર્લ્ડકપના ઈતિહાસના સૌથી મોટા અપસેટ પર એક નજર, બે વાર ભારત બન્યું શિકાર

ગુજરાત | વંદન

અફઘાનિસ્તાને વર્લ્ડકપ 2023ની 13મી મેચમાં ઈંગ્લેન્ડ સામે 69 રને જીત મેળવી હતી. આ મેચમાં અફઘાનિસ્તાન દ્વારા પહેલા બેટિંગ કરીને 284 રન બનાવવામાં આવ્યા હતા. આ સ્કોર સામે ઈંગ્લેન્ડની ટીમ 215 રન જ ઓલાઉટ થઈ ગઈ હતી. ગયા વર્ષે ચેમ્પિયન બનેલી ઈંગ્લેન્ડની ટીમ માટે આ હારને પચાવી થોડી અઘરી છે. ત્યારે મંગળવારે ધર્મશાલા મેદાનમાં નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા સામે મેચ રમાઈ હતી. જેમાં નેધરલેન્ડ્સે દક્ષિણ આફ્રિકાને 38 રનથી હરાવ્યું હતું. ત્યારે 2023ના વર્લ્ડકપમાં બે મોટા અપસેટ બાદ ક્રિકેટ ફેન આવા વર્લ્ડ કપના ઈતિહાસમાં મોટા અપસેટ યાદ આવવા લાગ્યા. 1983ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને ઝિમ્બાબ્વેએ હરાવ્યું હતું, જ્યારે બે વખતની ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝને 1996ના વર્લ્ડ કપમાં કેન્યા જેવી ટીમના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિવાય ભારતીય ટીમને વર્લ્ડ કપના ઈતિહાસમાં બે વખત મોટા અપસેટનો સામનો કરવો પડ્યો હતો.

**1. ઝીમ્બાબ્વે vs ઓસ્ટ્રેલિયા, 1983 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** ઝીમ્બાબ્વેએ 1983ના વર્લ્ડકપમાં લીગમાં 13 રને ઓસ્ટ્રેલીયાને હરાવ્યું હતું.

**2. વેસ્ટઇન્ડીઝ vs કેન્યા, 1996 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** પહેલીવાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરનાર કેન્યાની ટીમે પટનામાં વેસ્ટઈન્ડીઝને 7 વિકેટથી હરાવ્યું હતું.

**3. ભારત vs ઝિમ્બાબ્વે, 1999 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** તે સમય દરમ્યાન સૌથી કમઝોર માનવામાં આવતી ઝિમ્બાબ્વે વર્લ્ડકપના ગ્રુપ સ્ટેજ મેચમાં ભારતને 3 રનથી હરાવીને બધાને ચોંકાવી દીધા હતા.

**4. સાઉથ આફ્રિકા vs ઝિમ્બાબ્વે, 1999 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** ઝિમ્બાબ્વેએ ભારતને હરાવ્યા બાદ સાઉથ આફ્રિકાને 48 રને હરાવીને વર્લ્ડકપ 1999માં બીજી મોટી સફળતા મેળવી હતી.

**5. પાકિસ્તાન vs બાંગ્લાદેશ, 1999 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** બાંગ્લાદેશે આ વર્લ્ડકપમાં પાકિસ્તાનને નોર્થમ્પ્ટનમાં ગ્રુપ સ્ટેજ મેચમાં 62 રને હરાવ્યું હતું.

**6. શ્રીલંકા vs કેન્યા, 2003 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** કેન્યાએ 2003 વર્લ્ડકપમાં નૈરોબીમાં શ્રીલંકાને 53 રનથી હરાવીને ગેમ ચેઈન્જર બની હતી. કેન્યાની ટીમ આ વર્લ્ડકપમાં સેમીફાઈનલમાં પહોંચવામાં સફળ રહી હતી.

**7. બાંગ્લાદેશ vs ભારત, 2007 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** બાંગ્લાદેશે વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલ વર્લ્ડકપની ગ્રુપ બી મેચમાં ભારતને 5 વિકેટે હરાવીને મોટી સફળતા હાંસલ કરી હતી. ભારતીય ટીમ આ વર્લ્ડકપમાં ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ હતી.

**8. આયર્લેન્ડ vs પાકિસ્તાન, 2007 વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજ:** વર્લ્ડકપ 2007માં બીજો મોટો અપસેટ આયર્લેન્ડે પાકિસ્તાનને 3 વિકેટે હરાવીને જીત હાંસલ કરી હતી. આ હારને કારણે પાકિસ્તાનની ટીમ પણ પછીના રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી.

**9. ઈંગ્લેન્ડ vs આયર્લેન્ડ, 2011 વર્લ્ડકપ:** બેંગલુરુમાં ગ્રુપ સ્ટેજની મેચમાં ઈંગ્લેન્ડને 3 વિકેટથી હરાવીને આયર્લેન્ડે 2011 વર્લ્ડ કપમાં મોટો અપસેટ સર્જ્યો હતો.

**10. આયર્લેન્ડ vs વેસ્ટ ઈન્ડિઝ, 2015 વર્લ્ડકપ:** આ વખતે ટીમે પૂલ સ્ટેજની મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે જીતવા માટે 305 રનનો ટાર્ગેટને 25 બોલ બાકી રહેતા 6 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો.



### ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ સત્તાવાર જાહેરાત કરી

# 128 વર્ષ બાદ ઓલિમ્પિક્સમાં ક્રિકેટનો કરાયો સમાવેશ...

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ ક્રિકેટને ઓલિમ્પિક્સ 2028માં સામેલ કરવાની ઓફિશિયલ જાહેરાત કરી દીધી છે. ક્રિકેટની સાથે સાથે ચાર અન્ય રમતનો પણ ઓલિમ્પિક્સ 2028માં સમાવેશ કરવામાં આવ્યો છે. 128 વર્ષ પછી ક્રિકેટનો ઓલિમ્પિક્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે.લૉસ એન્જિલસ ઓલિમ્પિક આયોજન સમિતિએ મહિલા અને પુરૂષની છ ટીમોની ટૂર્નામેન્ટનો પ્રસ્તાવ મુક્યો હતો. યજમાન હોવાને કારણે અમેરિકાની ટીમ હશે. જોકે, ટીમોની ક્વોલિફિકેશન અંગેનો અંતિમ નિર્ણય પછી લેવામાં આવશે.

આ બેઠકમાં ક્રિકેટની સાથે 4 અન્ય રમતને પણ ઓલિમ્પિક્સ 2028માં સામેલ કરવાનો ઓફિશિયલ નિર્ણય લેવામાં આવ્યો હતો.ક્રિકેટની સાથે બેસબૉલ-સોફ્ટબોલ, ફ્લેગ ફૂટબોલ, સ્કવોશ અને લેક્રોસ પણ ઓલમ્પિક્સ 2028માં આયોજિત કરવામાં આવશે. આ પાંચ રમતને લઈને શુક્રવારે જ સહમતિ બની ગઈ હતી. રવિવારે મુંબઈમાં અંતિમ તબક્કાની વાતચીત થઈ હતી અને પછી સોમવારે બપોરે આ રમતને ઓલિમ્પિક્સમાં સામેલ કરવાની ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી હતી.

ક્રિકેટ આ પહેલા 1900માં પેરિસ ઓલિમ્પિકમાં રમાઈ હતી. 128 વર્ષ પછી તેની ઓલિમ્પિકમાં વાપસી થશે. લાંબા સમયથી ક્રિકેટને ઓલિમ્પિકમાં સામેલ કરવાના પ્રયાસ ચાલતા હતા. હવે ક્રિકેટને દુનિયાની સૌથી મોટી રમત આયોજનમાં એન્ટ્રી મળી છે. ICCએ તેના માટે ઘણી મહેનત કરી છે.

### યુવરાજ સિંહે ટી-20 વર્લ્ડકપ 2007માં 12 બોલમાં ફિફ્ટી ફટકારી હતી

# સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં આશુતોષે 11 બોલમાં ફિફ્ટી ફટકારી રેકોર્ડ તોડ્યો

ગુજરાત | વંદન




ભારતમાં રમાઈ રહેલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મંગળવારે આશુતોષ શર્માએ તાબડતોડ બેટિંગ કરતા ઈતિહાસ રચી દીધો હતો. રેલ્વે તરફથી રમી રહેલા આશુતોષે અરુણાચલ પ્રદેશ સામે 11 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. આ સાથે જ તે સૌથી ઝડપી ફિફ્ટી ફટકારનાર ભારતીય ખેલાડી બની ગયો છે. ભારતના પૂર્વ દિગ્ગજ ખેલાડી યુવરાજ સિંહે ટી-20 વર્લ્ડકપ 2007માં 12 બોલમાં ઈંગ્લેન્ડ સામે ફિફ્ટી ફટકારી હતી.

આશુતોષે 12 બોલમાં 53 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે 1 ચોગ્ગો અને 8 છગ્ગા ફટકાર્યા હતા. આશુતોષના 53 રનની મદદથી રેલ્વેની ટીમે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 245 રન બનાવી લીધા હતા. આશુતોષ છઠ્ઠા નંબરે બેટિંગ કરવા ઊતર્યો હતો. તેણે ઉપેન્દ્ર યાદવ સાથે 96 રનની ભાગીદારી કરી હતી. તેણે 19મી ઓવરમાં પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. ઉપેન્દ્રે 51 બોલમાં અણનમ 103 રન બનાવ્યા હતા.

ટાર્ગેટનો પીછો કરતા અરુણાચલ પ્રદેશની ટીમ 18.1 ઓવરમાં 119 રનમાં સમેટાઈ ગઈ હતી. રેલ્વેએ 127 રનથી શાનદાર જીત નોંધાવી હતી. મધ્યપ્રદેશના રતલામમાં જન્મેલ આશુતોષ રેલ્વે માટે તેની બીજી ટી-20 મેચ રમી રહ્યો છે.

25 વર્ષીય આશુતોષની આ એકંદરે 10મી ટી-20 ડોમેસ્ટિક મેચ હતી. તેણે વર્ષ 2018માં મધ્યપ્રદેશ માટે ટી-20 ડેબ્યૂ કર્યું હતું અને છેલ્લે વર્ષ 2019માં આ ફોર્મેટમાં મધ્યપ્રદેશ માટે રમ્યો હતો. તેણે વર્ષ 2019માં મધ્યપ્રદેશ માટે માત્ર એક જ 50 ઓવરની મેચ રમી છે. તેણે હજુ સુધી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું નથી.

### આ રેકોર્ડ અગાઉ વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર પોલાર્ડના નામે હતો

# મેક્સવેલ ભારતમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર વિદેશી બેટ્સમેન બન્યો

ગુજરાત | વંદન



વન-ડે વર્લ્ડકપમાં લખનઉના એકાના સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે 14મી મેચ રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડી ગ્લેન મેક્સવેલે બે છગ્ગા ફટકાર્યા હતા. પરિણામે મેક્સવેલ ભારતમાં ક્રિકેટના તમામ ફોર્મેટ સૌથી વધુ છગ્ગા મારનાર વિદેશી બેટ્સમેન બની ગયો છે.

ટોસ જીતીને શ્રીલંકાની ટીમ 43.3 ઓવરમાં 209 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકાની ઓપનિંગ જોડીએ ટીમને એક મજબૂત શરૂઆત આપી હતી. પથુમ નિસાંકા અને કુસલ પરેરાએ 125 રનની ભાગીદારી કરી હતી. પરંતુ શ્રીલંકાની ટીમ સમગ્ર 50 ઓવર પણ રમી ન શકી અને 209 રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમે 5 વિકેટ ગુમાવી 35.2 ઓવરમાં લક્ષ્ય પ્રાપ્ત કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ ઈંગ્લીસ અને મિચેલ માર્શે ફિફ્ટી ફટકારી હતી. આ ઉપરાંત લાબુશેને 40 જયારે ગ્લેન મેક્સવેલ 31 રન બનાવી અણનમ રહ્યો હતો. આ દરમિયાન મેક્સવેલે 4 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. આ 2 છગ્ગા ફટકારવા સાથે જ મેક્સવેલે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો હતો.

શ્રીલંકા સામે મેક્સવેલે પોતાની ઈનિંગ દરમિયાન 2 છગ્ગા ફટકારવાની સાથે ભારતમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર વિદેશી બેટ્સમેન બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ઓલરાઉન્ડર કાયરન પોલાર્ડના નામે હતો. પોલાર્ડે 49 છગ્ગા ફટકાર્યા છે. પરંતુ ગઈકાલે શ્રીલંકાની સામે રમાયેલી મેચમાં 2 છગ્ગા ફટકારી મેક્સવેલે પોલાર્ડને પાછળ છોડી દીધો છે. મેકસવેલના નામે કુલ 51 છગ્ગા છે. આ લિસ્ટમાં 48 છગ્ગા સાથે અસગર અફગાન ત્રીજા નંબરપર છે, જ્યારે એબી ડી વિલિયર્સ 48 છગ્ગા સાથે ચોથા સ્થાને છે.

### બોન્ડે 2015માં બોલિંગ કોચ તરીકે ચાર્જ સંભાળ્યો હતો

# મુંબઈ ઈન્ડિયન્સના બોલિંગ કોચ શેન બોન્ડે ફ્રેન્ચાઈઝીને કરી અલવિદા

ગુજરાત | વંદન

મુંબઈ ઈન્ડિયન્સે જાહેરાત કરી કે 2015માં શરૂ થયેલ શેન બોન્ડનો સફળ કાર્યકાળ ટીમ સાથે 9 વર્ષના કાર્યકાળ પછી સમાપ્ત થઈ ગયો છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે બોલિંગ કોચ તરીકે 4 આઈપીએલ ટ્રોફી અને MI અમીરાતના મુખ્ય કોચ તરીકેની 4 આઈપીએલ ટ્રોફીનો સમાવેશ થાય છે. ફ્રેન્ચાઈઝીના અત્યાર સુધીના સૌથી મહાન બોલરોમાંના એક, બોલિંગ પ્રત્યે શેનનો અભિગમ શાનદાર હતો, જે પરિસ્થિતિઓમાં નિપુણતા મેળવી શકે અને ટીમ માટે એક ખેલાડી, નેતા અને પછી કોચ તરીકે ડિલિવરી કરી શકે.


શેન બોન્ડે કહ્યું, “છેલ્લી નવ સિઝનમાં MI વન ફેમિલીનો ભાગ બનવાની તક માટે હું અંબાણી પરિવારનો આભાર માનું છું. મેદાન પર અને મેદાનની બહાર ઘણી બધી મહાન યાદો સાથે અવિશ્વસનીય અનુભવ રહ્યો છે. ઘણા બધા મહાન લોકો, ખેલાડીઓ અને સ્ટાફ બંને સાથે કામ કરવા અને મજબૂત સંબંધો રાખવા માટે હું પૂરતો ભાગ્યશાળી રહ્યો છું. હું તેમને બધાને યાદ કરીશ અને ભવિષ્ય માટે તેમને શુભેચ્છા પાઠવીશ. અંતે MI પલ્ટનનો પણ તેમના સમર્થન માટે આભાર.” ટીમ મેનેજમેન્ટ, ખેલાડીઓ અને સ્ટાફ શેન બોન્ડને તેની મજબૂત કાર્ય નીતિ અને એક પરિવારનો એક ભાગ રહેલા તમામ લોકોના મિત્ર બનવા બદલ આભાર માન્યો હતો. બોન્ડે 2015માં ટીમના બોલિંગ કોચ તરીકે ચાર્જ સંભાળ્યો હતો અને 2015, 2017, 2019 અને 2020માં MIની ટાઈટલ જીતમાં સામેલ હતા જેથી તે ફ્રેન્ચાઈઝી ઈતિહાસમાં સૌથી વધુ સુશોભિત અને પ્રખ્યાત કોચમાંના એક બન્યાં.




### આ પહેલા માત્ર ડેનિયલ વિટોરી આ કમાલ કરી શક્યો હતો

# ન્યૂઝીલેન્ડ માટે મિચેલ સેન્ટનર 100 વિકેટ લેનાર બીજો સ્પિનર બન્યો

ગુજરાત | વંદન




ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી 16મી મેચમાં ન્યૂઝીલેન્ડે અફઘાનિસ્તાનને 149 રનથી હરાવ્યું હતું. ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાનને 289 રનનો ટાર્ગેટ આપ્યો હતો. લક્ષ્યનો પીછો કરવા ઉતરી અફઘાનિસ્તાનની ટીમ માત્ર 34.4 ઓવરમાં 139 રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. મિચેલ સેન્ટનર અને લોકી ફર્ગ્યુસને 3-3 વિકેટ ઝડપી હતી. આ સાથે જ મિચેલ સેન્ટનરે એક ખાસ લીસ્ટમાં જગ્યા મેળવી લીધી છે. સેન્ટનર 100 વિકેટ લેનાર બીજો સ્પિનર બની ગયો છે. આ પહેલા માત્ર ડેનિયલ વિટોરી જ આવું કરી શક્યો હતો.

ન્યુઝીલેન્ડ માટે સૌથી વધુ વિકેટ લેનાર સ્પિનર્સની લીસ્ટમાં ડેનિયલ વિટોરી ટોપ પર છે. વિટોરીએ વનડે ફોર્મેટમાં 305 વિકેટ ઝડપી છે. આ લીસ્ટમાં મિચેલ સેન્ટનર બીજા નંબર પર છે. સેન્ટનરે 102 વિકેટ ઝડપી છે. આ લીસ્ટમાં ત્રીજા નંબર પર નાથન મેક્કુલમ છે. મેક્કુલમે ન્યુઝીલેન્ડ માટે વનડેમાં 63 વિકેટ ઝડપી છે. ત્યારબાદ ઈશ સોઢી 61 વિકેટ સાથે ચોથા નંબરે છે. મિચેલ સેન્ટનરે અફઘાનિસ્તાન સામે શાનદાર બોલિંગ પ્રદર્શન કર્યું હતું. તેણે 7.4 ઓવરમાં 39 રન આપીને 3 વિકેટ ઝડપી હતી.

### વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન બદલ હિટમેન અને ડી કોકને ફાયદો

# ICC વન-ડે રેન્કિંગમાં રોહિત શર્મા છટ્ઠા સ્થાને પહોંચી ગયો





ગુજરાત | વંદન

વન-ડે વર્લ્ડકપમાં ભારતીય ટીમ શાનદાર પ્રદર્શન કરી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલએ મેન્સ વન-ડે ક્રિકેટની નવી રેન્કિંગ જાહેર કરી છે. જેમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને સાઉથ આફ્રિકાના ખેલાડી ક્વિન્ટન ડી કોકે રેન્કિંગમાં લાંબી છલાંગ લગાવી છે. જોકે, વિરાટ કોહલીને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કોહલી આઠમાંથી નવમાંમાં ક્રમે પહોંચી ગયો છે.

આઈસીસીઆઈ દ્વારા જાહેર કરાયેલી નવી રેન્કિંગમાં પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમ 836 રેટિંગ સાથે ટોપ પર યથાવત છે. જ્યારે યુવા ખેલાડી શુભમન ગિલ 818 રેટિંગ સાથે બીજા ક્રમે છે. જોકે, વર્લ્ડકપમાં પ્રથમ બે મેચમાં શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારનાર ક્વિન્ટન ડી કોક ત્રીજા ક્રમે પહોંચી ગયો છે. તેમજ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા ચાર સ્થાનના ફાયદાથી છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. હિટમેને અફઘાનિસ્તાન સામે આક્રમક સેન્ચુરી ફટકારી હતી, જ્યારે પાકિસ્તાન સામે પણ ફિફ્ટી ફટકારી હતી. ચોથા ક્રમે રાસી વાન ડર ડુસેન અને પાંચમાં નંબર પર આયરલેંડનો ખેલાડી હેરી ટેકટર છે.

મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવ વન-ડે બોલિંગ રેન્કિંગમાં ટોપ-10માં બે ભારતીય બોલર છે. સિરાજ 656 રેટિંગ સાથે ત્રીજા સ્થાને અને કુલદીપ 641 રેટિંગ સાથે આઠમા સ્થાને છે. રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાના જોશ હેઝલવુડ 660 રેટિંગ સાથે નંબર વન પર છે. આ સિવાય ન્યૂઝીલેન્ડનો ટ્રેન્ટ બોલ્ટ 659 રેટિંગ સાથે બીજા સ્થાને છે. જ્યારે લિસ્ટમાં અફઘાનિસ્તાનનો રાશિદ ખાન ચોથા નંબરે અને મુજીબ ઉર રહેમાન પાંચમા નંબરે છે.




# વોર્નર-માર્શ બાદ જામ્પાનો કહેર, ઓસી.એ પાક.ને 62 રને હરાવ્યું

ગુજરાત | વંદન

વર્લ્ડકપ-2023ની 18મી મેચમાં ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને 62 રને પરાજય આપ્યો છે. આ સાથે ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડકપની મેચમાં બીજી જીત નોંધાવી છે. આજની મેચમાં ડેવિડ વોર્નર અને મિશેલ માર્શની ધમાકેદાર ઓપનિંગ અને સદી બાદ ઓસ્ટ્રેલિયાએ નિર્ધારીત 50 ઓવરમાં 9 વિકેટે 367 રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ 45.3 ઓવરમાં 305 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનના બોલર શાહિન શાહ આફ્રિદીએ 5 વિકેટ લીધી હતી, તો ઓસ્ટ્રેલિયાના બોલર એડમ જામ્પાએ 4 વિકેટ ખેરવી હતી. આ મેચ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ અગાઉ પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે ટોસ જીતીને પહેલા ફિલ્ડિંગ પસંદ કરી હતી.

### વોર્નર અને માર્શ વચ્ચે 259 રનની પાર્ટનરશીપ

ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર અને મિશેલ માર્શે ઓપનિંગમાં આવી વિસ્ફોટક બેટીંગ કરી હતી. બંને ખેલાડીઓ પાકિસ્તાની બોલરો પર સંપૂર્ણ હાવી થઈ સદી ફટકારી હતી. વોર્નરે 124 બોલમાં 14 ફોર અને 9 છગ્ગા સાથે 163 રન ફટકાર્યા હતા, મિશેલ માર્શે 108 બોલમાં 10 ફોર અને 9 સિક્સ સાથે 121 રન ફટકાર્યા હતા, બોલિંગની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયાના એડમ જામ્બાએ સૌથી વધઉ 4 વિકેટ ખેરવી હતી, માર્કસ સ્ટોઈનિસ અને પેટ કમિન્સે 2-2 વિકેટ, મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડે 1-1 વિકેટ ખેરવી હતી.

# કોહલી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 26,000 રન બનાવનાર ખેલાડી બન્યો

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન

- વન-ડેમાં વિરાટ હવે સચિન તેંડુલકરથી સદીના મામલે એક ડગલું દૂર

- સચિન તેંડુલકર - 664 મેચ - 34,357 રન
- કુમાર સંગાકારા - 594 મેચ - 28,016 રન
- રિકી પોન્ટિંગ- 560 મેચ - 27,483 રન
- વિરાટ કોહલી- 511 મેચ - 26000* રન
- મહેલા જયવર્ધન - 652 મેચ - 25,957 રન

ગુજરાત | વંદન




વન-ડે વર્લ્ડ કપમાં ગુરૂવારે પુણેમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં વિરાટ કોહલીએ શાનદાર સદી ફટકારી હતી. આ સદીની સાથે કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 26,000 રન બનાવનાર ખેલાડી બની ગયો છે.

વિરાટે અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 511 મેચની 567 ઈનિંગ્સમાં 26,026 રન બનાવ્યા છે. આ દરમિયાન કોહલીએ 78 સદી અને 134 ફિફ્ટી ફટકારી છે. આ સાથે કોહલીએ તેના કરિયરમાં 7 બેવડી સદી પણ ફટકારી છે. કોહલીએ 26,000 રનના આંકડાને પાર કરી લીધો છે. સચિન તેંડુલકરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 601 ઈનિંગ્સમાં 26,000 રન પૂરા કર્યા હતા.આ સાથે કોહલીએ વન-ડે ક્રિકેટમાં 48મી સેન્ચુરી ફટકારી હતી. આ સાથે કોહલી વનડેમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે સચિન તેંડુલકરની એક ડગલું નજીક આવી ગયો છે. માસ્ટર બ્લાસ્ટરે તેની ODI કારકિર્દીમાં કુલ 49 સદી ફટકારી છે.

# આજે ધર્મશાલામાં ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ટોપ માટે જંગ

ગુજરાત | વંદન




વન-ડે વર્લ્ડકપમાં યજમાન ભારતીય ટીમ અને ન્યૂઝીલેન્ડની ટીમ શાનદાર પ્રદર્શન કરી રહી છે. ત્યારે આજે રવિવારે હિમાચલ પ્રદેશના ધર્મશાલા મેદાનમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મુકાબલો ખેલાશે. નોંધનીય છે કે, પોઈન્ટ ટેબલમાં બંને ટીમો 8 પોઈન્ટ ધરાવે છે. જોકે, રનરેટના આધારે ન્યૂઝીલેન્ડની ટીમ ટોપ પર છે. જ્યારે ટીમ ઈન્ડિયા બીજા ક્રમે છે. પરિણામે આજે જે ટીમ જીતશે તે ટોપનું સ્થાન વધુ મજબૂત કરશે. ન્યૂઝીલેન્ડ અને ભારતની ટીમ વિજય અભિયાન ચાલુ રાખવા માટે ધર્મશાલામાં મેદાનમાં ઉતરશે. ધર્મશાલામાં ત્રણ વર્લ્ડ કપ મેચનું સફળતાપૂર્વક આયોજન કર્યા બાદ હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશને હવે ભારત-ન્યૂઝીલેન્ડ મેચની તૈયારી શરૂ કરી દીધી છે.

ભારતીય ટીમે પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. જ્યારે બીજી મેચમાં અફઘાનિસ્તાન અને ત્યારબાદ અમદાવાદમાં પાકિસ્તાનને કચડ્યું હતું. જે બાદ પુણેમાં બાંગ્લાદેશને હરાવીને વર્લ્ડકપમાં વિજયપથ જારી રાખ્યો છે.

**ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન |** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, શાર્દૂલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજ.

### પંત ઓવરસ્પીડના કારણે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો

# રોહિતને પૂરઝડપે કાર હંકારવા બદલ મેમો

ગુજરાત | વંદન



ભારતીય ક્રિકેટ ટીમના કૅપ્ટન રોહિત શર્માને પૂરઝડપે કાર હંકારવા બદલ ટ્રાફિકનો મેમો ભરવો પડ્યો હતો. મુંબઈ-પૂણે એક્સપ્રેસ વે ઉપર કલાકના 200 કિલોમીટરની ગતિએ કાર હંકારી હતી. કારની ગતિ એકથી વધુ વાર 215 કિમી સુધી પણ પહોંચી ગઈ હતી. તેમને 3 વાર મેમો મળ્યો છે.

રોહિત હાલમાં ચાલી રહેલા વર્લ્ડ કપ દરમિયાન પોતાની ટીમના અન્ય સભ્યો સાથે જોડાવા માટે કાર હંકારીને જઈ રહ્યો હતો. ટ્રાફિક પોલીસના જણાવ્યા પ્રમાણે રોહિતને ઑનલાઈન ચલાન ઈસ્યુ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે ક્રિકેટ ચાહકો તથા રોહિત શર્માના પ્રશંસકોમાં ચિંતા પ્રસરી હતી.

અગાઉ ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી રિષભ પંત ઓવરસ્પીડના કારણે માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ અકસ્માતને કારણે હજુપણ પંત ક્રિકેટના મેદાનમાં પરત આવી શક્યો નથી.

# નેધરલેન્ડ કેપ્ટન: ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે તો વર્લ્ડકપમાં કોઈપણ ટીમને હરાવી શકે

ગુજરાત | વંદન



નેધરલેન્ડ્સના કેપ્ટન સ્કોટ એડવર્ડ્સે કહ્યું કે દક્ષિણ આફ્રિકા સામેની ઐતિહાસિક જીત કોઈ વાંક નથી અને જો તેની ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે તો વર્લ્ડ કપમાં કોઈપણ ટીમને હરાવી શકે છે. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાના કોચ રોબ વોલ્ટરે હાર માટે ડેથ ઓવરોમાં ખરાબ બોલિંગ અને બેટિંગમાં નબળી શરૂઆતને જવાબદાર ગણાવી છે.

એડવર્ડ્સે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, અમે દરેક મેચમાં રણનીતિ સાથે પ્રવેશ કરીએ છીએ અને જીતવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરીએ છીએ. અમે અમારું શ્રેષ્ઠ ક્રિકેટ રમવા માંગીએ છીએ અને આમ કરીને અમે કોઈપણ ટીમને હરાવી શકીએ છીએ.

નેધરલેન્ડ્સની ટીમે દક્ષિણ આફ્રિકાને 38 રનથી હરાવ્યું હતું. વર્લ્ડ કપના ઈતિહાસમાં ટેસ્ટ રમતા દેશ સામે ડચ ટીમની આ પ્રથમ જીત હતી. વરસાદના કારણે આ મેચ 43 ઓવરની રમાઈ હતી. નેધરલેન્ડ્સની જીત બાદ, વર્લ્ડ કપ ઓપન મોડમાં છે, એટલે કે જે ટીમો તેમની શરૂઆતની મેચ હારી ગઈ છે તેમને પુનરાગમન કરવાની તક છે. વર્લ્ડ કપમાં નેધરલેન્ડ્સની આ પ્રથમ જીત છે. વર્તમાન સિઝનમાં પણ ડચ ટીમે તેની પ્રથમ જીત હાંસલ કરી હતી. હવે ટીમના ખાતામાં 2 પોઈન્ટ છે.

### અમેરિકાએ ભૂમધ્ય સાગરમાં બે યુદ્ધ જહાજ ઉતાર્યા

# વૈશ્વિક ફલક પર ઈઝરાયેલ સામે યુદ્ધમાં એક પછી એક ખુલી રહ્યાં છે નવા મોરચા

ગુજરાત | વંદન

હમાસ-ઈઝરાયેલ વચ્ચે શરૂ થયેલું યુદ્ધ એક પખવાડિયા પછી પણ ચાલુ છે અને તેનો ક્યારે અંત આવશે તે કહી શકાય તેમ નથી. આવી પરિસ્થિતિમાં ઈઝરાયેલ સામે યુદ્ધના એક પછી એક નવા મોરચા ખૂલી રહ્યા છે. ઈઝરાયેલ પર આ હુમલાઓ વચ્ચે દુનિયા બે ભાગમાં વહેંચાઈ રહી છે. અમેરિકાએ ખુલ્લેઆમ ઈઝારેયલનું સમર્થન કર્યું છે જ્યારે હવે હમાસે રશિયાનો સંપર્ક કર્યો છે. ઈઝરાયેલની મદદ માટે અમેરિકાએ ભૂમધ્ય સાગરમાં બે યુદ્ધ જહાજ ઉતાર્યા છે ત્યારે રશિયાએ કાળા સમુદ્રમાં વિનાશક મિસાઈલોથી સજ્જ ફાઈટર વિમાન તૈનાત કર્યા છે. આમ હાલ દુનિયા મહાયુદ્ધની કગાર પર ઊભી હોવાની આશંકા સેવાઈ રહી છે.

દક્ષિણ ઈઝરાયેલમાં ૭ ઑક્ટોબરે હમાસના આતંકી હુમલા પછી છેલ્લા બે સપ્તાહમાં લેબેનોનમાંથી હિઝબુલ્લાના આતંકીઓએ ઉત્તરીય ઈઝરાયેલમાં આક્રમણ શરૂ કર્યું છે. આટલું ઓછું હોય તેમ હવે યમનમાંથી હુથી બળવાખોરો પણ ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલા કરી રહ્યા છે. જોકે, હુથી બળવાખોરોના હુમલાને અમેરિકાના નૌકાદળે નિષ્ફળ બનાવ્યા હતા.

બીજીબાજુ ઈઝરાયેલે અચાનક ગુરુવારે મોડી રાતે ગાઝા પર હુમલા વધારતા ૧૦૦ બોમ્બ ફેંક્યા હતા, જેમાં એક ચર્ચનો નાશ થઈ ગયો હતો. વધુમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાંથી આતંકી સંગઠન હમાસના ખાત્માની તૈયારી કરી લીધી છે અને તે કોઈપણ સમયે ગાઝામાં જમીની આક્રમણ કરે તેવી સંભાવના છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ શુક્રવારે ગાઝા સરહદે સૈનિકોની મુલાકાત લીધી હતી. બીજીબાજુ સંરક્ષણ મંત્રી ગેલેન્ટે ગાઝા સરહદે સૈનિકોને કહ્યું હતું કે, જેણે પણ ગાઝા બહારથી જ જોયું છે તેઓ હવે ગાઝાને અંદરથી જોવા તૈયાર રહો. આપણે હમાસનું નામોનિશાન મીટાવી દઈશું. શક્ય છે તેને એક સપ્તાહ, એક મહિનો



અથવા બે મહિના લાગે. જોકે, આ સાથે ઈઝરાયેલે સ્પષ્ટ કર્યું છે કે ગાઝા પટ્ટી પર કબજો કરવાનો તેનો કોઈ આશય નથી. તે માત્ર હમાસનો ખાત્મો જ કરવા માગે છે.

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સતત હુમલાથી ઈસ્લામિક દેશોમાં પણ આક્રોશ ફેલાયેલો છે. દુનિયાભરના ૫૭ ઈસ્લામિક દેશોએ ઈઝરાયેલ વિરુદ્ધ જૂથ બનાવ્યું છે અને તેઓ ઈઝરાયેલ પર ગાઝા પર હુમલા રોકવા દબાણ વધારી રહ્યા છે. પરંતુ ઈઝરાયેલ આ દબાણને શરણે થવા તૈયાર નથી. આ પરિસ્થિતિમાં ઈઝરાયેલ અને હમાસનું યુદ્ધ વિસ્તરી રહ્યું છે.

દક્ષિણ ઈઝરાયેલમાં હમાસ સાથે યુદ્ધ વચ્ચે ઉત્તરીય ઈઝરાયેલમાં લેબેનોન સાથે સંઘર્ષ વધતા ઈઝરાયેલે ૨૦,૦૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડીને તે વિસ્તાર ખાલી કરાવી દીધો છે. આમ, હમાસના સમર્થનમાં હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર હુમલા કરી રહ્યું છે. આવા સમયે યમનમાંથી હુથી બળવાખોરોએ ઈઝરાયેલ પર ક્રૂઝ મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા હતા. પરંતુ ભૂ-મધ્ય સમુદ્રમાં રહેલા અમેરિકન નેવીના યુદ્ધ જહાજે આ હુમલા નિષ્ફળ બનાવ્યા હતા. પેન્ટાગોનના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ પેટ્રિક રાઈડરે કહ્યું કે, યુએસએસ કાર્ની ઉત્તરીય લાલ સાગરમાં ગોઠવાયેલું છે. તેણે હુથી બળવાખોરોએ લોન્ચ કરેલા ત્રણ લેન્ડ એટેક ક્રુઝ મિસાઈલ અને અનેક ડ્રોન તોડી પાડયા છે.

ઈઝરાયેલ અને હમાસનું યુદ્ધ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે તેનું જોખમ એ બાબત પરથી સમજી શકાય છે કે ઈઝરાયેલની મદદ માટે ભૂમધ્ય સાગરમાં અમેરિકાના બે યુદ્ધ જહાજો ગોઠવાયા છે. બીજીબાજુ આ જહાજોનો સામનો કરવા માટે રશિયાએ કાળા સમુદ્રમાં સૌથી ઘાતક કિંજલ મિસાઈલ અને એટમ બોમ્બથી સજ્જ ફાઈટર વિમાનો ગોઠવ્યા છે. આમ, ભૂમધ્ય સમુદ્ર અને કાળા સમુદ્રની વચ્ચે ગાઝા અને ઈઝરાયેલનું યુદ્ધ ક્ષેત્ર છે, જેમાં હવે અમેરિકા અને રશિયા સીધી રીતે આમને-સામને આવી ગયા છે.

### નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી જાહેરાત

# કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ભરતી કરવાની ઠાકરે સરકારનો નિર્ણય રદ્દ કરાયો

■ 'ફડણવીસે કહ્યું કે અમારી સરકારને કરાર આધારિત નિમણૂક નીતિ સાથે કોઈ લેવાદેવા નથી



ગુજરાત | વંદન

મહારાષ્ટ્ર સરકારે કોન્ટ્રાક્ટ ભરતીની હાલની પ્રણાલીને રદ કરવાનો નિર્ણય લીધો છે. મહાગઠબંધન સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના મુખ્ય પ્રધાન સુશીલ કુમાર શિંદે દ્વારા શિક્ષણ વિભાગમાં કરાર આધારિત ભરતીની શરૂઆત કરવામાં આવી હતી. આ પછી મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણ દ્વારા તેને અન્ય વિભાગોમાં વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ઉદ્ધવ ઠાકરે રાજ્યના મુખ્યપ્રધાન બન્યા ત્યારે તેમણે તેને આગળ વધાર્યો. મુખ્ય પ્રધાન ઠાકરે આને એક નીતિ તરીકે લાવ્યા. ફડણવીસે કહ્યું કે અમારી સરકારને કરાર આધારિત નિમણૂક નીતિ સાથે કોઈ લેવાદેવા નથી. મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સાથે ચર્ચા કર્યા બાદ અમે હાલની સિસ્ટમ રદ કરવાનો નિર્ણય લીધો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શરદ પવારે કહ્યું કે સપ્ટેમ્બર 2021માં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે હતા. કોન્ટ્રાક્ટ પર લોકોની ભરતી કરવાનું કામ ઉદ્ધવ ઠાકરેએ કર્યું હતું. નાણા મંત્રાલય તરફથી બજેટની મંજૂરી પણ મળી હતી. આ બધું શરદ પવારની દેખરેખમાં થયું હતું. આ લોકોને નોકરી પર રાખતી એજન્સી અંદાજે 25 ટકા ચાર્જ વસૂલતી હોવાની માહિતી મળ્યા બાદ અમારી કેબિનેટે આ કરવાનો નિર્ણય લીધો છે. તેની શરૂઆત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી, જેને ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પાર્ટી, શરદ પવારની એનસીપી અને કોંગ્રેસે આગળ વધારી હતી. તેથી અમે તે તમામ કરારો રદ કરી રહ્યા છીએ. ફડણવીસે કહ્યું કે મારો પ્રશ્ન એ છે કે શું શરદ પવારની એનસીપી, ઉબથા અને કોંગ્રેસ મહારાષ્ટ્રની જનતાની માફી માંગશે? આ બધાએ આ પાપ કર્યું છે.

# જમાનો બદલાઈ ગયો છે, હવે પહેલા જેવુ નથી રહ્યું : હાઈકોર્ટ

■ 'તમે મહિલાને દબાણ રાખીને તમારુ કહ્યું કરવા માટે મજબૂર કરવા માગો છો'





ગુજરાત | વંદન

કેરળ હાઈકોર્ટે છૂટાછેડાના એક મામલામાં મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું હતું કે મહિલાઓ સાસુ કે માતાની ગુલામ નથી, આ વર્ષ ૨૦૨૩ ચાલી રહ્યું છે. આ સાથે જ હાઈકોર્ટે ફેમેલી કોર્ટ દ્વારા કરાયેલી પિતૃસત્તાત્મક ટિપ્પણીઓની પણ મૌખિક રીતે ટિકા કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે આ કેસમાં ફેમેલી કોર્ટ દ્વારા જે આદેશ અપાયો છે તે પરેશાન કરનારો અને પિતૃસત્તાત્મક છે. આ ૨૦૨૩નું વર્ષ ચાલી રહ્યું છે, જમાનો બદલાઇ ગયો છે, હવે પહેલા જેવુ નથી રહ્યું. મહિલાઓ પોતાની સાસુ કે માતાની ગુલામ નથી. ફેમેલી કોર્ટે એક મામલામાં મહિલાને પોતાની સાસુ અને માના આદેશોનું પાલન કરવા માટે કહ્યું હતું. જેને કારણે હાઈકોર્ટ ભડકી હતી અને ફેમેલી કોર્ટના આ પ્રકારના આદેશને પિતૃસત્તાત્મક અને વાંધાજનક ગણાવ્યો હતો.

કેરળ હાઈકોર્ટમાં જ્યારે છૂટાછેડાના એક કેસની સુનાવણી ચાલી રહી હતી ત્યારે પતિના વકીલે હાઈકોર્ટને કહ્યું હતું કે ત્રિશૂર વિસ્તારની ફેમેલી કોર્ટે અરજદાર પતિના પત્નીને આદેશ આપ્યો છે કે તે પોતાની માતા અને સાસુના આદેશોનું પાલન કરે. ફેમેલી કોર્ટના આ આદેશની ગંભીરતાથી નોંધ લઈને હાઈકોર્ટે ટકોર કરતા કહ્યું હતું કે કોઇ પણ મહિલા પોતાની સાસુના આદેશોનું પાલન કરવા માટે બંધાયેલી નથી, આ ૨૦૨૩નુ વર્ષ ચાલી રહ્યું છે. મહિલાઓ સાસુઓની ગુલામ નથી. મહિલાને તેની સાસુ કે માતાથી નીચી ગણવામાં ન આવે. હાઈકોર્ટના ન્યાયાધીશ દેવન રામચંદ્રને કહ્યું હતું કે આવા પારીવારીક વિવાદોનો નિકાલ કોર્ટની બહાર પણ લાવી શકાય, જોકે તેમાં મહિલાની સહમતી હોવી પણ જરૂરી છે, મહિલાની પાસે પણ પોતાનુ દિમાગ હોય છે, શું તમે તેને બળજબરીથી કઇ પણ પાલન કરવા માટે મજબૂર કરશો? તેને બાંધીને રાખશો? સમજુતી કરવા માટે તેના પર દબાણ ના કરી શકાય. તેની પોતાની ઈચ્છા પણ જરૂરી છે. પતિને ટકોર કરતા હાઈકોર્ટે કહ્યું હતું કે તમે મહિલાને દબાણ પૂર્વક તમારુ કહ્યું કરવા માટે મજબૂર કરવા માગો છો અને એટલે જે તમારી પત્ની તમારાથી છૂટા થવા માગે છે.

### PM મોદીએ ISROને આપ્યું લક્ષ્ય

# 2035 સુધીમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન, 2040 સુધીમાં ચંદ્ર પર ભારતીય

ગુજરાત | વંદન

ભારતીય અંતરિક્ષ એજન્સી (ISRO) હવે ચંદ્રમા પર સફળ લેન્ડીંગ બાદ ગગનયાન મિશનમાં જોડાઇ ગયું છે જેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ તૈયારીઓની જાણકારી લેવા માટે અને અંતરિક્ષ પ્રયાસોની રૂપરેખા તૈયાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે ઉચ્ચસ્તરીય બેઠક કરી હતી. આ બેઠકમાં ઈસરો પ્રમુખ સિવાય ઘણા અધિકારીઓ હાજર રહ્યા હતા. આ દરમિયાન ઈસરો ચીફે પીએમ મોદીને મિશન સાથે જોડાયેલી ઘણી જાણકારીઓ આપી હતી.

ત્યાં જ બેઠકમાં પ્રધાનમંત્રી



નરેન્દ્ર મોદીએ ઈસરો પ્રમુખ અને અધિકારીઓને લક્ષ્ય આપતા કહ્યું કે, વર્ષ 2035 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન અને 2040 સુધીમાં ચંદ્ર પર માણસોને મોકલવાનું લક્ષ્ય પૂર્ણ કરવા જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગગનયાનની પ્રથમ પ્રદર્શન ઉડાણની તૈયારીઓની સમીક્ષા કરી અને ઈસરોના વૈજ્ઞાનિકોને શુક્ર ઓર્બિટ મિશન, મંગલ લેન્ડર પર કામ કરવા કહ્યું હતું.

અંતરિક્ષ વિભાગે આ બેઠકમાં ગગનયાન મિશનને લઇ એક મોટી જાણકારી આપી હતી. જેમાં અત્યાર સુધીમાં વિકસિત વિભિન્ન પ્રૌધોગિકિયો જેમ કે માનવ-રેટેડ લોન્ચ વાહન અને સિસ્ટમ યોગ્યતા સામેલ છે. આ દરમિયાન એવું નોટ કરવામાં આવ્યું કે, હ્યુમન રેટેડ લોંચ વ્હીકલ (HLVM3)ના 3 અનક્રૂડ મિશનો સહિત લગભગ 20 પ્રમુખ પરિક્ષણોની યોજના બનાવવામાં આવી છે. ક્રૂ એસ્કેપ સિસ્ટમ ટેસ્ટ વ્હીકલની પ્રથમ પ્રદર્શન ઉડાણ 21 ઓક્ટોબરે નિર્ધારિત છે. આ બેઠકમાં મિશનની તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને 2025માં તેના લોન્ચની પુષ્ટિ કરવામાં આવી છે.

### અખિલેશનું મોટું નિવેદન

## '2024માં ભાજપ સત્તામાં આવશે તો છીનવાઈ જશે મતદાનનો અધિકાર'

ગુજરાત | વંદન

અગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી બધા પક્ષો પોતાની તાકાત લગાવી રહ્યા છે. એવામાં ફરી એકવાર સપા પ્રમુખ અખિલેશ યાદવે ભાજપ પર નિશાન સાધ્યું હતું. શાહજહાંપુરમાં એક કાર્યક્રમને સંબોધતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે, તમામ સપા કાર્યકર્તાઓએ લોકસભા ચૂંટણીની તૈયારી પુરી તાકાતથી શરૂ કરવી જોઈએ. તેમણે કહ્યું કે, જો 2024માં ભાજપ ફરી સત્તામાં આવશે તો લોકો પાસેથી વોટનો અધિકાર પણ છીનવી લેવામાં આવશે.

પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે શુક્રવારે પૂર્વ MLC જયેશ પ્રસાદના ઘરે આયોજિત તાલીમ શિબિરમાં કાર્યકરોને સંબોધિત કર્યા હતા.

## સેનાએ મણિપુરમાં શસ્ત્ર-ભંડાર શોધી પોલીસને સોંપ્યો, હજી વધુ તપાસ જારી

ગુજરાત | વંદન

મણિપુરમાં શાંતિ સ્થાપવા ગયેલી સેનાની ટુકડીએ મણિપુરના પર્વતીય વિસ્તારમાંથી હથિયારોનો મોટો જથ્થો પકડી પાડયો છે. તેમાં ૩૬ રાયફલ્સ, ૧૬૧૫ કારતૂસ, અને યુદ્ધમાં ઉપયોગી તેવાં ૧૩૨ જેટલાં હથિયારો પણ પકડી પાડવામાં આવ્યાં છે. આ જથ્થો મે મહીનામાં પકડાયેલા જથ્થા પછીનો સૌથી મોટો જથ્થો છે.

આ હથિયારો હાથ કર્યા પછી કાનૂની પદ્ધતિ પ્રમાણે જ સેનાએ તે મણિપુર પોલીસને સોંપી દીધો છે. તેમ શુક્રવારે મણિપુરના અધિકારીઓએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સેનાએ ખામેનલોકશ્વાબ થાબી, વાકાન અને શાંતિપુર પર્વતોમાંથી આ જથ્થો પકડી પાડયો છે. આ સમગ્ર કાર્યવાહી ગુરખા રાઈફલ્સની ૮મી રેજીમેન્ટની સેકન્ડ બટાલિયન દ્વારા હાથ ધરવામાં આવી હતી તેણે મણિપુરનાં પાટનગર ઈમ્ફાલના પૂર્વ વિસ્તારોમાં રહેતી ઉક્ત પર્વતમાળાઓમાં આ કાર્યવાહી હાથ ધરી હતી. મણિપુરમાં પર્વતો અને જંગલોમાં રહેતાં કુકી આદિવાસીઓ અને નીચાણવાળા પ્રદેશોમાં વસતા મૈતી લોકો વચ્ચે સંઘર્ષ ચાલે જ છે. તેમાં મૈતીઓને પણ અનામત આપવાના મુદ્દે કુકી આદિવાસીઓ ખરેખરા ગિન્નાયા છે.

## દાંડિયા ક્વીન ફાલ્ગુની પાઠકના ગરબાના નામે ચીટિંગ, 4ની ધરપકડ

ગુજરાત | વંદન

દેશમાં નવરાત્રીની ધામધૂમથી ઊજવણી કરવામાં આવી રહી છે. નવરાત્રી હોય અને ફાલ્ગુની પાઠકનું નામ મોઢે ના આવે તેવું બની જ ના શકે. મુંબઈમાં દાંડિયા ક્વીનની 'ગરબા નાઈટ'નો હિસ્સો બનવા માટે ફેન્સ ખૂબ જ ઉત્સાહિત હતા. કાર્યક્રમ સાથે જોડાયેલ એક છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. ગરબા નાઈટના પાસની કિંમત 4,500 રૂપિયા હતી. કેટલાક ઠગબાજોએ આ મોકાનો લાભ ઉઠાવીને 156 યુવકો સાથે ઠગી કરી છે. મામલે મુંબઈ પોલીસે તપાસ



કરતા પોલીસને સફળતા મળી છે અને ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

બોરિવલી (પશ્ચિમ)થી ઓળખ આપવાર વિશાલ શાહે એક યુવકને જણાવ્યું કે, તે કાર્યક્રમનો અધિકૃત વિક્રેતા છે. 4,500 રૂપિયાનો પાસ 3,300 રૂપિયામાં આપવાની લાલચ આપી. યુવક સહિત અન્ય મિત્રો પણ પાસ ખરીદવા માટે તૈયાર થઈ ગયા. ત્યારપથી અન્ય મિત્રોને પણ પાસ ખરીદવા માટે તૈયાર કર્યા, જેથી કુલ 156 લોકોએ પાસ ખરીદ્યા હતા. ઠગબાજોએ પૈસા લીધા અને યુવકોને પાસ આપ્યા નહોતા. ઠગબાજી થઈ હોવાની જાણ થતા યુવકોએ પોલીસને સમગ્ર કહાની જણાવી. આ મામલે IPC ધારા 406, 420 અને 34 હેઠળ FIR દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

# રિલાયન્સ બોર્ડમાં અનંત અંબાણીના સમાવેશ સામે વિરોધ રજૂ કરાયો

■ મુંબઈ સ્થિત ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર એડવાઈઝરી સર્વિસિસ દ્વારા વિરોધ- અનુભવ ઓછો છે...

ગુજરાત | વંદન

ભારતના સૌથી મોટા ઔદ્યોગિક જૂથ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં મુકેશ અંબાણી વારસાઈનો પ્લાન અમલમાં મુકવા જઈ રહ્યા છે, પરંતુ તેમાં કેટલીક અડચણો પેદા થઈ છે. મુકેશ અંબાણીના સૌથી નાના પુત્ર અનંતને રિલાયન્સ ઈન્ડ.ના બોર્ડમાં નિયુક્ત કરવાની પ્રક્રિયા ચાલે છે ત્યારે આંતરરાષ્ટ્રીય પ્રોક્સી એડવાઈઝરી કંપની ઈન્સ્ટિટ્યૂશનલ શેરહોલ્ડર્સ સર્વિસિસ લિમિટેડે તેના શેરધારકોને સલાહ આપી છે કે તેઓ આ દરખાસ્તની વિરુદ્ધ વોટિંગ કરે. 26 ઓક્ટોબરે શેરહોલ્ડરોએ આ મામલે વોટિંગ કરવાનું છે. અનંત અંબાણી હાલમાં 26 વર્ષના છે.

ઈન્સ્ટિટ્યૂશનલ શેરહોલ્ડર્સ સર્વિસિસે 12 ઓક્ટોબરની નોટમાં જણાવ્યું હતું કે અનંત અંબાણી લગભગ છ વર્ષનો લિડરશિપ / બોર્ડનો અનુભવ ધરાવે છે તેને ધ્યાનમાં રાખતા તેમને કંપનીના બોર્ડમાં લેવાના ઠરાવનો વિરોધ થવો જોઈએ. જોકે, અનંત અંબાણીના મોટા ભાઈબહેન ઈશા અને આકાશ અંબાણીને બોર્ડ પર લેવાને આ પ્રોક્સી એડવાઈઝરી કંપનીએ સપોર્ટ આપ્યો છે. ઈશા અને આકાશ અંબાણી બંને 31 વર્ષના છે.

મુંબઈ સ્થિત ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર એડવાઈઝરી સર્વિસિસે (IIAS) પણ આવી જ વાત કરી છે. IIAS કહે છે કે 28 વર્ષની વયના અનંત અંબાણીને બોર્ડમાં નિયુક્ત કરવામાં આવે તે અમારી વોટિંગ ગાઈડલાઈન્સ સાથે સુસંગત નથી. IIASએ ઈશા અને આકાશને એપોઈન્ટ કરવાની દરખાસ્તને ટેકો આપ્યો છે.

### ભારત અને વિશ્વમાં મચ્છરો કરડવાથી દર વર્ષે 5 લાખ લોકો મૃત્યુ પામે છે....

# મચ્છરો સે પરેશાન...? કાંઇ વાંધો નહીં, નવી દવા આવી ગઇ..!

ગુજરાત | વંદન

એક મચ્છરની જાતિ-પ્રજાતિ સામે વિશ્વભરના વિજ્ઞાનીઓ ઝઝુમી રહ્યાં છે. મચ્છર કરડવાથી આવતા તાવ કે મેલેરિયાની અસરકારક દવાના પરિક્ષણો વર્ષોથી ચાલી રહ્યાં છે. દવા બને છે, ઉપયોગ થાય છે અને મચ્છરો તેનાથી ટેવાઈ જતાં દવાની અસર ઓછી થઇ જાય છે અને વળી પાછી નવી દવા બજારમાં આવી જાય છે....!

તારીખ પે તારીખ...ની જેમ બજારમાં અત્યર સુધી મેલેરિયાથી બચવાની કેટલીય દવાઓ એક પછી એક શોધાઈ અને ઉપયોગમાં લેવાઈ, પણ હવે એક નવી શોધાયેલી રસી કે દવાથી વિજ્ઞાનીઓમાં ઉત્સાહ અને રોમાંચ છવાયો છે. અલબત તેની અસર કેટલી રહેશે...ક્યાં સુધી રહેશે એ દવાના તત્વો કરતાં મચ્છરમહાશય પર અવલંબે છે..! મેલેરિયા સામેના યુદ્ધમાં વિશ્વને વધુ એક શક્તિશાળી હથિયાર મળ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ બીજી મેલેરિયા રસી R21ને મંજૂરી આપી છે. નાઈજીરીયા, ઘાના અને બુર્કિના ફાસો પહેલાથી જ R21ને મંજૂરી આપી ચૂક્યા છે. ભારતમાં મેલેરિયાના મોટાભાગના કેસો ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને કેટલાક ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં જોવા મળે છે. આ રોગ દર વર્ષે અડધા મિલિયન લોકો મૃત્યુ પામે છે, મોટે ભાગે નાના બાળકો. આવી સ્થિતિમાં, આ રસી એક મોટી ઉપલબ્ધિ છે.

પ્રથમ મેલેરિયા રસી, RTS,S (Mosquirix), 2021 માં ઉપયોગ માટે મંજૂર કરવામાં આવી હતી. ઘાના, માલાવી અને કેન્યામાં 18 લાખ બાળકોને આ રસી આપવામાં આવી છે. તેના ડોઝ વર્ષના અંત સુધીમાં











**તેની અસર કેટલી રહેશે...ક્યાં સુધી રહેશે એ દવાના તત્વો કરતાં મચ્છરમહાશય પર અવલંબે છે..!**

આફ્રિકાના વધુ નવ દેશોમાં પહોંચવાની અપેક્ષા છે.

પ્રથમ રસીના 18 મિલિયન ડોઝ બે વર્ષમાં ઉપલબ્ધ થવાની ધારણા છે, પરંતુ નિષ્ણાતો કહે છે કે મેલેરિયા પ્રભાવિત વિસ્તારોમાં દર વર્ષે જન્મેલા અંદાજિત 40 મિલિયન બાળકોને બચાવવા માટે જે જરૂરી છે તેના માત્ર 10 ટકા ડોઝ છે. હજુ વધારે ડોઝની જરૂર પડશે.

R21 આવતા વર્ષથી બજારમાં ઉપલબ્ધ થઈ શકે છે. ફાર્માસ્યુટિકલ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ દર વર્ષે 10 કરોડ ડોઝ બનાવશે. આગામી બે વર્ષમાં તેની ઉત્પાદન ક્ષમતા બમણી થઈ જશે. તેની કિંમત 166 રૂપિયાથી 332 રૂપિયાની વચ્ચે હશે.

RTS,S ની જેમ, R21 ને પણ ઘણા પ્રારંભિક ડોઝ અને અનુગામી બૂસ્ટરની જરૂર પડશે. બંને રસીઓ પ્લાઝમોડિયમ પરોપજીવી પ્રોટીન સાથે રોગપ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરે છે, જે મેલેરિયાનું કારણ બને છે. નવી રસીમાં એક અલગ રોગપ્રતિકારક શક્તિ-બુસ્ટિંગ એજન્ટ અથવા સહાયક છે, જેનું ઉત્પાદન RTS,S માં ઉપયોગમાં લેવાતા એજન્ટ કરતાં થોડું સરળ છે. ચાર આફ્રિકન દેશોમાં 4800 બાળકો પર કરવામાં આવેલા પરીક્ષણોના ડેટા દર્શાવે છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટી અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા દ્વારા વિકસિત R21/Matrix-M રસી રોગ સામે નોંધપાત્ર રક્ષણ પૂરું પાડે છે. R21ના તબક્કા 3 અજમાયશમાં માલી, બુર્કિના ફાસો, કેન્યા અને તાંઝાનિયામાં 5 થી 36 મહિનાના બાળકોનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ટ્રાયલ અનુસાર, રસીની અસર 70 ટકાથી વધુ હતી.

હવે એક નવા અહેવાલ મુજબ, મોસમી મેલેરિયા સાથે ત્રણ પરીક્ષણ વિસ્તારોમાં રસીની અસરકારકતા 18 મહિનામાં 75 ટકા હતી. સમગ્ર વર્ષ દરમિયાન બે મેલેરિયા સ્થળો પરના બનાવો 68 ટકા હતા. આ આંકડાઓ RTS,S ના તાજેતરના અજમાયશ પરિણામો કરતા થોડા વધારે છે, જેમાં એન્ટિ-મેલેરિયલ દવાઓની સરખામણીમાં 3 થી 5 વર્ષમાં 58 ટકાની અસરકારકતા જોવા મળી હતી. પરંતુ બંને રસીઓનું પરીક્ષણ અલગ-અલગ સેટિંગ્સ અને પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યું હતું.

શક્ય છે કે RTS,S ફેઝ-3 સાઈટ્સ કરતાં ઓછા તીવ્ર ટ્રાન્સમિશન ધરાવતી સાઈટ્સમાં R21નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ R21 ની અસરકારકતા વધારે હોવાનું દર્શાવે છે. R21 ની અસરકારકતા 5 મહિનાથી 17 મહિનાની વય વચ્ચેના બાળકોમાં થોડી વધારે હતી જેમણે વહેલા રસી લીધી હતી. કેટલાક નિષ્ણાતો કહે છે કે આ રસી એવા લોકો પર ઓછી અસરકારક હોઈ શકે છે જેઓ પહેલાથી જ મેલેરિયાના સંપર્કમાં આવ્યા છે. પરંતુ આ નિષ્કર્ષ પર પહોંચવું ખૂબ જ વહેલું છે.

સંશોધકો એ બાબતે પણ ચિંતિત છે કે RTS,S રસીની જેમ આ રસીથી રક્ષણ પણ ધીમે ધીમે ઘટશે. RTS,S ની સલામતી પહેલા વર્ષમાં 56 ટકા હતી, જે 3 વર્ષ પછી ઘટીને માત્ર 36 ટકા થઈ ગઈ. જો કે, એન્ટિ-મેલેરિયલ દવાઓ સાથે વાર્ષિક બૂસ્ટર પ્રાપ્ત કરીને સંરક્ષણ પુનઃસ્થાપિત થાય છે.

(અનુસંધાન પેજ નં.6 પર)

# ડૂબતી કારકિર્દી વચ્ચે પૂજા હેગડેને શાહિદ કપૂર સાથે ફિલ્મ મળી

પૂજા હેગડેની કારકિર્દી અસ્તાચળ પર છે ત્યાં તેને શાહિદ કપૂર સાથેની વધુ એક એક્શન ફિલ્મ મળી છે. આ ફિલ્મ ચાલી જશે તો કદાચ પૂજાની કારકિર્દી થોડાં વર્ષો માટે લંબાઈ જશે. પૂજાની તાજેતરમાં 'કિસી કા ભાઈ કિસી કી જાન', 'સરકસ',' રાધે શ્યામ' એમ એક પછી એક ફિલ્મો લાગલગાટ નિષ્ફળ જતાં તેના પર ફલોપ હિરોઈનનું ટેગ લાગી ગયું છે. આ ઈમેજમાંથી બહાર આવવા પૂજા સારી ફિલ્મો મેળવવા પ્રયાસ કરી રહી છે.

શાહિદ કપૂર હવે એક્શન ફિલ્મો તરફ વળી ગયો છે. તેણે એક પોલીસ અધિકારી ની ભૂમિકા ધરાવતી ફિલ્મ પસંદ કરી છે. આ ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. આ ફિલ્મમાં પૂજા અને શાહિદ પહેલીવાર સ્ક્રીન શેર કરશે.

આ ફિલ્મની હજુ તો જાહેરાત થઈ છે. તેની વાર્તા વિશે વધુ વિગતો બહાર આવી નથી. પૂજાના રોલ વિશે પણ ખાસ કોઈ વિગતો નથી. પરંતુ દેખીતી રીતે એક્શન ફિલ્મમાં બધું ફોક્સ શાહિદ જેવા કલાકાર હશે ત્યારે પૂજા પાસે ખાસ કોઈ નોંધપાત્ર ભૂમિકા હોવાની સંભાવના ઓછી છે.





# સલમાન-કેટરિનાની ટાઈગર થ્રી 12મીએ રીલીઝ થશે



સામાન્ય રીતે બોલીવૂડમાં દરેક નવી ફિલ્મ શુક્રવારે રીલીઝ થતી હોય છે. પરંતુ, સલમાન ખાન તથા કેટરીના કૈફની 'ટાઈગર થ્રી' રવિવારે રીલીઝ થવાની છે. આ ફિલ્મ તા. ૧૨મી નવેમ્બરના દિવાળીના દિવસે રીલીઝ થવાની છે. દેખીતી રીતે જ નિર્માતાઓ આ ફિલમને 'દિવાળી રીલીઝ' તરીકે પ્રમોટ કરવા માગતા હોવાથી તેમણે દિવાળીની તારીખ પસંદ કરી હોય તે શક્ય છે.


જોકે, ટ્રેડ વર્તુળોને આ નિર્ણય અસામાન્ય લાગી રહ્યો છે. ટ્રેડ વર્તુળોમાં ચર્ચા અનુસાર દિવાળીનું વેકેશન ઘણા દિવસો પહેલાંથી શરુ થઈ જતું હોય છે. આ વખતે તા. ૧૦મીના શુક્રવારે ધનતેરસ છે. જો આ ફિલ્મ તા. ૧૦મીએ રીલીઝ થઈ હોત તો તેને શુક્રવાર તથા શનિવારના બિઝનેસનો પણ લાભ મળી શકે તેમ હતો.

સામાન્ય રીતે દિવાળી જેવા દિવસે બહુ ઓછા લોકો થિયેટરમાં ત્રણ કલાક વિતાવવાનું પસંદ કરે છે. જોકે, નિર્માતાઓની ગણતરી કદાચ એવી છે કે દિવાળી પછીના એક સપ્તાહ સુધી સમગ્ર દેશમાં રજાઓનો જ માહોલ હશે તેવા સમયે આ ફિલ્મનો બિઝનેસ ઊંચકાઈ શકશે.

સલમાન ખાનની કેરિયરનો બહુ મોટો દારોમદાર આ ફિલ્મ પર છે. તેની પાછલી ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' બહુ ખરાબ રીતે નિષ્ફળ ગઈ હતી. સલમાને બોલીવૂડમાં પોતાનું સ્થાન ટકાવવું હોય તો આ ફિલ્મ હિટ જાય તે તેના માટે જરુરી છે.

# કંગના રનૌતની 'ઈમરજન્સી' ફિલ્મની રીલીઝ ડેટ પાછી ઠેલાઈ

કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ની રીલીઝ મુલત્વી રહી છે. આ ફિલ્મ આગામી નવેમ્બરમાં રીલીઝ થવાની હતી. જોકે, હવે નવી તારીખ વિશે કોઈ એલાન થયું નથી. કંગનાએ જાતે જ સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું કે પોતે આ ફિલ્મની રીલીઝ હાલ ટાળી રહી છે. હવે ફિલ્મ આગામી ૨૦૨૪માં જ રીલીઝ થાય તેવી સંભાવના છે. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર આગામી નવેમ્બરમાં જ સલમાન ખાનની 'ટાઈગર થ્રી' રીલીઝ થઈ રહી છે. એ પછી ડિસેમ્બરમાં 'ડંકી', 'સાલાર', 'સામ બહાદુર' સહિતની ફિલ્મો રીલીઝ થઈ રહી છે. આ ભરચક ભીડમાં કંગનાની 'ઈમરજન્સી' બોક્સ ઓફિસ પર ફસડાઈ પડે તેમ હતી.



છેલ્લા કેટલાંય વર્ષોથી કંગના કોઈ હિટ ફિલ્મ આપવામાં નિષ્ફળ રહી છે. તેની સાઉથમાં તાજેતરમાં રજૂ થયેલી 'ચંદ્રમુખી ટૂ' પણ ફલોપ થઈ હતી. કંગનાને બોલીવૂડમાં હવે બહારનાં મોટાં પ્રોડક્શન હાઉસની ફિલ્મો મળવી મુશ્કેલ થઈ ગઈ છે. 'ઈમરજન્સી'નું પ્રોડક્શન તેણે જાતે કર્યું છે. દેશમાં ૧૯૭૫માં લદાયેલી ઈમરજન્સીના સમયની વાતો આ ફિલ્મમાં કહેવામાં આવી છે.




# કોમેડી ફિલ્મ 'આંખ મિચોલી'ના પ્રમોશનમાં મૃણાલ-અભિમન્યુ વ્યસ્ત

અભિનેત્રી મૃણાલ ઠાકુરની આગામી હિન્દી કોમેડી ફિલ્મ 'આંખ મિચોલી' 27 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. બીજી તરફ આ ફિલ્મના કલાકારો મૃણાલ ઠાકુર, અભિમન્યુ, દિવ્યા દત્તા, પરેશ રાવલ સહિતના અભિનેતાઓ પ્રમોશનમાં વ્યસ્ત છે.

ઉમેશ શુક્લા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ એક ભારતીય લગ્નની આસપાસ મંચાયેલી, આ ફિલ્મ બે મેળ ખાતા પરિવારો વચ્ચેની વાત તમને હાસ્ય, નાટક અને લાગણીઓના આનંદી સાહસ પર લઈ જવાની સારી રીત દર્શાવે છે. દિગ્દર્શક ઉમેશ શુક્લાએ જણાવ્યું હતું કે, "અમે આ ફિલ્મ માટે અમારું હૃદય અને આત્મા આપી દીધો છે અને હકીકત એ છે કે અમે તેને થિયેટરોમાં આવતા જોઈએ છીએ તે કોઈપણ ફિલ્મ નિર્માતા માટે સૌથી મોટો આશીર્વાદ અને આનંદ હોઈ શકે છે. આ એક મનોરંજક ફિલ્મ છે જેને પરિવાર આનંદ માણી શકે છે અને સાથે જોઈ શકે છે અને અમે આશા રાખીએ છીએ કે તેમના તરફથી ઈચ્છિત પ્રેમ મળશે. મને બધાને હસતા જોવાનું ગમશે."

# સુષ્મિતા સેને 'આર્યા-3'માં માફિયા ક્વીનની ભૂમિકામાં ફરી મચાવી ધૂમ

બોલિવૂડ ફિલ્મોમાં પોતાના શાનદાર અભિનયથી ચાહકોનું દિલ જીતનાર સુષ્મિતા સેન આ દિવસોમાં OTTની રાણી બની ગઈ છે. સુષ્મિતા સેનની હિટ સિરીઝ આર્યાનો ત્રીજા ભાગ આર્યા 3નું ધમાકેદાર ટ્રેલર સામે આવ્યું છે. આર્યામાં માફિયા ક્વીનની ભૂમિકા ભજવીને સુષ્મિતા સેને કરેલા એક્શનને જોઈને ચાહકો આર્યા 3 જોવા માટે ક્રેઝી થઈ રહ્યા છે. આર્યા 3 માં સુષ્મિતા સેન તેના પરિવાર અને બાળકો માટે દુશ્મનો સામે લડે છે અને તેને ગોળી મારી દેવામાં આવે છે. ત્રીજા ભાગમાં સુષ્મિતા ફુલ એક્શન અવતારમાં જોવા મળી રહી છે.



સુષ્મિતા ફરી એકવાર ખતરનાક અને અસરકારક ભૂમિકામાં જોવા મળી રહી છે. અફીણના વેપારની સાથે ટ્રેલર એ પણ બતાવે છે કે માતા તેના બાળકોની સુરક્ષા માટે ક્યાં સુધી જઈ શકે છે. તેની પાસે ઘણા સંવાદો પણ છે જે ખૂબ સારા લાગે છે. જેમ કે- ક્યારેક માતાએ તેના બાળકોની સુરક્ષા માટે રાક્ષસ બનવું પડે છે. એક સંવાદ પણ છે - તમારી પુણ્યતિથિ આજ પછી ગમે ત્યારે આવી શકે છે. આર્યા 3 ના ટ્રેલર અને ટીઝરને જોઈને કહી શકાય કે આ સિરીઝમાં ઘણી એક્શન, ઘણા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળશે. 2020ની આર્યમાં સુષ્મિતા સેને એક માતાની ભૂમિકા ભજવી હતી જે પોતાના પરિવાર અને બાળકોને અપરાધથી બચાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.

# દિશા પટણીએ ગોલ્ડન લહેંગામાં રેમ્પ વોક કર્યું



દિલ્હીમાં આયોજિત લેક્મે ફેશન વીકના ત્રીજા દિવસે દિશા પટણીએ રેમ્પ વોક કર્યું હતું. તે કલ્કિ ફેશનની શોસ્ટોપર બની હતી. રેમ્પ પરથી દિશાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો હતો, જેમાં તે ગોલ્ડન-બેજ લહેંગામાં વોક કરતી જોવા મળી રહી છે.

વીડિયોમાં દિશા ગોલ્ડન બેજ ફ્લોરલ લહેંગામાં જોવા મળી રહી છે. તેણીએ તેના હાથમાં લીલા પથ્થરનું બ્રેસલેટ પહેર્યું છે. તેણીએ આ લુકને ગ્લોસી મેકઅપ અને વેવી હેર સ્ટાઈલ સાથે કમ્પ્લીટ કર્યો છે, જેનાથી તે એકદમ અદભૂત દેખાય છે. દિશાનો આ લુક સોશિયલ મીડિયા પર ફેન્સને ઘણો પસંદ આવ્યો.

દિશા પટણીના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે ટૂંક સમયમાં 'પ્રોજેક્ટ કે'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે અમિતાભ બચ્ચન, પ્રભાસ અને દીપિકા પાદુકોણ પણ છે. આ ફિલ્મ 2024માં રિલીઝ થશે. આ સિવાય દિશા ફિલ્મ 'યોદ્ધા'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે સિદ્ધાર્થ મલ્હોત્રાની સામે છે.

# અક્ષયની ફલોપ ફિલ્મોની યાદીમાં હવે મિશન રાનીગંજનું નામ પણ સામેલ



બોલીવુડ અભિનેતા અક્ષય કુમાર અત્યારે પોતાની તાજેતરની રિલીઝ ફિલ્મ મિશન રાનીગંજને લઈને ચર્ચામાં છે. અક્ષયની ફ્લોપ ફિલ્મોની યાદીમાં હવે મિશન રાનીગંજનું નામ પણ સામેલ થઈ ચૂક્યુ છે. મિશન રાનીગંજ બોક્સઓફિલ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી.


અક્ષયની સાથે આ ફિલ્મમાં પરિણીતિ ચોપરા સ્ક્રીન શેર કરતી નજર આવે છે. 'મિશન રાનીગંજ ધ ગ્રેટ ભારત રેસ્ક્યુ' કહાની પશ્ચિમ બંગાળના રાનીગંજની છે. વર્ષ 1989માં પશ્ચિમ બંગાળમાં રાનીગંજ કોલફીલ્ડના ધસવા દરમિયાન 65 ખાણ શ્રમિકોને ત્યાં પહોંચેલા એન્જિનિયર જસવંત સિંહ ગિલે પોતાની સૂઝબૂઝથી બચાવ્યા હતા. ફિલ્મમાં જસવંતનું મહત્વનું પાત્ર અક્ષય કુમારે નિભાવ્યુ છે. અક્ષય કુમારે ખૂબ સારી રીતે પાત્રને પડદા પર ઉતાર્યુ છે. તેમ છતાં ફિલ્મ લોકોના દિલ સુધી પહોંચી ન શકી.

આ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ લંડનની આસપાસના કસ્બામાં કરવામાં આવ્યુ છે. ખાણનો સેટ પણ ત્યાં બનાવવામાં આવ્યો. બાદમાં જેમાં અમુક સીન રાનીગંજ, ધનબાદ અને મુંબઈમાં શૂટ કરીને મિલાવી દેવાયા છે. ફિલ્મમાં અક્ષય કુમાર અને પરિણીતિ ચોપરા સિવાય રાજેશ શર્મા, રવિ કિશન અને કુમુદ મિશ્રા જેવા એક્ટર પણ નજર આવ્યા છે. અત્યાર સુધીમાં ફિલ્મ માંડમાંડ 40 કરોડ સુધીની કમાણી કરી શકે છે.

# સંજય કપૂરે કારકિર્દીમાં 'રાજા' અને 'સિર્ફ તુમ' બે જ ફિલ્મો હિટ આપી

અનિલ કપૂરે બોલિવૂડ પર ઘણા દાયકાઓ સુધી રાજ કર્યું ત્યારે તેમના ભાઈ સંજય કપૂરે પણ તેમના ભાઈની જેમ ફિલ્મોમાં કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. જોકે સંજય કપૂરને તેના ભાઈ અનિલ કપૂર જેવું સ્ટારડમ નથી મળ્યું. 17મી ઓક્ટોબરે સંજય કપૂર પોતાનો 58મો જન્મદિવસ ઉજવ્યો હતો. સંજય કપૂરને બોલિવૂડની હિટ ફિલ્મ 'રાજા' માટે યાદ કરવામાં આવે છે.

ડેબ્યુ ફિલ્મ ફ્લોપ થયા બાદ સંજય કપૂરની બીજી ફિલ્મ પણ એ જ વર્ષે આવી હતી. અભિનેતાની બીજી ફિલ્મ 'રાજા' હતી જેમાં તે માધુરી દીક્ષિત સાથે જોવા મળ્યો હતો. આ ફિલ્મ સુપરહિટ રહી હતી. આ ફિલ્મમાં તેના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી અને આ ફિલ્મના ગીતોએ પણ બજારમાં ઘણી ધૂમ મચાવી હતી, પરંતુ 'રાજા'ની સફળતાનો મોટાભાગનો શ્રેય માધુરી દીક્ષિતના નામે રહ્યો હતો.



આ પછી સંજય કપૂર ઘણી ફિલ્મોમાં જોવા મળ્યો હતો, પરંતુ તેની બીજી હિટ ફિલ્મ માટે તેને 4 વર્ષનો લાંબો સમય રાહ જોવી પડી હતી. અભિનેતાને તેની બીજી સફળ ફિલ્મ વર્ષ 1999માં મળી. 1999માં રિલીઝ થયેલી ફિલ્મ 'સિર્ફ તુમ'ને દર્શકોએ ખૂબ જ પસંદ કરી હતી અને આ વખતે અભિનેતા નવોદિત અભિનેત્રી પ્રિયા ગિલ સાથે જોવા મળ્યો હતો. બંનેની કેમેસ્ટ્રી ખૂબ જ જોરદાર હતી અને ફિલ્મે પણ ઘણી કમાણી કરી હતી. સંજય કપૂરે આખી કારકિર્દીમાં 'રાજા' અને 'સિર્ફ તુમ' આ બે જ ફિલ્મો હિટ આપી છે. આ સિવાય તેની એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર કઈ ખાસ કમાલ બતાવી શકી નહતી.

ગુજરાત વંદન
gujaratvandan.com

## અહીં દૂધ-ઘીની નદીઓ વહે છે.. કહેવત ગાંધીનગરના રૂપાલ ગામમાં સાર્થક થાય છે...

# પલ્લી પર આ વર્ષે અધધ...50 હજાર કિલો ઘીનો અભિષેક કરાશે!

**ખાસ અહેવાલ**

■ અતુલ્ય શ્રદ્ધા: લાખ્ખો લિટર ઘીના અભિષેક સાથે રૂપાલમાં નીકળશે મા વરદાયિની માતાની 'પલ્લી'

ગુજરાત | વંદન

ગુજરાતના પાટનગર ગાંધીનગરથી આશરે 15 કિલોમીટર દૂર આવેલ ગામ રૂપાલની જ્યાં સદીઓથી ઘીની નદીઓ વહેતી આવે છે. જે રીતે આખા વિશ્વમાં ગુજરાતના ગરબા ખૂબ પ્રખ્યાત છે તેવી જ રીતે આ ગામની પલ્લી આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે. જ્યાં માતા વરદાયિનીની પલ્લી નીકળે છે અને લાખ્ખો લીટર ઘીના અભિષેક સાથે આખાય ગામમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળે છે અને જેને જોવા દૂર દૂર દેશ વિદેશથી લોકો અહીં આવે છે. આ વર્ષે પલ્લી પર અંદાજે 50 હજાર કિલો ઘીનો અભિષેક કરવામાં આવશે એમ ગામના આગેવાન હિતેન્દ્રભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યુ હતું

સૌ પ્રથમ એ પ્રશ્ન આવે કે શું હોય છે પલ્લી? પલ્લી વિશે વાત કરીએ તો પલ્લી એટલે માતાજી માટે બનાવવામાં આવેલ ઘોડા વગરનો લાકડાનો રથ. એવો ઉલ્લેખ છે કે સૌ પ્રથમ સોનાની પલ્લી પાંડવો દ્વારા બનાવવામાં આવી હતી અને ત્યાર બાદ પાટણના રાજા સિદ્ધરાજએ ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવી અને હાલ સર્વધર્મ એકતાના પ્રતીકરૂપે આશરે 18 જ્ઞાતિના લોકો જેમાં બ્રાહ્મણ,વણિક પટેલ, સુથાર, પિંજરા, વાણંદ, ચાવડા, માળી, કુંભાર અને અન્ય સર્વે સાથે મળીને બનાવે છે. આ પલ્લી (રથ) બનાવવા માટે ગામના વાલ્મિકી ભાઈઓ ખીજડાનું ઝાડ કાપીને લાવે છે અને સર્વે આ રથને તૈયાર કરે છે ત્યાર બાદ વાળંદ ભાઈઓ વરખડાના સોટા દ્વારાઆ રથને ચારેબાજુથી સુંદર રીતે શણગારે છે. પલ્લીવાસમાં આ પલ્લીને લઈ જવામાં આવે છે જ્યાં માતાજીનો ગોખ અને છબી મુકવામાં આવે છે. પલ્લી મુક્તા પહેલા તે સ્થાનને અબોટ કરી ગંગાજળ, ગાયના છાણ અને ગૌ મૂત્રથી પવિત્ર કરવામાં આવે છે. કુંભાર ભાઈઓ પાંચ માટીના કુંડા રથ પર લગાવી જાય છે, પિંજરો કપાસ પૂરે છે અને પંચાલ ભાઈઓ લાકડાના ખિલા આપે છે તો માળીભાઈઓ ફૂલહાર





દ્વારા રથને શોળે કળાએ શણગાર કરે છે અને આ રથને સુંદર આખરી ઓપ આપતા તૈયાર થાય છે માં વરદાયિનીનો રથ એટલે પલ્લી. ગામના પંચોલી બ્રાહ્મણ માતાજી માટેનો પ્રસાદ બનાવે છે અને વાલ્મિકી ભાઈઓ ખીચડો અને નૈવેધ કરવાની છાબ તૈયાર કરી ચાવડા ભાઈઓને આપી આવે છે. આમ સર્વ ધર્મ, એકતા અને કૌમી એખલાસના પ્રતીક સાથે અઢારે જ્ઞાતિના લોકો માતાજીને પોતાની સેવા અર્પણ કરે છે.

શા માટે ઘી પલ્લીમાં ચઢાવવામાં આવે છે? રૂપાલની પલ્લીની વાત કરવામાં આવે તો પલ્લીની પ્રથા ચાલતી આવે છે કે લોકોએ જે અતૂટ શ્રદ્ધા સાથે રાખેલ બાધા કે માનતા પુરી થાય તે માટે પલ્લીમાં ઘી ચઢાવવામાં આવે છે બીજું જોઈએ તો જેમના ત્યાં સંતાન જન્મ્યા હોય તેઓ પણ પોતાના બાળકોને અહીં દર્શન કરાવવા માટે અચૂક લાવતા હોય છે જેના ભાગરૂપે બાળકની માતાઓ અહીં સ્તુતિવંદના કરે છે તો ગામની મહિલાઓ માથે ગરબો લઈ ગરબા રમે છે. ગામના યુવાઓ આ પલ્લીને એક ચોકમાંથી બીજા ચોકમાં લઈ જવાનું કાર્ય કરે છે. ખીજડા અને જ્વાળાના પૂજનથી શરૂઆત કરવામાં આવે છે પલ્લીને મંદિરમાંથી ચોકમાં લાવવામાં આવે છે જ્યાં પલ્લીમાં ઘીના અભિષેક કરવાનુ શરૂ થાય છે જ્યાં બાળકોને નમાડવામાં આવે છે.

પલ્લીના રથ પર પાંચ જ્યોત શેની ઝળહળે છે? રૂપાલની પલ્લીના રથ પર પાંચ પાંડવના પ્રતીકરૂપે જ્યોત ઝળહળતી જોવા મળે છે જેમાં માતાજી સ્વયં બિરાજમાન હોય છે તેના વિશે જાણીએ તો ઈતિહાસમાં તેના મહત્વ વિશે લખાયેલ છે કે દ્વાપરયુગમાં પાંડવો દ્વારા ગુપ્તવાસમાં જતા પહેલા પોતાના તમામ અસ્ત્ર-શસ્ત્ર ખીજડાના વૃક્ષ નીચે સંતાડી તેની રક્ષા માટે માતા વરદાયીનીને પ્રાર્થના કરી હતી અને ગુપ્તવાસ પૂરો કરી પુનઃ સ્થાને તેજ વૃક્ષ પાસે પરત ફર્યા હતા જ્યાં માતા વરદાયિનીનું સ્થાન હતું. રૂપાલની આસપાસનો વિસ્તાર એકદમ ગાઢ જંગલ હતો. તેઓ પરત ફરી ત્યાંથી પોતાના અસ્ત્ર-શસ્ત્ર પાછા લીધા અને માં વરદાયિનીના આશીર્વાદ લઈ પંચબલી યજ્ઞ કર્યો અને માતાજીને પંચદીપ સોનાની પલ્લી બનાવી તેંમની સામે મૂકી હતી. દર વર્ષે આસો સુદ નવમના રોજ ગાંધીનગરના રૂપાલ ખાતે પલ્લી યોજાય છે અને આ અતૂટ શ્રદ્ધા અને અસ્થાના અવસરમાં લાખ્ખોની સંખ્યમાં માઈભક્તોનું ઘોડાપુર દૂર દૂરથી ઉમટી પડે છે.

લાખ્ખોની સંખ્યમાં માઈભક્તો અહીં આવતા હોય કાયદો અને વ્યવસ્થા ન કથળે તે માટે પોલીસ, વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાય છે અને સચોટ સંચાલન કરવામાં આવે છે.

કોણ કરી શકે છે આ ચઢાવવામાં આવેલ ઘીનો ઉપયોગ? પલ્લીમાં લાખ્ખો લીટર વહેતા ઘીનો ઉપયોગ માત્ર ગામના વાલ્મિકી ભાઈઓ જ કરી શકે છે, અને પલ્લી જ્યારે ગામમાંથી નીકળે ત્યારે ગામના લોકો અભિષેક નથી કરતા પરંતુ બીજા દિવસે એટલે કે દશેરાના દિવસે મંદિરમાં પલ્લી મુકાયા બાદ તેઓ ઘી અર્પણ કરે છે. આ વર્ષે પણ ગાંધીનગરના રૂપાલમાં માતા વરદાયીનીની ભવ્ય પલ્લી યોજાશે અને લોકો આ ઉત્સાહ અને શ્રદ્ધાના અવસરને ઉજવતા માંના આશીર્વાદપ્રાપ્તકરશે.

### આ વર્ષે યાત્રીઓને ચા-નાસ્તો- શિરાનો મહાપ્રસાદ મળશે



રુપાલ ગામના અગ્રણી અને આયોજક હિતેન્દ્રભાઈ પી. પટેલે ગુજરાત વંદન સાથેની એક મુલાકાતમાં જણાવ્યુ કે "રૂપાલની પલ્લીમાં માઈભક્તો ચાલીને આવતા હોય છે તે માટે ગામના લોકોએ સર્વે મળી આ વખતે એક વિશેષ સેવા કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પગપાળા યાત્રીઓને ચા, નાસ્તો, શિરાનો મહાપ્રસાદ આપવામાં આવશે. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા પણ પૂરો સહકાર મળી રહયો છે. માતાજીની પલ્લીમાં 50 હજાર કિલોથી વધુ ઘીનો અભિષેક થશે"

---

**રાહુલ ગાંધીની જાહેરાત** | કેન્દ્રમાં સત્તા મળતા જ અદાણી સામે તમામ પ્રકારની તપાસ હાથ ધરાશે

# 2024માં સત્તા પરિવર્તન થાય તો અદાણી મુશ્કેલીમાં મુકાઈ શકે...!

■ હિંડનબર્ગના કારણે 2023નું વર્ષ અદાણી માટે મુશ્કેલ ભર્યું બની રહ્યું, હવે 2024માં પણ...?

ગુજરાત | વંદન





કેન્દ્રમાં સત્તા પરિવર્તન થાય અને કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષની સરકાર રચાશે તો ગુજરાતના એક ઉધોગપતિને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે કેમ કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે 2024ની ચૂંટણીઓમાં અમને સત્તા મળતા જ ઉધોગપતિ ગોતમ અદાણીના 32 હજાર કરોડના કોલસાકાંડનો તપાસ હાથ ધરવામાં આવશે, તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ગોતમ અદાણીમાં એવુ તે શું ખાસ છે કે કેન્દ્ર સરકાર સજ્જડ પુરાવા છતાં અદાણી સામે તપાસ કેમ કરતી નથી. ગુજરાતના આ ઉધોગપતિ માટે 2023નું વર્ષ મુશ્કેલીઓથી ભરેલું રહ્યું છે વર્ષની શરુઆતમાં 24 જન્યુઆરીએ હિંડનબર્ગનો રિપોર્ટ જાહેર થતાં જ અદાણીના શેરોમાં ધબડકો થઈ ગયો હતો અને વિશ્વના બીજા નંબરના ધનિક ક્રમાંક પરથી સડસડાટ નીચે ઉતરી ગયા હતા. 2024માં લોકસભાની ચૂંટણીઓ નિર્ધારિત છે અને જો તેમા વર્તમાન કેન્દ્ર સરકારને બહુમતી ન મળે અને વિપક્ષની સરકાર રચાય તો ગુજરાતના આ ઉધોગપતિ માટે 2024નું વર્ષ પણ આપત્તિ સમાન બની શકે એમ રાજકીય સૂત્રોનું માનવું છે.

24 જન્યુઆરી 2024ના રોજ હિંડનબર્ગ રિપોર્ટ જાહેર થયો જેમા અદાણીના શેરોમાં કૃત્રિમ ઉથલપાથલ કરવાના આરોપો લાગ્યા હતાં. હિંડનબર્ગ રિપોર્ટની અસર 5-6 મહીના રહી હતી ત્યા બાદ સેબીની તપાસ શરુ થઈ અને હવે યૂકેના ફાઈનાન્સિયલ ટાઈમ્સનો હવાલો આપીને રાહુલે નવેસરથી અદાણીને નિશાન બનાવવાની સાથે એમ પણ કહ્યું કે તેમણે અગાઊ 20 હજાર કરોડના કૌભાંડનો આરોપ લગાવ્યો હતો પરંતુ હવે તે 32 હજાર હોવાનું જણાવ્યુ છે. દરમિયાન અદાણી દ્વારા એવો ખુલાસો થયો છે કે તેમણે ખોટી રીતે નિશાન બનાવીને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. નોધનીય બાબત એ પણ છે કે ગુજરાતમાં અન્ય ઘંણા ઉધોપતીઓ છે તેમ છતાં અદાણીને જ નિશાન બનાવીને એક પછી એક આરોપો-આક્ષેપો થઈ રહ્યા છે.

દરમિયાનમાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અદાણી જૂથના વડા ગૌતમ અદાણી સામે ગંભીર આરોપો કરવાનું ચાલુ રાખ્યું છે. આજે એક પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, "દેશના વડાપ્રધાન હાલમાં અદાણીને બચાવી રહ્યા છે." અદાણીએ આયાતી કોલસાનું ઓવર પ્રાઈસિંગ કરીને લોકોને 12,000 કરોડની ખોટ કરાવી છે તેવા મીડિયા અહેવાલો પછી સરકાર અદાણી જૂથની તપાસ શા માટે નથી કરતી તેવો સવાલ રાહુલ ગાંધીએ કર્યો હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

## પિતાએ બાળકને આઠમા માળેથી નીચે ફેંકી કરી આત્મહત્યા

ગુજરાત | વંદન

નવસારીમાં એક ક્રૂર ઘટના સામે આવી છે. શહેરના એક દંપતિના ઝઘડા વચ્ચે એક માસૂમ બાળક ભોગ બન્યું છે. નવસારી જુનાથાના સરકારી વસાહતમાં રહેતા યુવાને પત્ની સાથે પોતાના બાળકને લઈ જવા બાબતે ઝઘડો થતા, પોતાના 4 વર્ષના માસૂમ પુત્રને આઠમાં માળેથી ફેંકી દઈ હત્યા કરી હતી અને આ ઘટના બાદ યુવકે પણ ખુદ બિલ્ડિંગ પરથી પડતુ મુકીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બાદ પોલીસે પતિ વિરુદ્ધ હત્યા અને આત્મહત્યાનો ગુનો નોંધ્યો હતો. મળતી માહિતી અનુસાર, નવસારી શહેરના જૂના થાણા વિસ્તારમાં આ પ્રકારની ક્રૂર ઘટના બની હતી. દંપતિના ઝઘડા વચ્ચે એક માસૂમ બાળકે જીવ ગુમાવ્યો છે. મૃતક બાળકની ઓળખ દ્વિજ ગોસ્વામી છે, જ્યારે તેના પિતા રાકેશ ગોસ્વામી કે જે વ્યવસાયે મજૂરી કામ કરતો હતો.

## ગયા વર્ષ કરતા આ વર્ષે ભાવમાં વધારો જોવા મળ્યો

# દશેરાએ અમદાવાદીઓ કરોડોના ફાફડા-જલેબી ઝાપટી જશે....!

ગુજરાત | વંદન

દશેરો એ અસત્ય પર સત્યને વિજય દર્શાવતું મહાપર્વ છે. આ વખતે દશેરા 24 ઓક્ટોબરના રોજ દેશભરમાં ઉજવાશે. વિજ્યાદશમી એટલે કે દશેરાની આનંદ-ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં શહેરીજનો દ્વારા વિજ્યાદશમી પર્વ સાથે પરંપરાગત રીતે જોડાયેલા ફાફડા-જલેબી અને ચોળાફળીની મન ભરીને લહેજત માણે છે. અમદાવાદીઓ આ દિવસે કરોડો રૂપિયાના ફાફડા- જલેબી ઝાપટી જશે.

દશેરાના દિવસે ઠેર-ઠેર ફાફડા જલેબીના સ્ટોલ જોવા મળે છે. એક દિવસમાં લાગતા આ સ્ટોલોમાં કોઈ મંજૂરી લેવાતી નથી. ઘણા સ્થળે તો શહેરના મુખ્ય માર્ગો પર સ્ટોલ લાગેલા હતા. બીજી તરફ શહેરના મુખ્ય બજારોમાં પણ દુકાનદારોએ પાર્કિંગ અને લોકોની અવર-જવરની જગ્યામાં જ સ્ટોલ લગાવીને ફાફડા-જલેબી વેચે છે.

આ વર્ષે પણ વધતી જતી મોંઘવારી ખાદ્યતેલ - ઘી તથા અન્ય સામગ્રીના ભાવમાં થયેલા વધારાના પગલે પ્રતિકિલો 40થી 50 રૂપિયાના વધારા સાથે ફાફડાનો ભાવ 450થી 550 સુધી જોવા મળી રહ્યો છે.

બીજી તરફ શુદ્ધ ઘીની જલેબી 1000ના ભાવે વેચાઈ રહી છે. જ્યારે સામાન્ય બજારમાં સરેરાશ જલેબીના ભાવ 600થી700માં મળી રહી છે.

### દશેરાના પર્વ પર કેમ ખાવામાં આવે છે ફાફડા-જલેબી?



જલેબી સાથે ફાફડા ખાવાના બીજા પણ કારણ છે. કહેવાય છે કે હનુમાનજીને ચણાના લોટની વાનગી ખૂબ જ ભાવતી. જલેબી સાથે જ્યારે ફરસાણ ખાવાનુ શરૂ થયું ત્યારે હનુમાનજીના પ્રિય ચણાના લોટના ફાફડાનું અવતરણ થયુ. અન્ય માન્યતા એવી છે કે નવરાત્રિમાં મોટાભાગના લોકો ઉપવાસ કરતા હોય છે. ઉપવાસ બાદ ચણાના લોટની વાનગીથી જ પારણા થવા જોઈએ. એટલે પણ કહી શકાય છે કે જલેબી સાથે ફાફડા ખાવાની પરંપરા શરૂ થઈ.

# હાર્દિક પટેલ સામે રાજદ્રોહ કેસનું વોરન્ટ રદ કરાયું

■ સુપ્રીમે કલમ 124એ ની બંધારણીય-કાનુની યોગ્યતા જ ચકાસવા કરેલા નિર્ણયથી અસર

ગુજરાત | વંદન

ભારતીય ફોજદારી ધારા (આઈપીસી)ની કલમ 124એ- હાલ સુપ્રીમ કોર્ટના વિચારણા હેઠળ છે અને સર્વોચ્ચ અદાલતે અગાઉ જ આ કાનૂન હેઠળ નોંધાયેલા તમામ કેસોની સુનાવણી પર 'સ્ટે' મુકયો છે તથા આ ધારા હેઠળ નવી એફઆઈઆર નોંધવા સામે પણ 'સ્ટે' છે જેના કારણે ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સમયે તે સમયના 'પાસ' કન્વીનર અને ભાજપના હાલના વિરમગામના ધારાસભ્ય હાર્દીક પટેલ સામે રાજદ્રોહ જે કેસ દાખલ થયા હતા તથા તેની સામે વોરન્ટ ઈસ્યુ થયું હતું તે ગુજરાત હાઈકોર્ટે રદ કર્યુ છે.

જો કે આ બિનજામીન વોરન્ટ હાર્દિક પટેલ જયારે ગુજરાત કોંગ્રેસ પક્ષના કાર્યકારી પ્રમુખ હતા તે સમયે ઈસ્યુ થયું હતું. હાર્દીકને 2015ના અનામત આંદોલન



સમયના એક કેસમાં રાજદ્રોહના ધારા હેઠળ જ બે વર્ષની જેલ સજા થઈ છે જેની સામે સુપ્રીમનો 'સ્ટે' છે અને તેને ચુંટણી લડવાની પણ મંજુરી મળતા 2022માં ભાજપમાં જોડાઈને વિરમગામની ટિકીટ મેળવીને તેઓ જીત્યા છે. હાર્દિક સામે અમદાવાદ કોર્ટે પણ અગાઉ બે વખત ધરપકડ વોરન્ટ ઈસ્યુ કર્યા જ હતા અને જાન્યુ. 2020ના પ્રથમ વખત તેની આ વોરન્ટ હેઠળ ધરપકડ થઈ હતી.

બાદમાં સુપ્રીમ કોર્ટે જ રાજદ્રોહના ધારા હેઠળની તમામ અદાલતી સુનાવણી પર 'સ્ટે' આપતા હાર્દીકના ધારાશાસ્ત્રી તેને આગળ ધરીને રજુઆત કરી હતી અને હાઈકોર્ટે પણ પ્રક્રિયા સામે જ 'સ્ટે' હોવાથી આ પ્રકારના વોરન્ટનો કોઈ હેતુ નથી તે મંતવ્ય સાથે વોરન્ટ રદ કર્યું હતું.

## ગાંધીનગરમાં રસ્તા બનાવવાનો માર્ગ મોકળો દશેરાથી 6 સેક્ટરોમાં નવા રસ્તાનું કામ શરૂ થશે

ગુજરાત | વંદન

ગાંધીનગરના તમામ સેક્ટરોના માર્ગો બિસ્માર હાલતમાં છે અને હવે લાંબા સમયથી વરસાદ પણ પડ્યો નથી તેમ છતાં રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં નહીં આવતા નાગરિકોમાં ભારે આક્રોશ છે જેના પગલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની સંયુક્ત બેઠક બોલાવીને પાણી તથા ગટરલાઇન નાખવાની કામગીરી પુર્ણ થઇ ગઇ છે થવા નજીકના ભવિષ્યમાં પુરી થવાની છે તેવા 6 સેક્ટરોમાં રસ્તાના કામો તાત્કાલિક હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. જે મુજબ દશેરાથી સેક્ટર-28 અને 29માં રસ્તાના કામની શરૂઆત થાય તેવી શક્યતા છે.

શહેરમાં આ વખતે પાણી અને ગટરલાઇનના ખોદકામને કારણે શહેરના રસ્તા બિસ્માર બની ગયા છે. લોકોના ઘર આંગણે પણ મોટા ખાડા પડી ગયા છે જેને કારણે વાહન વ્યવહાર તો ઠીક ચાલીને જવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ચોમાસામાં મોટાભાગના સેક્ટરોની હાલત બદતર બની ગઇ હતી. બીજીતરફ તંત્ર દ્વારા રસ્તાના રીપેરીંગ અને રીસર્ફેસીંગની કામગીરી ચોમાસું પુરૂ થવાની સાથે જ શરૂ કરવાની બાંહેધરી અપાતી હતી પંરતુ લાંબા સમયથી વરસાદ આવ્યો નથી અને સત્તાવાર ચોમાસુ પણ ક્યારનું પુરૂ થઇ ગયું હોવા છતાં શહેરમાં રસ્તા બનાવવાના કોઇ અણસાર જણાતા નથી જેના કારણે વસાહતીઓમાં ભારે રોષ ફેલાયો છે. મહાનગરપાલિકા દ્વારા રસ્તાના બે વખત ટેન્ડર બહાર પડાયા પણ કામ શરૂ થયું નથી.

આ સ્થિતિના પગલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલે મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ અને પાણી તથા ગટરલાઇનના કામ કરતા કોન્ટ્રાક્ટરોની બેઠક બોલાવી સમીક્ષા કરી હતી. જેમાં પાણી અને ગટરલાઇનની કામગીરી પુરી થઇ ગઇ છે તેવા સેક્ટર-27, 28, 29,30, 13 અને 14ના વિસ્તારોમાં પાણીની લાઈન તથા ગટર લાઈનની કામગીરી પુરી થઇ ગઇ છે અથવા તો પુરી થવાની તૈયારી છે જેથી આ સેક્ટરોમાં રોડનું કામ શરૂ કરી દેવામાં આવશે.

## ઉછીના પૈસા પરત ન આપતા મિત્રનું વાહન ચોર્યુ...

# રામોલમાં એક્ટિવાની ચોરી કરનાર આરોપીની પોલીસે કરી ધરપકડ

ગુજરાત | વંદન

અમદાવાદ રામોલ પોલીસે એકટિવા ચોરી કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી 30 હજારની એકટિવા પણ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.



આ કેસની વિગત એવી છે કે, રામોલ પોલીસકર્મી પેટ્રોલિંગ દરમિયાન સુરેલિયા સર્કલ પાસે બાતમી મળી હતી કે, ગીરીશભાઈ લાભુભાઈ પટેલ(51 વર્ષ) રહેવાસી, અમરાઈવાડી. ચોરીની એકટિવા લઈને પસાર થવાના છે. જેના પગેલ તે સ્થળ પર વોચ ગોઠવી હતી. જે દરમિયાન ચોરીની એકટિવા

...અનુસંધાન પેજ નં. 6 પર

## કેદારનાથ યાત્રામાં હેલીકોપ્ટર સેવાના ધાંધિયા બહાર આવ્યા

# નિયત દિવસે હેલીકોપ્ટર ન ઉપડે તો બીજા દિવસે નવેસરથી ટિકિટ લેવાની ફરજ પડાય છે

■ ઓનલાઈન બુકિંગ છતાં યાત્રિકોને ગરજ માટે બમણા પૈસા આપવા પડે છે, રોકણ વ્યવહાર થાય છે, એજન્ટ પ્રથા ચાલી રહી છે

ગુજરાત | વંદન

પવિત્ર ચારધામ યાત્રા પુર્ણતાના આરે છે અત્યાર સુધીમાં લાખો ભાવિક ભક્તજનોએ કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી-ગંગોત્રીના પાવન દર્શન કરીને ધન્યતા અનુભવી છે તો બીજી તરફ હેલીકોપ્ટર સેવાના સંચાલકોના કારણે કેટલાક ભાવિક ભક્તજનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે અને આખરે સ્થાનિક ધારાસભ્યની દરમિયાનગીરી ના કારણે કેટલાક ભક્તજનોને હેલીકોપ્ટર સેવા દ્વારા 4 ક્લાકમાં દર્શન થઈ શક્યા હતા.

### યાત્રિકોની મુશ્કેલીથી રાજ્યની છાપ બગડે છે....



ઉતરાખંડ કેદારનાથમાં સ્થાનિક ધારાસભ્ય શૈલા રાની રાવત ખુબજ ઉત્સાહિત અને યાત્રીકોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા હર હમેશ તૈયાર હોવાનો અનુભવ હેલીકોપ્ટર સેવાના સંચાલકોનો ભોગ બનનાર બે પરિવારોને થયો છે. આ પરિવાર દ્વારા સ્થાનિક ધારાસભ્યે સંપર્ક કરીને સગણી હકીકત દર્શાવામાં આવી હતી અને તેમણે જનસંપર્ક અધિકારી પપેન્દ્ર રાવતનું ધ્યાન દોર્યુ હતું તેમણે એ બાબતે પણ તેમને ફટકાર લગાવી કે ચારધામ યાત્રા માટે દેશના ખુણે-ખુણેથી આવતા યાત્રીકોની સાથે હેલીકોપ્ટર સેવાના સંચાલકોનું વર્તન મનસ્વી અને અયોગ્ય છે. તેનાથી ઉતરાખંડ સરકારની છાપ બગડે છે. તેમણે વિવિધ પરિવારને ન્યાય અપાવવા જાણ કરતા ચાર ક્લાકમાં હેલીકોપ્ટર સેવા દ્વારા દર્શન થઈશક્યા હતા.

હેલીકોપ્ટર સંચાલકોના ધાંધિયાના કારણે કેટલાય યાત્રીકોને આર્થિક રીતે પારાવાર મુશ્કેલીમાં મુકાઈ જવું પડતુ હોવાનું બહાર આવ્યુ છે.

હાલમાં ચારધામ યાત્રા કરીને પરત આવેલ બે પરિવારો દ્વારા 'ગુજરાત વંદન'ને પોતાની વિતક કથા જણાવવામાં આવી હતી. આ બે પરિવારોએ કેદારનાથ દર્શન માટે 3 મહિના પહેલાથી હેલીકોપ્ટર સેવા બુકિંગ કરાવ્યુ હતુ. પરંતુ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે એમ કહીને ઈન્કાર કરાયો કે હવામાન યોગ્ય નથી અને જે તારીખ



માટે બુકિંગ હતું તે દિવસે હેલીકોપ્ટર દ્વારા દર્શન થઈ શક્યા નહીં, પીડિત પરિવારએ હેલીકોપ્ટર સેવાના સંચાલકોને વિનંતી કરી કે આવતી કાલે દર્શન કરાવશો, પરંતુ સંચાલકોએ એમ કહીને હાથ અધ્ધર કરી દીધા કે

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009